કાળચક્ર

ઝવેરચંદ મેઘાણીની અંતિમ નવલકથા



VISIT…

LANZAROTE
Caliente.COM



ઝવેરચંદ મેઘાણી

જન્મ: ૧૭-૮-૧૮૯૬ મૃત્યુ: ૯-૩-૧૯૪૭

કાળચક્ર

ઝવેરચંદ મેઘાણી

ભારતી સાહિત્ય સંઘ લિ.
ભીમરાજ બિલ્ડિંગ, ૪૦૫, કાલબાદેવી રોડ, મુંબઈ ૨.
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી રસ્તો, અમદાવાદ.

પહેલી આવૃત્તિ

૯ મી એપ્રિલ, ૧૯૪૭

કિંમત

બે રૂપિયા

પ્રકાશક :
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ વતી
તારાચંદ માણેકચંદ રવાણી
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીમાર્ગ
અમદાવાદ

મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા, નોવેલ્ટી ટૉકીઝ પાસે
અમદાવાદ

નિવેદન

૧૯૪૩માં 'પ્રભુ પધાર્યા' લખ્યા પછી છેક ત્રણ વર્ષે મારા પિતાશ્રીએ એક નવી નવલકથા લખવા બેસવાની હામ ભીડી. લડાઈ, દુકાળ, કુઆવો, કાળાં બજાર, લોકક્રાંતિ, આઝાદ ફોજ વિગેરેનું વાતાવરણ એમના અંતરમાં ઘોળાયા કરતું હતું અને લખવા બેસે તો કેટલીય સામગ્રી મગજમાં તૈયાર પડી હતી. પરંતુ એમનાં આંગળાં 'રાઈટર્સ ક્રૅમ્પ' નામે દર્દથી જકડાઈ ગયાં હતાં, કલમ પકડાતી નહોતી, અક્ષરો મંડાતા નહોતા—એટલે આખી સળંગ નવલકથા શરૂ કરવાની એ હિંમત કરતા નહોતા.

કેટલાક મિત્રો આગ્રહ કરી કરીને એમને નવી નવલકથા લખવાનું વારંવાર કહેતા. આખરે ૧૯૪૬ના ઉનાળામાં એમણે આ નવલકથાનો આરંભ કર્યો અને 'ઊર્મિ' માસિકમાં એને ચાલુ વારતા તરીકે આપવાનું શરૂ કર્યું. અગાઉ

'જન્મભૂમિ' અને 'ફૂલછાબ'ની ચાલુ વારતાઓના અઠવાડિક હપ્તાની ઉઘરાણી શિર પર લટકતી હતી તેને કારણે પોતે અમુક નવલકથાઓ ઝડપભેર લખી શક્યા હતા તેમ આ માસિક હપ્તા પણ આંગળાંને ચાબૂક મારી મારીને એની પાસે નવી નવલકથા લખાવી શકશે એમ તેઓ માનતા હતા. એ રીતે ૧૯૪૬ના જુલાઈથી ૧૯૪૭ના માર્ચના અંક સુધીમાં એમણે આ કથાના આઠ હપ્તાઓ લખ્યા. પ્રત્યેક મહિનાનો હપ્તો એને છાપવા દેવાનો હોય ત્યારે જ એ લખવા બેસતા. કથાનો વિશાળ પટ એમના મનમાં ઝાંખો ઝાંખો દેખાતો હશે, બાકી દર હપ્તાના વિગતવાર પ્રસંગો તો દરેક મહિને એ હપ્તો લખતી વેળા જ તેઓ નક્કી કરી લેતા.

એટલે, આ વારતાને તેઓ કઈ રીતે વિકસાવવાના હતા તે ચોક્કસપણે કોઈ કહી શકે તેમ નથી — કારણ કે કદાચ ખુદ તેમણે જ એ ચોક્કસપણે વિચાર્યું નહિ હોય. એમની સાથેની સામાન્ય વાતચીતમાંથી એટલી ખબર પડતી કે આઝાદ હિંદ ફોજના અને ૧૯૪૨ની લોકક્રાંતિના પ્રસંગોને આ વારતામાં વણી લેવાની—અને કદાચ, નવલકથાઓની એક આખી હાર-માળા ઊભી કરવાની એમની ઇચ્છા હતી.

એમણે અધૂરી મૂકેલી કથા, જેવી છે તેવી, સ્વર્ગસ્થની પહેલી માસિક પુણ્યતિથિએ પ્રગટ કરી છે. પ્રત્યેક મહિનાનો હપ્તો 'ઊર્મિ'માં છપાઈ ગયા બાદ એમણે પોતાને હાથે તેમાં કરેલા કેટલાક સુધારાઓ પણ અહીં શામિલ કર્યા છે.

૯મી એપ્રિલ, ૧૯૪૭ — મહેન્દ્ર મેઘાણી

કાળચક્ર

: ક્રમ :

૧

હેમાણીની ખડકી

સૂરજ આથમ્યો હતો, છતાં એણે રાતના અંધકારની પાસે મીનો નહોતો ભણ્યો. છાતી પર ચડી બેઠેલ હરીફના દબાણ નીચે પણ પછાડા મારતા છોકરાની માફક સૂરજ પણ છેલ્લાં અજવાળાં ફેંકી રહ્યો હતો.

વિમળા હજુ પાછી ફરી નહોતી. એ બપોરવેળાની બહાર ગઈ હતી, સાથે ઉઘરાણીનો ચોપડો હતો અને એ ચોપડાના કરતાં ય વધુ કીમતી એવું જોબન એની સાથે હતું. પાસું કેરાળી જેવું ગામ હતું. લેઉવા કણબીની વહુઅરુંએ કુદરતે બક્ષેલા અને ભરતભર્યાં કપડાં થપાડાએ ભાંગી પડતાં રૂપના રેઢા ઘડા પાઈ પાઈને કેરાળીના જુવાનોને ઘમડી નાખ્યા હતા. ધોળે દિવસે અત્તરની શીશીઓ કણબણોનાં શરીર પર છંટાતી હતી અને સીમસેઢે તો શું પણ પાદરની નાળીઓને મોઢે પણ રંગીલાઓ આંટા ફરી ચેનચાળા કરતા. નાની ઉંમરના દીકરાઓને પરણાવનારા ખેડુ પિતાઓ એવાં

લગ્ન પોતાને જ માટે કરાવતા એવું છડેચોક કહેવાતું. એની વચ્ચે વિમળા ઉઘરાણી કરવા નીકળી હતી.

ચિંતા કરતી મા ઓરડા બહાર નીકળી શકતી નહોતી, કારણ કે પોતે ખૂણો પાળતી હતી. વિમળાના બાપાને ગુજરી ગયે ચાર મહિના થયા હતા; ને એક જ ઓસરીએ કુટુંબીઓનાં ચારેક ઘર હતાં. વરશી વાળ્યાં પહેલાં ફળિયું પણ વળોટાય નહિ.

છેવટે દિવસને રાત પૂછડી સુધી ગળી ગઈ ત્યારે ખડકી ખખડી.

'કોણ?'

'એ તો હું ઘેલી.'

એક જ ઓસરીએ આવેલા બીજા ઘરમાંથી બબડતા બબડતા એક પંચાવન વર્ષના આદમી ઊઠયા: આ તે હેમાણીનાં ખોરડાં સમજવાં કે વાઘરીવાડો સમજવો? અઢાર વરસની છોકરી રાતે પાટકવા નીકળે છે! હજી તો બાપની ચેહ ટાઢી પડી નહિ, ત્યાં તો બસ કોઈ દી' સામાં જ નો'તાં સજ્યાં જાણે!' એ બોલનાર વિમળાના ભાઈજી (બાપના મોટાભાઈ) હતા. ભાઈજી બોલતા બોલતા ખડકીએ પહોંચે એ પૂર્વે તો ભાઈજીના એ બડબડાટ બંને બાજૂએ પહોંચ્યા: ઓરડામાં ખૂણે બેઠેલી વિધવાને કાને, અને ખડકી બહાર ઊભી રહેલી વિમળાને કલેજે. એકના પતિની ને બીજીના પિતાની ચિતા બે જુદી જુદી જગ્યાએ જાણે પાછી પ્રજળી ઊઠી.

'અટાણમાં શીદ આવી, બાપ ? હજી નિરાંતે શેકાવું હતું ને ?' ખડકી ખોલીને ભાઈજીએ વિમળાને સત્કારી. ખડકી એ બંને ઘરને એક જ હતી.

વિમળામાં એક અવગુણ હતો, એ અધારે પણ દેખાયો. એના મોં પર મલકાટ રમતો હતો. એ ફક્ત એટલું જ બોલી : 'ધરમશી પટેલે માંડ પૈસા કાઢ્યા. ભાઈજી ! એની સાથે બહુ કડાકૂટ કરવી પડી.'

'સારું ! સારું ! તારા વિના એની ઉઘરાણી ન જ પતત. અમને ડોકરાઓને તો ધરમશી શેનો કાઢી આપે ?'

એ શબ્દોનો ગંદો મર્મ ન પકડી શકે એવી ઘેલી તો વિમળા, એનું હલામણું નામ 'ઘેલી' હતું તેમ છતાં પણ, અલબત નહોતી. એણે જવાબમાં ફક્ત ઓઢણાનો પાલવ જ સંકાડ્યો, અને એ અંદર આવીને સીધીદોર ઓરડે ચાલી ગઈ ત્યારે એના સાડલાના સરગટ નીચે એક હાથમાં કાગળિયાંનો જે સળવળાટ થયો તેને પણ ભાઈજીના સરવા કાને પકડી પાડ્યો. એ હતી સોએક રૂપિયાની નાની મોટી નોટો.

ખૂણામાં લપાઈને બેઠેલી માની સામે વિમળા ઊભી રહી, પછી બેસી ગઈ, ચોપડો મા પાસે મૂક્યો, અને રૂપિયાની નોટો નીચે મૂકીને મા આગળ ગણી દેખાડવા લાગી, છતાં મા મૂગી જ રહી. વિમળાને છેક બપોરથી લઈ સાંજ સુધીની પોતાની વિજય-વાર્તા માને સંભળાવવાની હૈયાથી હોઠ સુધી આવેલી હોંશ પાછી હોઠ અને હૈયા વચ્ચે જ આવજા કરતી રહી ગઈ. મૂંગી બેઠેલી બંને મા–દીકરીને કાને

હેમાણી–ખડકીના મોટા આગળિયારા અને ધીંગી સાંકળ બિડાવાનો અવાજ પડયો. ખડકી વાસવામાં ભાઈજી કોઈ મોટા સેન્ટ્રલ પ્રીઝનનો રાત–બંદોબસ્ત કરનાર જેલ–દરોગાનું સ્મરણ કરાવતા હતા. સાંકળ આગળિયારા વાસી કરી બરાબર વસાયું છે કે નહિ એ વિષે સાંકળ આગળિયારા ઉપર હાથ ફેરવી ખાતરી કરી પાછા ફરતા ભાઈજી લૂખસ ભરેલું શરીર ઝરડ ઝરડ ખજવાળતા પોતાની ગુપ્ત વાતનો ત્રાગડો ફરી સાંધતા હતા :

'હું શું મરી ગયો છું, બાપ ! ટપોટપ ઉઘરાણી પતાવી દેતો'તો. આંટા ખાઈ ખાઈ નવાં નકોર પગરખાં પણ ઘસી નાખ્યાં; પણ મારું કાંઈક મેલાપણું હીરું હશે તે દીકરીને ઉઘરાણીએ કાઢી. આજ જઈ ને મહેસૂલી સાહેબ પાસે ઊભી રહી છોકરી. મેં જાણેલ કે છોકરીના મોંમાં જીભ નથી, પણ આ અઢાર વરસમાં નહિ બોલી હોય એટલા તડાકા ત્યાં કચેરીમાં ઊભી ઊભી નાંખ્યા પાકરના હાકેમના સામે મારી આવી ગામના થાણદારને–ઈ નબેદમાં નબેદ અને નાગા માણસને–નાહક ત્યાં મોટા અમલદારની આગળ ગરાસાને દુશ્મન બનાવ્યો. મોટો અમલદાર તમારી ઉઘરાણી તતી ઘડીએ ચુકાવવાના હુકમ કાઢી ગયો એમાં વળ્યું શું? ગામ આખું મોંમાં આંગળાં ઘાલીને ખિખિયાટા કરી રહ્યું છે, બાપ ! બજારે નીકળ્યું જાતું નથી. જે મળે એને હોઠે એ જ વાત : 'અરે શેઠ ! હદ કરી તમારી ઘેલીએ તો ! વજુભાઈને–કાળમીંઢ પાણાને ઓગાળી નાખ્યો. વકીલ બારિસ્ટર કડાં કરડે એવી તો વાચા તમારી ઘેલીની ! થાણદારને તો ગાભાનો માનવી બનાવી દીધો તમારી

ઘેલીએ. હુશિયારીનાં આવાં વર્ણન હેમાણીના કુળની દીકરીનાં થાય એનો માયલો મરમ શું હું નહોતો પામી શકતો? હે...હે રણછોડરાય!'

એટલું બોલીને ભાઈજી ખાટલા પર બેઠા, ત્યારે એ ચુપકીદીના ગાળામાં દીકરી વિમળા પોતાની માતાનું મોં નીરખી રહી. બપોરવેળાનો જે ઈતિહાસ પોતે કહેવા ઉત્સુક હતી તે તો ભાઈજીએ જ ભાખી નાખ્યો હતો. મૂએલા બાપની બેટ્ટીનોમાં શેકાઈ રહેલી હૈયારાણી એ એક માત્ર આ મા-દીકરીનું જીવન-સાધન હતું. એની પતાવટ ભાઈજીને સોંપીને એક જ મહિનામાં મા દીકરીએ બિલાડીને દૂધ ભળાવ્યા જેવો અનુભવ કર્યો હતો. ભાઈજી સોના પચાસે પતાવી, પચાસ પોતાના ગજવામાં ટપકાવી પચીસ જ પત્યા એવો હિસાબ પોતાના નાના ભાઈની વિધવાને ભણાવતા હતા. એ સ્થિતિને પામી ગયા પછી જ માએ પુત્રોને હાથ ચોપડો પકડાવ્યો હતો. અને સાંજે જ્યારે ગામમાંથી એક બે જણાએ આવીને ઓસરીની કોરે બેસી ઓરડામાં લપાયેલી વિધવા પાસે વધારે વધામણી ખાધી કે ઘેલીઓ તો મહેસૂલી સાહેબની પાસે આજે રંગ રાખી દીધો, તમારી હૈયરાણીનું તો ઠીક પણ આખા ગામનું લોહી પીનાર થાણદારનો ઘડો ફોડી નાખ્યો, ત્યારે માતાને હૈયે આટલાં વર્ષે ધાવણનો પાનો ચડ્યા જેવું થયું હતું: એને ઘોકે ઘોકે મારો તો પણ જે ઘેલી લૂલી ન હલાવે તેવી ઘેલી અમલદારોની સાથે ભરવસ્તી વચાળે આટલી બધી વાણી ક્યાંથી લાવી હશે એનો વિધવાને ત્યારે વિસ્મય થયો હતો, પણ એ વિસ્મયનો,

માનનો, વહાલનો ચડેલો પાનો અત્યારે ઊતરી ગયો. ભાઈજીએ સાચું કહ્યું : હેમાણી–ફળિયાની પટારા જેવી કુળ-મરજાદમાંથી આજે પહેલી જ વાર પરણાવવા જેવડી પુત્રીએ મોટી માલમતાનું ખાતર પડાવ્યું હતું. વિધવાને દીકરી વિજયી દેખાતી મટી ગઈ: કોઈક એબવાળી દીકરી દેખાઈ. સૂરજ આથમે કે તુરત ભડોભડ દેવાઈ જતી, વીશ વર્ષની અતૂટ પ્રણાલિકાવાળી હેમાણી–ખડકી, કુટુંબના કોઈ મરદને માટે પણ રાતે ઉઘાડવી પડે એવા પ્રસંગો જૂજ જાજ હતા, (કારણ કે ફેરાળીમાં ૭૬ ની સાલમાં બહારવટિયા પડયા ત્યારે આ ઘર લૂંટાયું હતું.) એક યુવાન વયની અણુ-પરણી છોકરીને માટે ખડકી ઉઘાડવાનો આ પહેલો જ પ્રસંગ હતો.

ફળીને એક છેડે બાંધેલ ભેંસના રણકારથી મા–દીકરીના મૌનમાં મોટો ભંગ પડયો. એ બન્ને જણીઓને ભેંસ જાણે બોલાવતી હતી : 'ઝટ આવો, મારાં આઉં ફાટે છે અને મારી પાડી ભૂખી છે.'

એક તાંબડી માએ ને એક બીજી તાંબડી દીકરીએ લીધી, ટંકે અધમણ દૂધ કરનાર ભેંસને દોવી એ એક જણ માટે અશક્ય હતું. મા–દીકરીએ સામસામાં બેસી બન્ને આંચળ દોયાં ચાર શેડની મેઘવૃષ્ટિ ચાલતી હતી. દોનારનાં મોં મૂંગાં હતાં, પણ મન બોલતાં હતાં. (ભેંસ વિમળાના સાસરાની ભેટ હતી. એ ડમરાળાવાળા આ વાત જાણશે તો ? જેઠ એમને જણાવી દેશે તો ?)

ત્રીજા માનવી–ભાઈજી–નો રૂદો પણ એ જ રટણ કરી રહ્યો હોય, તેમ એમણે પથારીમાં બેઠે બેઠે પાછો ત્રાગડો આગળ કાંતવા માંડ્યોઃ

'મરનારો મુર્ખો હતો ત્યારે જ આમ બને ના? મેં એનું પચાસ વખત નાક કાપેલ, કે ભાઈ! હવે આ ડમરાવાળાની મધલાળ છોડી દે. જમાઈ માંદો રહેતો ત્યારે જ કહ્યું, તો કહે કે ભગવાન એને સાજો કરશે; જમાઈ સાજો થઈને કાઠીઓના કજિયામાં ઓરાઈ ગયો ત્યારે પણ મરનારને મેં ચેતવ્યો કે ભૂંડા! હવે ડમરાળાને શેઠ–ખોરડે દીકરીનો ચૂડો હેમખેમ નથી : તોપણ મરનારો વટ ન મેલે. એ યે પ્રત્યું, પણ હવે શું બાકી રહ્યું છે? ડમરાળામાં હવે કઈ સાયબી બેઠી રહી છે? ભાણાં ઉટકનારી એંઠી થાળીઓમાંથી લૂઈલૂઈને અરધું છાલિયું રોજ ઘીનું ભરી લેતી એ દા'ડા શેઠ–ઘરમાંથી આથમી ગયા; રહી છે એક સ્વામી વિવેકાનંદની ચોપડિયું. અને જમાઈ જઈ બેઠા સીંગાપુર. ત્રણ વરસ થઈ ગયાં. નથી કોઈ ખરખબર, નથી રેડિયો બોલ્યો કોઈ દી' કે સુમનચંદ્ર જીવતો છે કે મૂઓ. મારા છોકરા રોજ મુંબઈમાં રેડિયા ઉઘાડીને બેસે છે; બીજા કૈકના ખુશીખબર આવે છે, નથી એક એ ઓટીવાળેલનો પત્તો. કૈક ભૂખે મરી ગયા, કૈકને જાપાનવાળે પૂરા કર્યા. મરનારને કહી કહીને મારી જીભના કૂચા વળી ગયા કે ભાઈ, આપણાથી તો મોટા કૈંક જાટલીમેનુએ પણ બરમા, મલાયા ને જાપાન રહી ગયેલા જમાઈઓનાં નામનાં સ્નાનસૂતક કરી નાખી દીકરિયુંને બીજે દઈ દીધી, તું એક જ શીદને સદ્દાઈ પકડી બેઠો છે? દીકરાને કોઠીમાં ચાંદીને ક્યાં સુધી

રાખી મૂકીશ ? ને ને ક્યાંક કુંડાળે પગ પડી ગયો...'

ભાઈજીના પ્રત્યેક બોલને પકડતી બેઠેલી વિમળાની બે સાથળ વચ્ચેથી, આ છેલ્લા શબ્દ બોલતી વખતે, દોવાના દૂધની તાંબડી માંડમાંડ દળતી રહી ગઈ. એ ઊભી થઈ પણ પોતે જ હમણાં પડી જશે એવાં એને તમ્મર આવ્યાં. મા-દીકરી તાંબડીઓ લઈને ઘરમાં પાછાં પેઠાં. ભાઈજીની વાણી ગરમીનો પારો કમતી કરતી કરતી આગળ ચાલી :

'આમ કરવામાં આપણને કાંઈ ખોટ નથી, કાંઈ એબ નથી. ન્યાતે છૂટી કરી દીધી છે; અને ડમરાળાવાળા પોતે જ સામેથી કહી મેલે છે, કે સુમનની આશા ઓછી કહેવાય; તમતમારે તમારી તજવીજ કરી લેજો, એ છતાં ય મગનારનું મન ન કબૂલ્યું. તો ખેર ! એ બાપડાનો હવે તો કાંઈ દોષ ન કહેવાય. હવે તો વહુ ! બાપુ ! તમારે ને મારે લાંબો વિચાર કરવાનો છે; નીકર આવતી કાલથી ગામમાં કે પરગામમાં હાલવું જોખમભારે સમજજો. આજ જે મોભો તૂટ્યો છે તેના વળગરા ગામોગામ બંધાણા સમજી લેજો. વાઘ-દીપડો એકવાર કાચું લોહી ચાખે અને કુંવારી દીકરી આઝાદી ચાખે ઈ બેઈ સરખું.'

'આઝાદી' શબ્દનો આવા અર્થમાં પરિચય હમણાં હમણાં ભાઈજીને મુંબઈમાંથી અને બાજૂનાં મોટાં ગામોમાંથી ઠીક ઠીક થયો હતો. કુળવાન ઘરની નિશાળે ભણતી અગર તો સાંજે ફરવા નીકળતી, અથવા તો સભાસરઘસોમાં ઉઘાડે માથે બેસતી પુત્રીઓ વિશે કહેવાતું કે, 'એ તો આઝાદ છે, બાપલા આઝાદ.'

'હે…એ…એ કૃષ્ણવાસુદેવ?' એટલા શબ્દોથી પોતાના પ્રવચનની સમાપ્તિ કરીને 'ભાઈજી'એ શરીર પથારીમાં લંબાવ્યું, એ પછી મા દીકરીએ વાળુ કર્યું, દૂધ ઠાર્યું, જમાડ્યું, પથારીઓ કરી; એટલા એકએક કલાક સુધીમાં હરફ સરખોય ન બોલનારી વિમળા વિશે કોઈને પણ જો કહેવામાં આવે કે હજુ તો બપોરે જ એ રાજ્યના એક વડા અધિકારીની આગળ કડકડાટ કંઈ કંઈ બોલી હતી, અને ગામના થાણુદારનું પાણી માત્ર ઉતારી નાંખ્યું હતું, તો સાંભળનારો આપણને કહેનારને જ ભાંગ પીધેલા માને. વિમળા પોતે જ કદાચ એ વાત પર વિશ્વાસ ન મૂકે. માને પથારીમાં પડખાં ફેરવતી, લોચની ને ઘોડા ઘડતી રહેવા દઈ વિમળાએ સાડલાનો છેડો મોં પર ખેંચી લીધો. ઘોડિયામાં હતી ત્યારથી એ જ એની ટેવ, કપડાનો છેડો મોં પર ખેંચી લે, પછી વહેલું પડે સવાર!

વિધવા પડી પછી જેની શિખામણની ઘડી પછી ઘડી ઉખેળતી, સાચું છે, બરાબર છે, હવે બેઠાં ન રહેવાય, એવા ટપલા મનને મારતી રહી.

૨

ગોપાળભાનું ડમરાળું

વિમળાના ભાઈજીએ કહેલી એક વાત શબ્દેશબ્દ સાચી હતી. ડમરાળા ગામના શેઠ–ઘેરે, વાસણ ઊટકનારી કામવાળી અજીઠાં ઠામડાંમાંથી જે થીજી ગયેલું ઘી ઉખેડતી તેનું રોજ રાતે અરધું છાલિયું ભરાતું. ઘી ત્યાં રોટલીઓ પર નહોતું ચોપડાતું, ઘીની તો વાટકીઓ જ ભાણે મુકાતી અને એનાં બટકાં ઝબોળી ઝબોળી જમાતું હતું. સીંગાપુર ચાલ્યો ગયેલ બાવીશ વર્ષનો યુવાન સુમનચંદ્ર જન્મ્યો એ પૂર્વેની આ જાહોજલાલી એના પિતા દલભાઈને ઘેર જામી પડી હતી. એ જમાવટ કરનાર હતા ગોપાળ શેઠ. ડમરાળા નામના ગામ તો એ એક જ પંથકમાં બે ત્રણ હતાં. પણ આ ડમરાળા 'ગોપાળ શેઠનું ડમરાળા' એ નામે ઓળખાતું. અદાવતિયાઓએ એક વાર એવું ઉડાડેલું કે ગોપાળ શેઠ વાઘરણોને ગુજરાતમાં લઈ જઈ ઊંચા વર્ણોની કહી પરણાવવાના ધંધા કરનાર ટોળીના આશ્રયદાતા હોઈને તાલેવાન બન્યા હતા. બીજી વાર એવી વાત વહેતી મુકાયેલી કે એણે

તો એની એક ભાણેજના દરદાગીના ઓળવીને સાહેબી જમાવી છે. સાચી વાત એ હતી કે ધરતી ધનધાન્યે દૂઝતી એને હજુ ચાલીસી પણ નથી વીતી. ડમરાળાના ખેડૂતો પોતાની તમામ નીપજનો ગંજ ગોપાળ શેઠને જ વેચી દેતા : અને પાંચ ગાઉ પર આવેલા પ્રતાપગઢમાં એ અનાજ વેચી ગોપાળ શેઠ મોટો નફો કરે છે એ જાણવા છતાં ખેડૂતોને બહારોબહાર શહેરમાં પહોંચી ઊંચા ભાવ રળવાની કશી પડી નહોતી. કાળી રાતે કામ પડયે ખેડુ-કળને જવાબ આપતી ગોપાળ શેઠની કોથળી, ચુનંદુ બિયારણ એક ગોપાળ શેઠ સાચવતા. વીવા ટાણે વિશ્વાસપાત્ર સોનું રૂપું ગોપાળ ભાભાની પાસેથી જ મળી રહેતું. સંધીઓ પાસેથી ખેડુતો ગેલ્વશા લેતા એના કબાલા પણ ગોપાળભા જ કબૂલતા, એટલે સંધીએ આવીને કોઈ દેણદાર ખેડૂતને ઘેર એક કલાકને માટે પણ સાંઢિયાં ઘોડાં બાંધ્યાનો દાખલો બધાં ગામોમાંથી ફક્ત એક ડમરાળામાં જ શોધ્યો જડે તેમ નહોતો. માટે જ ગોળભાને ઘેર ધરતી દૂઝતી—પ્રાસવો મેલતી. ખેડૂતો ધરતીનાં વાછરડાં હતાં. વાછરડાંને ગોપાળભા પેટપૂર ધાવવા દેતા.

વર્ષને અંતે રાજ્યનું મહેસૂલ ભરવા ડમરાળેથી દરેક ખાતેદારને પ્રતાપગઢને ટાંપે જવું પડતું તે ગોપાળભાએ જ બંધ કરાવ્યું હતું. ગામ સમસ્તના બસો ખાતેદારોની મહેસૂલ વગેરે રાજલેણાંની ટીપ લઈને અમલદાર સામેથી ડમરાળે આવતો અને ગોપાળભા એકી રકમે એ આખું ગામ-મહેસૂલ ચૂકવી દઈ પ્રત્યેક ખેડૂને ખાતે પોતાના હવાલા નાખી લેતા.

'એલા હાલ તને મામલતદાર સાહેબ, ટપ્પેદાર સાહેબ, ફલાણો કે ઢીંકણો સાહેબ બોલાવે છે' એવું કોઈ ટપ્પાના થાણેથી ડમરાળે આવી શકતું નહિ, કારણ કે મિષ્ટાન જમવાની સ્વાભાવિક અમલદારી ઇચ્છા એ કોઈ પણ ટાણે ગોપાળભાને ઘેર જ્યારે આવે ત્યારે પૂર્ણપણે સંતુષ્ટ થતી; ઘઉં બાજરાના પોંક, શેરડીના સાંઠાના ભારા, તલ દાળિયાના લાડવા, હોકા માટેની કેળવેલી તમાકુ, ઘોડાનાં જીન માટેનું ચામડું, બળતણ અને નીરણનાં ભરોટાં, શિયાળુ ખાટલાનાં લુગડાં, એવી એવી અમલદારો તરફની ઝીણી મોટી ઉપદ્રવકારક માગણીઓ ડમરાળે આવી પહોંચે એ પૂર્વે જ વર્ષોવર્ષ ઉપલા ચાર–પાંચ અધિકારીઓને મોકલી દેનારા ગોપાળભાએ પોતાના પ્રત્યે આદરમાન ઉપરાંત એક પ્રકારની શેહ પેદા કરી હતી.

શેહ આ રીતે, કે સીધેસીધો વસ્તીના માણસ પાસે જો કોઈ અમલદારી માણસ જતો તો એની જાણ થતાં જ ગોપાળભા એને ડેલીએ બોલાવતા ને મીઠો ઠપકો આપતા કે 'કાં ભા, આંહી તમને કોઈએ ના પાડી ? આંહી પરભુનો પરતાપ છે.'

પણ એ પરભુના પરતાપ સુધી પહોંચવા માટે અમલદારને ગોપાળભાની ડેલીએ આવવું પડતું, બહારની બેઠકમાં રોકાવું પડતું, 'ગોપાળભા પ્રભુ પૂજામાં છે, બેસો હમણાં આવશે.' એવું સાંભળવું પડતું. ને છેવટે ગોપાળભા આવતા ત્યારે વસ્તીનાં લોક પાસેથી ધોકાવીને લઈ શકાય તેવી ચીજ માટે ભાને વિનંતિ કરવી પડતી. ભા આપતા

ત્યારે પણ કૃપા કરતા હોય એવા દેખાતા.

'પરભુનો પ્રતાપ છે' એ જ બોલ બા ગામમાં આવતા અભ્યાગતોને પણ કહીને દેતા. અમલદાર બેઠો હોય, એણે માગેલી ચીજને માટે 'હા, ભલે, પરભુનો પરતાપ છે.' એવો બોલ કહેવો હોય, તેજ વખતે કોઈ સાધુ આવીને માગે તેને પણ 'હા ભલે બાપુ, પરભુનો પરતાપ છે.' એવું બાનું વચન સડેડાટ અમલદારના મનમાં વાસો કરીને સમજાવતું કે આ દાતાર છે, વેહદાર નથી.

ગોપાળબાના પુત્ર દલભાઈની (મૂળ નામ દલીચંદ) આ જાહોજલાલીની વેળામાં હજુ ઊગતી જુવાની. લગન કરીને એણે રંગીલો રાહ લીધો. ઊંચામાં ઊંચી લીલાગર દલભાઈ માટે પાતાળ ફોડીને પણ પ્રત્યેક ઉનાળામાં ડમરાળે આવતી. આજથી વીશ વર્ષ પૂર્વેના ગામડામાં ખાસ મુંબઈથી મગાવાતી નીલગિરિની ચા વગર બીજો ચા ન કરનાર દલભાઈનો જોટો નહોતો. કેરીની મોસમમાં રેલગાડીનાં વેગનમાં બફાઈ આવતી બજારુ કેરીઓ નહિ પણ કરંડિયા-બંધ વકલ ને વકલ દલભાઈને ઓરડે આવી પડતા. અને રસની તાંસળીઓ સિવાય કદી કોઈ નાનું વાસણ ન પીરસાતું. અત્તરો લઈને અત્તરિયા પણ ડમરાળે ઊતરતા.

આ તેલ, અત્તર, આ કેરી, નિલગિરિની ચા કે ચુનંદી લીલાગર, એ દરેક વસ્તુ છેલ્લામાં છેલ્લી કઈ જાતની દલભાઈને ઘેર આવી છે એની જાણ ગામમાં ચાર પાંચ જણાને તો અચૂક રહેતી: બાવા લખમણપરીને, રૂખડ

ગોવાળને, પદમશી કણબીને, જૈતા ખાચર કાઠીને અને પીરમામદ સપાઇને, કારણ કે એ પાંચના સાથ વિના દલભાઈએ ઉપલી વસ્તુનો ઉપભોગ કદી કર્યો નહોતો. એકવાર દલભાઈનાં તાજાં જ આણુ વળી આવેલાં વહુએ દલભાઈને બેઠકમાંથી ઘરની અંદર બોલાવી ખાનગીમાં એમ સૂચના આપી કે 'આજના પાંચ પ્યાલામાં તમારો કપ આ જોઈને લેજો.' એમ કહીને એણે પૂમચામાં ભરેલા પાંચ કપમાંથી એક નિશાનીવાળો બતાવ્યો. પતિએ પૂછ્યું 'કેમ?' જવાબ મળ્યો કે, 'નીલગિરિની ચા ફક્ત એક તમારે પ્યાલે થાય તેટલી જ નીકળી છે. હજી પ્રતાપગઢથી નવું પાર્સલ આવ્યું નથી. બીજાને માટે ભૂકીની ચા નાખવી પડી છે.

'અને તમારો કપ?'

'આ રહ્યો. ભૂકીની ચામાંથી.'

'ઠીક, લાવોને એક તપેલી.'

તપેલી લઈને છયે છ કપ દલભાઈએ એમાં ઠાલવ્યા, પછી એ મિશ્રણના ફરીથી છ કપ ભર્યા, એક પત્નીને આપ્યો, બાકીના પાંચ પોતે બેઠક લેવરાવી ગયા.

પાંચ પંદર દિવસથી જ ઘરમાં આવનાર વહુને વરના બીજા એક સગપણની ખબર નહોતી વાશીદું કરનારી મેઘવાળ (હરિજન) ડોશીને પત્ની સૂચનાઓ દેવામાં 'ડોસી' 'ડોસી' કરે છે, 'ડોસી આ લે આ ખીચડી' એમ કહી આગલી રાતનું વધ્યું રાંધણું આપે છે, એ જાણી લીધા પછી દલભાઈ એક દિવસ ફળીમાં જઈ ઊભા અને રોજ

આવતી હરિજન ડોસીને પોતે ડેલી બહાર જ જે સત્કાર શબ્દ કહેતા તે પત્ની સાંભળે એમ કહ્યાં:
'જે સ્વામીનારાયણ પાનીકાકી, કેમ છે હવે મારા કલા કાકાને?

'જે સામીનારાયણ, ભાઈ!' ડોસીએ સાવરણો ઊંચે લઈ ઓઢાણું કપાળ સુધી ઉતારી, પચીસ વર્ષના ગોપાળ પુત્રની અદબ કરીને કહ્યું: 'હવે તો કાયા પાછી કડે થઈ છે, તમારી આપેલી દવા તો રામબાણ રોખી, હો બાપા!'

લ્યો પાનીકાકી, આ મારા કાકા સારુ લેતાં જજો. કહેતે કહેતે દલભાઈએ બે પાયરી કેરી ડોસીના ખોળામાં ઊંચેથી ટપકાવી, અને પાછાં ઘરને ઓટે આવીને પાણીની છાંટ લીધી.

હરિજનની આ છાંટ લેવી અને કાકા–ભત્રીજાનો સંબંધ રાખવો, એ બંને વાનાં ફક્ત એકલા દલભાઈને માટે જ નહિ પણ આખા ગામને માટે સ્વાભાવિક હતાં.

નવાં આવેલ વહુ ચતુર હતાં. સમજી ગયાં કે એ દિવસની ચાવાળી ઘટના પછીનો આ બીજો પાઠ પણ વરે પોતાને માટે જ ગોઠવ્યો હતો.

દલભાઈની બેઠકીડના પાંચે ગોઠિયા કાંઈ એની હેડીના જુવાન નહોતા. આપા જૈતો ખાચર પચાસને કાંઠે હતા અને પીરમામદ સપાઈ વનમાં પ્રવેશી ચૂકેલ હતો. જૈતો આપો પંદર સાલથી એકલવાયા હતા, બાઈનું કાંઈક હીણું હશે એટલે રજા દીધી હતી. નાવારસ જૈતાભાઈએ તમામ જમીન ગોપાળભાને ઘરે ગીરો મૂકી હતી અને એનો એકમાત્ર

રસ દલભાઈની બેઠકમાં બેસીને 'જેતા મામા !' એવું શેઠ-પુત્રના મુખનું સંબોધન પામવામાં રહ્યો હતો. એના રોટલા ટીપી દેનારી અને એના પ્રેમવિહોણા સંસારમાં થોડો ઝાઝો શૃંગારરસ સીંચનારી બાવણુ મોતીના મરી ગયા પછી 'જેતા મામા' હાથે જ બે રોટલા ટીપી લેતા, પણ માંદા પડતા ત્યારે ટૂંટિયાં વાળી પગથી માથા સુધી ધાબળો ઓઢીને ઘરમાં ભૂખ્યા તરસ્યા પડ્યા રહેતા.

ભાણું પિરસાવીને દલભાઈ પોતે મામાને ઘેર ખવરા-વવા જતા ત્યારે ગોપાળભાએ એક વાર ટકોર કરેલી કે 'માણસ તો આંગણે દસ મૂઆં છે' પણ બાને સામો ઉત્તર ન વાળવાની દીકરાની સાત વર્ષની વયથી પડેલી રસમ પચીસની વયે કંઈ પલટી નહોતી. તેમ બાની રસમ પણ જ્યારે હૃદયથી જ્યારે વાત થાય ત્યારે પણ એક જ વાર કહેવાની હતી. એ ય કહી મોઢામોઢ તો નહિ જ.

જેતા મામા તો કાચા હતા, પણ મામાનો તાવ ગાંડો હતો. તાવમાં બીજાને ભૂખ મરી જાય ત્યારે મામાને ભૂખ એવડી ઊઘડતી. દલભા ભાણું લાવીને જમાડે ત્યારે મામા, ના પાડતા, ન માનતા, પણ ભાણું પા કલાક મોડું પડે તો ગાળો સુધી પણ આગળ વધતા.

રાંડેલા પીરમામદનો છોકરો કપાતર હતો. છોકરાની વહુ સાસરે રહેતી નહોતી. 'હે સાલા બોણી વિનાના!' એ બાપના વારંવારના બોલે રહેમાનને ખરેખર બોણી વિનાનો કરી ઘર છોડાવ્યું હતું. જ્યારે જ્યારે બપોરે ચૂલો ફૂંકી ફૂંકી

એવટે 'હે સાલા! તેરે પર તો મેં પેશાબ કરતા હું' એવા શબ્દ સાથે ધૂંધવતાં છાણાં પર પાણીનું ટીનનું ડબલું રેડીને પીરમામદ ઘરની ઓસરીમાં નીકળતો ત્યારે કેમ જાણે બીબીએ મસાલેદાર રસોઈ 'મેરી સોગાન,' દઈ દઈ જમાડયા હોય એવા તોરથી ઓડકાર પર ઓડકાર ખાતો; એ જ વખતે પાછલા વાડામાંથી દલભાઈ છાનુંમાનું ભાણું લાવીને ઘરમાં મૂકતા, ને પીરમામદ જ્યારે 'મેં ખાયું, ભાઈની સોગાન હમણાં જ ખાઈને ઊઠયો.' એવી રકઝક કરતો ત્યારે દલભાઈ કહેતા કે 'ન ખાય તેને આવતા ભવની બીબીની સોગાન.'

'તો ઠીક દલભાઈ! બાપડી કોઈક મિયાંની બાળકીનો આવતો ભવ શીદ બગાડવો?' એમ કહી પીરભાઈ જમતો ને દલભાઈ પાડોશીઓ પીરભાઈની ઈજ્જત ન લઈ જાય એની ચોકી રાખતા બેસતા.

ગોપાળભાની કૃપાનિધાન કરડાકીમાં દલભાઈની આવી માનવતા મળી, એટલે ડમરાળા પરનો કાબૂ જડબેસલાક બન્યો. એવી સાયબી, સત્તા અને દિલાવરીની પૂર્ણ તપતી વેળાએ દલભાઈને ઘેર દીકરો સુમન જન્મ્યો. પણ સુમનને ધાવણ છોડાવવા સુધીની જ વાટ જોતી હોય એમ બરાબર દોઢ વર્ષે સુમનની બા જ્યાંથી આવી હતી ત્યાં ભગવાનને ઘેર-સિધાવી ગઈ. એના બારમાને દિવસે સાંજ પડી ન પડી ત્યાં તો મલબારકાંઠાની નાળિયેરીઓ જાણે કે ડમરાળે ડાળો લંબાવીને વરસી પડી! સગપણનાં આટલાં આટલાં કહેણની સામે 'જોઉં છું, વિચારું છું' એવો શબ્દ કાઢનાર દલભાઈ પર ગોપાળભા રાતાપીળા થયા. 'મોટો વિચારવાવાળો જોયો

ન હોય તો! આજ જેવી કાલ ન સમજતો. કાલ આપણે ઊડીને ગોતવા નીકળવું છે, એમ ના?'

અઠવાડિયું વીત્યું. હદ થઈ ગઈ. શ્રીફળો ઊભાં થઈ રહ્યાં હતાં. પ્રતાપગઢ સ્ટેશનની એક પણ ટ્રેન ખાલી નહોતી આવતી. બારબાર રૂપિયાની ઘોડાગાડી કરીને હાલાર, ગોહિલવાડ, ઝાલાવાડના ચમરબંધી ઊતરતા હતા. કોઈ કોઈની પાસે તો કન્યાના ફોટોગ્રાફ પણ હતા. જોઈ જોઈને દલભાઈએ ડોકી ધુણાવી.

'હા, હવે તો ઇંદ્રલોકથી નાળિયેર આવવાની વાટ જોઈએ.' ગોપાળભાએ એકલા બેઠેલ દલભાઈની પીઠ પાસેથી પસાર થતાં થતાં બરડા પર જાણે બરછી ચોડી. દલભાઈ હૈયામાં હસ્યા.

પખવાડિયું ને મહિનો થયો. દલભાઈ દાદ દેતા નથી. કઈ અપ્સરાની તપાસમાં છે? જૈતા મામાને અને પારભાઈને બહારગામ ક્યાં ક્યાં મોકલી રહ્યો છે? કુટુંબમાં કેમ કોઈને ભેદ દેતો નથી? એના ભાઈઓ, બનેવી, ભાભીઓ, બેનો, દીકરીઓ, આટલાં કળશી માણસોથી ચોરી રાખી રહ્યો છે. એવી તે કઈ ઇંદ્રપરી ઉતારવી છે? બા તપતા હતા, પણ પોતાની જે કડક આમન્યા પુત્રે ઊભી કરી હતી તે જ આમન્યા અત્યારે પુત્રને કોટકિલ્લા જેવી બની ગઈ. બાપ એ આમન્યાની ભીંતને ભેદી ન શક્યો. ગોપાળભાને ડર હતો. નરી એકલી:આમન્યા ઉપર તો એણે પોતે જ પોતાના વ્યક્તિપ્રકારનું ચણતર ચણ્યું હતું ઓછું બોલવું, ઓછામાં ઓછું મળવું, મેળાપ આપતા પહેલાં સામા માણસને ચોકી-

પહેરાથી આંજી નાખવો, સામો સો બોલ વેરી નાખે એ પછી પોતાનો એકાદ બોલ સંભળાવી પોતાના શબ્દોની ઊંચી કીમત અંકાવી દેવી. સામો માણસ પંગમાં અટવાય તેમ રસ્તા વચ્ચે ઊભો હોય એ છતાં કૂતરું પણ નથી એવી અદાથી એને લક્ષમાં લીધા વગર ચાલ્યા જવું, એ બધી ગોપાળબાની શેહની ચાવીઓ હતી. કોઈ પણ માણસ એનું વેણ ઉથાપે તો એટલામાં જ આ પ્રતિભાનું મોત હતું. મોટી બીક પુત્રનો આડો શબ્દ નીકળવાની હતી. એ નીકળે એટલે ખેલ ખતમ થાય!

બીજે મહિને હલભાઈ ડેલીમાંથી નીકળી એકલા સામેની ગામરસ્તા પરની અગાશી મેડી પર પથારી લેવરાવી ગયા. ને ત્યાં પાણીનું એક નાનું ગટકૂડું મુકાવ્યું. એક સાવરણી રાખી. એક માળા ખીંટીએ લટકાવી.

બાએ કારણ પુછાવ્યું. કહેવરાવ્યું કે 'આયુંવાળા ઘરમાં સંકોચ જેવું લાગે.'

મહિના પછી મહિના વીતવા લાગ્યા તેમ તેમ આહાર વિહાર અને લૂગડાંલત્તામાં, સર્પની કાંચળી કે પંખીનાં પીંછાં ઊતરી પડે એવી સ્વાભાવિકતાથી હલભાઈનું રંગીલાપણું ટપકતું ગયું. લીલાગર, કેરી, નીલગિરિની ચા, અને અત્તરનાં પૂમડાં, હલભાઈએ ત્યાગ્યાં નહિ પણ એ બધાં જાણે પોતાની મેળે જ પોતાની સાર્થકતા પૂરી થયે સરીને ચાલ્યાં ગયાં. જતાં જતાં એકેય સાવણીએ તકરાર તરફડાટ ન કર્યો.

પણ એ તો બહારનાં સાધન હતાં. હલભાઈનું ભીતર

એવું જ રંગીલું રહ્યું. પાંચે આમ-સ્નેહીઓ સાથેની બેઠક ચાલુ હતી. હાસ્યવિનોદ ચાલુ હતા. એ પાંચેને ખવરાવવું પિવરાવવું ચાલુ હતું. એમાં સાતમો આવ્યો હતો એક બાળક સુમન.

'પોતાને બાવા બનવું છે ને છોકરાની ટંટાળ કોકને ગળે પહેરાવવી છે, એમ કે ?'

ફરી ન પરણનારા દીકરાને ઘા મારવા માટે જ ભાએ આવું એક વાર કહ્યું. એ પછી સુમન, સુમનનું ઘોડિયું, સુમનનાં રમકડાં અને બાળોતિયાં, આ અલાયદી મેડી પર ક્રમે ક્રમે આવતાં ગયાં. વાંક તો એમાં સુમન પર જ ઓઢાડી દેવાયો. 'શું કરું ! મારો બેષ મેલતો નથી. આવો હરામનો હેડો થઈ જાશે એવી ખબર હોત તો સામું ય ન જોત. આ તો ચોંટી પડ્યો ! મારાં નિત્યનીમ રઝળાવ્યાં ! હું તો પાછો આ ટેટામાં લપટાણો ! મારો તો હિમાલયનો કેડો રૂંધાણો.'

ભાએ વિચાર્યું કે 'આ હિસાબે શું ખોટું છે ? ભલે રમાડતો. નીકર સાવ છેલ્લે પાટલે બેસી જાત. માથું મુંડાવીને નીકળી પડત તો હું ક્યાં આડા આગળા દેવા પહોંચત ! ભલેને ધુવે ગૂવાળાં ! એ તો મારા મોંમાનું કામ કરશે.'

ગોપાળભા આવી આશા બાંધવાને વખતે પોતે પોતાનો જ ઇતિહાસ ભૂલી બેઠા નહોતા. પોતે રાંડયા ત્યારે વય બત્રીસથી વધુ નહોતું, પરણવાની ઉત્કટ ઇચ્છા હતી, પણ ત્યારે એને

બે હજારની કોથળી ડાલવ્યા વગર કોઈ કન્યા દેનાર નહોતું; જ્યારે બે હજાર તો પાવલાં પણ એ દિવસે ઘરમાં નહોતાં. વળી વાઘરણો વેચનારી છૂપી ટોળીમાં ભળ્યાનો જોરદાર વહેમ એના પર તોળાઈ રહ્યો હતો. આજે જો દલભાઈ ન પરણે તો એ જૂની કડવાશ આપના જીવનને બગાડી નાખે એમ હતું.

૩

દાદાનો વારસદાર

અઢારેક વર્ષ પછીની એક બપોરવેળા હતી, ત્યારે એક ગાડું ડમરાળાની નજીકના નજુથળી ગામને ઉતારે આવી છૂટયું. એમાંથી ઊતરનારા બે જણા હતા, એક વીશેક વર્ષનો, નહિ પાતળો નહિ જાડો એવો, સહેજ ઝીણી આંખોવાળો, વેશપોશાકે વણિક તરીકે પરખાય એવો જુવાન હતો ને બીજો એક રાજ્યનો નોકર હતો. ગાડા સાથે ડમરાળાના બે શસ્ત્રધારી કાઠિયા રજપૂતો હતા. સવારીને ઓચિંતી આવેલ દેખીને ઉતારે માણસોની દોડાદોડ શરૂ થઈ ગઈ. ગામનો મુખી આવી હાજર થયો.

'કેમ મુખી!' વણિક જુવાને ઠંડા રુવાબથી પૂછ્યું: 'શું વિચાર છે ખેડૂતોનો?'

'પચાસમાંથી કોઈ સળવળતો નથી;' મુખીએ જવાબ વાળ્યો.

'બસ તો પછી, હાલો.'

'પાકું છે ના?'

'પચાસે જણ હજી કાચું સમજતા લાગે છે!'

'હા, છે તો એવું જ!'

'તો પાકું કરી બતાવિયે, હાલો.'

'મુખી, ગામ પસાયતા, ગાડામાં આવેલો દરબારી જપ્તી કરનાર, અને હથિયારધારી બે રક્ષકો સાથે વણિક જુવાન એ પછી જે ઘેરે જઈ ઊભા રહ્યા તેની અંદર એક ખેડુ, એક બાઈ, ને પાંચેક નાનાં મોટાં છોકરાં, આખી દુનિયાથી ડરતાં હોય એમ લપાઈ ગૂંચળું વળીને બેઠાં હતાં. એ કૂંડાળીની વચ્ચે એક માટીની કથરોટ હતી, કથરોટમાં તાજું ડાલવેલ મગમઠનું જુવાર ભેળવેલ ભરડકું ટાઢું થતું હતું તેની પણ રાહ ન જોઈ શકનાર એક છોકરું અંદર હાથ બોળીને દાઝવાથી બૂમો પાડતું હતું.

મુખીએ અંદર જઈને ખેડુને જાણ કરી, માબાપ છોકરાંને લઈ ઊભાં થયાં. અને એમણે બહાર આવતાં કથરોટ પણ ઉઠાવવા માંડી.

'એ ત્યાં જ રહેવા પડી,' કહેતો જુવાન વણિક ઉંબરમાં ઊભો રહ્યો ને ખેડુ કુટુંબ ખાલી હાથે બહાર ઓસરીમાં આવ્યું.

'ત્યાં નહિ, ફળિયામાં બેસો હમણાં,' એ શબ્દો પણ વણિક જુવાનના હતા. ટાઢ હતી, છોકરાં ઉઘાડાં હતાં. એમણે ફળિયામાં જઈ તડકે બેઠાં બેઠાં હાથની મૂઠીઓ બગલમાં દબાવી.

'હેં મા !' એક છોકરું પૂછતું હતું : 'આપણને દાણા લૂગડાં દેવા આવ્યાં છે ને ? બોલ્યું એણે ઓઢેલ છે ઈ હું જ લઈશ, હો મા !' છોકરાએ વણિક જુવાનના ગળા ફરતી પડેલી ગરમ શાલ દેખાડીને બખડાટ કર્યો.

'મૂંગાં મરોને, બાપુ !' એક સ્ત્રી એટલું જ બોલી શકી. પણ એમને પોતાને જ કાંઇક કૌતુક હોય, ચાલુ હાલતમાં થઈ રહેલ કોઈ પણ ફેરફાર એમને મન પ્રોત્સાહન-કારી હોય એવું એમની શાંતિ જોઈને લાગે, કારણ કે એઓ ચૂપ બેઠાં હતાં.

ત્યાં તો ખોરડામાંથી એક પછી એક ચીજ બહાર નીકળવા ને પેલા રાજના કારકુનની કલમે નોંધમાં ટપકવા લાગી : 'એક ગારાની કોઠી, એમાં મગ છે–આશરે કેટલા હશે, હેં મુખી ? બોલો, ને પંચના ભાઈઓ ! – સત્તર શેર અધમણ હશે ના ! – હાં, હવે મજૂસ તપાસો, એમાં એક થેપાડું – ભરત ભરેલું – એક કમખો – એ પણ ભરત ભરેલ – ત્રણ લીલી અટલસની આંગડી નાનાં છોકરાની – બહાર નાખો એ બધા લખાયા. અંદર ઊંડાણે જુઓને, હાથ નાખીને ! – ઈ ચીંથરીમાં શું છે ? – બસ, સોપારી જ છે ? – કંકુવાળી ? – પાવલા ભેળી છે – હશે પરણ્યાં તે દુની ! – ઠીક ઠામડાં ? બે ડોબારીથાં બીઓ છે ના ?–એક બોઘરું,–ચાર ગોદડાં – કાંઈ ફિકર નહિ, ગાભા હોય તો ગાભા, ઉપાડો, એ વગર નહિ ચાલે – ઠીક, ચાલો કોઢ્યમાં. બસ એક ભેંસ ને એક પાડરુ – ઠીક, છોડો ભેંસને, સાંકળ સોતી દોરી લ્યો.'

બેઉ કુટુંબના સાતે માણસોની આંખો, વશીકરણના

આકરા મંત્રને બળે દોરવાય તે રીતે, મૂંગી મૂંગી પ્રથમ તો પરસાળ પર વેરાયેલા ગાભા, ઠામડાં અને અનાજ પર ફરી વળતી છેવટે ભેંસનું નામ લેવાતાં ભેંસ પર ને પાડરુનો ઉલ્લેખ થતાં પાડી પર ઠરેલી હતી. કોણ જાણે કેમ પણ એઓ આ તમામ ક્રિયાને માત્ર તમાશા–રૂપે કે થોડીવારની મશ્કરી–રૂપે નિહાળી રહ્યા હતા. પણ જેવાં એમણે ભેંસ ને પાડરુ કોઢયની બહાર સાંકળે દોરાઈ જતાં દીઠાં તેવું તો સાતે જણાંએ ઓ – હો – ઓ – ઓ –' એવું એકસામટું પોકરાણ પાડયું.

વણિક જુવાનને પ્રથમ તો આ સામટું પોકરાણ પહેલેથી રિહર્સલ કરી રાખ્યા જેવું લાગ્યું. એ હસ્યો. હસતા દાંત એક પળમાં હોઠની પાછળ આડશ લઈ ગયા. અને એ ગાભા, ઠામડાં, ભેંસ તેમ જ પાડરુનું સરઘસ દોરી પોતે ઉતારા તરફ ચાલ્યો ત્યારે ગામડામાં છાકો બેસી ગયો.

અરધા જ કલાકમાં ગામના પચાસ ખેડૂતો એને ઉતારે હાજર થઈ ગયા અને પાઘડી ઉતારી બોલ્યા : ' સુમનભાઈ શેઠ, હવે બસ થયું. અમે ખડ ખાધું. હવે અમારી કોઈની આબરૂ લેશો મા ભલા થઈને, તમારું ચકત લેણું તમે કહો એ રીતે ચૂકવી આપિયે છિયે.'

' તો લાવો ઝટ, હાજર કરો. મારે મોડું થાય છે.' જુવાને કેવળ ચાનો પ્યાલો માગ્યો હોય એટલી હળવાશથી કહ્યું.

સાંઝ સુધીમાં તો એનું ચકત લેણું પાઈયે પાઈ વસૂલ થઈ ગયું, પોતાની જમીનનાં વાડીઓ ને ખેતરો એ

જ દિવસે બીજા ત્રીજા ખેડુતોનાં નામ પર કરી નાખી એ ફેરફારથી કોણુ રઝળી પડે છે અને જમીન પર કરેલી કોની મહેનત ફોકટ જાય છે એની કાંઈ પણ પરવા એણે રાખી નહિ.

'માધાએ ખેડી ખેડીને ઈ પશિયું ગાદલા રોખું કર્યું'તું, હો સુમન શેઠ'

'પદમો તમારી જમીનની આશાએ તો મરતો મરતો ય ઊભો'તો.'

'વશરામે આર નવા ગોધલા તમારી વાડીની આશાએ સંધી પાસેથી પરમ ને દહાડે જ લીધા, ભાઈ!'

'ઠીક કર્યું, મારે ગામનો સદ માપી લેવો છે.' એટલું કહીને એ છાંયો કરેલ ગાડે ચડીને ડમરાળાને કેડે પડ્યો, ગાડાની આગળ ને પાછળ એકેક બંદૂકદારનો બંદોબસ્ત હતો, ગામના પાદરમાં ખેડુતોનું ટૂંગ ઊભું હતું. બજારમાંથી ગાડાને નીકળતું દેખીને ચૂપાચૂપ બે પાંચ ખેડુતોએ એકબીજાને કહ્યું : તું કરશ ને ?' 'ના, તારું કામ,' 'હેડ, તેં માથે લીધું'તું ને ?' 'લીધું'તું, પણ હવે કાંઈ નૈ.'

પોણોસોએક ધીંગાં, લોખંડી શરીર એમ ગુસપુસ કરતાં ઊભાં થઈ રહ્યાં, અને ગાડું ચાલ્યું ગયું. સુમનચંદ્રના પેટમાં એ ધીંગરને જોઈને પાણી પણ હલ્યું નહિ. એની ટેવ પ્રમાણે, (એને પોતાની આજુબાજુની પરિસ્થિતિ જોખમી હોય ત્યારે ગળું ખંખારીને જોરથી થૂંકવાની ટેવ હતી) એણે એક બાજૂ થૂંકી નાખ્યું.

રાતે ઘેર જઈને એણે પોતાના દાદા ગોપાળભાને હિસાબ આપ્યો તેમાં રૂપિયા અઢીસો પ્રતાપગઢના મામલતદારને ચૂકવ્યાની વાત હતી. પચીસ રૂપિયા જપ્તી કરવા આવનાર કારકુનને આપ્યા હતા.

'ખાસું.' પોણોસો વર્ષના ભાએ પ્રસન્નતા બતાવી : 'બાકી સાધુ બન્યે જમીન ખાવા નહિ આપે કોઈ.'

દાદા અને પૌત્રની વચ્ચે જપ્તી વિષેની વિગતવાર વાત ચાલતી હતી તે દરમ્યાન એક પચાસ વર્ષનો માણસ ત્યાં ફરતો હતો. એણે એક ધોતિયું પહેર્યું હતું ને એક પનિયું ઓઢ્યું હતું. બદન પર બાસાબંડી હતી. એના માથા પર સ્વચ્છ ટાલ હતી. ગોપાળભાના આ શબ્દ એણે સાંભળ્યા હતા. 'સાધુ બન્યે જમીન કોઈ ખાવા નહિ આપે.' સાંભળીને એનું મોં મલકાયું હતું. જુવાને એક ગરીબ ખેડૂતને ઘેર કરી કરી તે વૃત્તાંત પણ એણે શાંતિથી સાંભળ્યા કર્યો, પછી એ ડેલી બહાર પોતાની અલાયદી મેડીએ ચાલ્યો ગયો. એ હતા સુમનચંદ્રના પિતા ને ગોપાળભાના પુત્ર હલભાઈ પોતે જ, જેને આપણે અઢાર વર્ષોથી ઓળખ્યા છે. સુમનને મોટો કરીને એણે પિતાના હાથમાં પાછો સોંપ્યો છે. પોતે તો પેલી અલાયદી બંગલીમાં, ડેલીની બહાર જ રહે છે.

રાતે આવી સુમનચંદ્ર દાદાની સાથે વાળુ કરવા બેઠો. દાદા અને પૌત્ર બન્નેના પાટલા પર મોટા ખૂમચામાં જમવાનું પીરસાણું તેમાં દોઢ શેર દૂધના મોટા કટોરા અને

ઘીની ભરેલી અકેકેક વાટકી મૂકવામાં આવી વતી. ગોપાળ-ભાએ ખીચડીમાં નાખતાં વધેલું ઘી દૂધમાં રેડીને પ્રાશન કર્યું. સુમનચંદ્રને વારસામાં દાદાનું શરીર સાંપડયું હોઈને દૂધ–ઘીનો આહાર મોટો હતો, પણ એ રાતે ઘીની વાટકી તરફ એનો હાથ ગયો જ નહિ.

'ઘી ખાઈ જા, એલા! ઘી કેમ નથી ખાતો?' ગોપાળભાની નજર ગઈ.

'ના. પેટમાં બાદી છે.'

'અરે મૂરખ, બાદી માથે તો ઘી ખાવું જોઈએ. બાદી તોડી નાખે.'

'ના, આજ તો નહિ પચે, દાદા.'

'ઠીક, આંઇ લાવ વાટકી.'

પોતે આખી વાટકી ચાટી ગયા અને હાથ ધોઈને માથે, મોંયે, કાંડે, કોણીએ, ઘીનું 'સ્પન્જિંગ' કરી નાખ્યું.

વાળુ દરમ્યાન સુમનચંદ્રે પૂરા તોરથી હકીકતનું નિવેદન કર્યું હતું. એ આ પ્રમાણે હતું: 'મામલતદાર નવો આવ્યો ખરોને, દાદા? એટલે મારી આગળ સહુની પૂંછડી થાતો'તો. પ્રતાપગઢ જઈ હું તો ઘોડો જ એને ઘેર હાંકી ગયો. માણસ કહે કે સાહેબ પૂજામાં બેઠા છે. હું બેસી રહ્યો, પણ સાહેબની પૂજા ખૂટે નહિ. દોઢ કલાક રોકાણો. પછી તો મેં ઓરડામાં સાહેબ પૂજા કરતા હતા ત્યાં જઈને એના દેવ સહજાનંદની છબી પડેલી તેની

સન્મુખ જ એ લીલી નોટ ધરી દીધી, પછી તો એણે પૂજા તરત સંકેલીને જપ્તીના કાગળ પર મતું મારી દીધું.'

'હ–હ–હ–હ' ડોસાએ હસીને કહ્યું: 'કોઇ અમલદાર પોતે ખાય, કોઈ અમલદારની બાયડી કાપડા તરીકે ખાય, કોઇ અમલદારના દેવ ખાય. આપણે તો જે કોઈ ખાતું હોય તેને ખવરાવિયે બેટા!'

વાળુ કરીને બંને બેઠકે આવ્યા ત્યારે નજીકનાં ગામડાંના બે ત્રણ વેપારીઓ આવી બેઠા હતા. એમને જોતાં જ ગોપાળભાએ પૌત્રને કહ્યું: 'કાલ આ ત્રીકમજીને લઈને તારે પ્રતાપગઢ જવાનું છે. ટપેદાર ત્રીકમજીનું ને એના ખેડુનું ચોળીને ચીકણું કરે છે. એમ થાશે તો તો વાણિયાના દીકરાના રોટલા ગામડે ગાગડે ટળી જશે. બાળજો એનું મોઢું પચીસ પચાસે. અને આ રાયચંદનું બોલી બાંધણુ લોઇ પી રહી છે, સલમાન ખેડુની રંડવાળ. નામામાં કાંક વિગતફેર થઈ ગયો હશે એમાં તો કોરટે ચડી છે. નાથો વકીલ પડખે ચડી ગયો લાગે છે. કહેજે જઇને કે કોડા, કાગડો કાગડાની માટી ખાય કે? વેપારીનો દીકરો ઊઠીને વેપારીનું જ પેટ ફોડવા બેઠો છે? ન માને તો પછી ન્યાયાધીશ સુધી ડોકાઇ આવજે. બેવડે દોરે કામ રાખવું; કેસ પણ લૂલો કરાવવો, અને ન્યાયાધીશને તો નોતરું જ દઈ આવજે કે રૂપાત્રાવની જાત્રાએ આવે, ને રોટલા ખાવાનું આંહીં જ રાખે. એનાં કોક સગાં આવ્યાં તો હશે જ ના? જાત્રાનો પૂરો ચરસડો છે નાગર. રોજ તો રોજ કહિયે આવે. એ તો આંઇ આવશે ત્યારે ચૂરમું જ એનું મોઢું ભાંગશે. ઠીક, હું ત્યારે ઊંઘી જાઉં છું.'

ભા ગયા પછી ત્રણે વણિકોને લઈ સુમનચંદ્ર બેઠો; દરેક કિસ્સાની વિગતો સમજી લીધી; કહ્યું: 'આટલું બધુ ત્રણેનું બોદું ?'

'છે તો, ભૈસાબ, એમ જ;' ત્રીકમજીએ કબૂલ કર્યું.

'આમ ક્યાંસુધી ચલાવવું ધાર્યું છે ?'

'ગાજરની પપૂડી છે આ તો ભાઈ.' રાયચંદ પણ માની ગયો; 'તમારો વશીલો છે, તમારી હાક લાગે છે, એટલે વાણિયા રળી ખાય છે પેટિયું.'

'પેટિયું ? કે પટારા ?'

'એમ ગણો તો એમ' રાયચંદ હસ્યો.

'હવે લાંબું નહિ ચાલે, હો, ત્રીકમજી કાકા, ને એકાએક ભીંસાઈ જશે વાણિયા.'

'જાણીએ છીએ, એટલે તો છોકરાંઈને અંગ્રેજી ભણાવવા મંડ્યા છિયે.

'ઈ તો ભાઈ, જે તારું થશે તે અમારાં છોકરાનું થશે.'

રાયચંદ શેઠનો ઘા સુમનચંદ્રને કલેજે પડ્યો. બે પળ કળ ઊતરતાં એણે કહ્યું: 'મારું પણ આભા કેડી રહ્યું છે, રાયચંદ મામા! હવે આબરૂનાં કાંગરાં ડોલે છે. હવે ઝટ સંકેલો કરિયે આપણે સૌ, છોકરાઓને તો બહાર કાઢિયે આ નરકમાંથી.'

'ઈ જ કરી રહ્યા છિયે, ભાઈ! મોટાઓને તો દેશા-

વર ધરેલી પણ દીધા છે. બે પાંચ વરસ અમારી બાજી સાચવો, વધુ તો અમારાથી પણ ખેંચાશે નહિ.'

'મને એટલું ખેંચાવાની પણ આશા નથી. ઠીક, હવે સૂઓ.'

રાતે ગોપાળબા સૂતા પહેલાં પાશું શેર કઢેલ દૂધ ગટગટાવી જઈને શાંતિથી ઢોલિયામાં બેઠા—માળા ફેરવી અને પછી પૌત્રના વિચારે પ્રસન્ન બનતા બનતા કાગાનીંદરમાં લહેરાવા લાગ્યા. પોતે કરેલી જમાવટને માથે સોનાનું ઈંડું ચડાવનાર પૌત્ર સુમન, એ એના જીવન–સાફલ્યની પરાકાષ્ઠા હતી. સુમન જો ન હોત તો શી ગતિ થાત?

સુમનમાં પોતાની કંટાઈ, કરપાઈ અને વટનો વારસો ઊગી નીકળ્યા બદલ ડોસાએ માળા ફેરવતે ફેરવતે પોતાના ઇષ્ટદેવનો વારંવાર પાડ માન્યો.

ત્રણે મહેમાનોને સુવરાવીને સુમનચંદ્ર પોતાને ઓરડે ગયો ત્યારે એના માણસે આવીને ખબર આપ્યા: 'બાપુજી તો કોઠારમાંથી ગાડું ભરાવે છે.'

બાપુજી એટલે હલબાઈ.

'શેનું?' સુમનચંદ્રે વિના આશ્ચર્યે પૂછ્યું.

'એક ગુણ બાજરાની, એક ગુણ જારની, બે ભીલી ગોળ, પચીસ હાથ પાણકોરું, બીજી સટરપટર ઘરવખરીની ચીજો.'

'ક્યાં મોકલે છે?'

'રણુથળી.'

'ઠીક, બીજી એક ગુણ વધુ ચડાવી દ્યો ગાડે. ને એક જોડય જાડા સાડલાની પણ મુકાવજે ભેગી. કહેતો નહિ બાપુજીને કે મેં મુકાવ્યું છે. ક્યારે મોકલે છે?'

'પરોઢિયે. પોતે પણ જોડે જવાના.'

'સારું. સાથે કોણ જાય છે?'

'કોઈને લઈ જવાના નથી.'

'ઠીક, ખુમાણુશંગને કહેજે કે ઘોડીએ ચડી પાછળ પાછળ જાય, છેટો રહે, ને ભેગી જોટાળી રાખે, દારૂગોળી ન હોય તો કાઢી દેજે.'

ગોપાળભા ઊંઘી ગયા હતા ત્યારે સુમનચંદ્ર પોતાની મેડીએ બેઠો બેઠો પોલીસના ઉપરી પર એક અરજી લખતો હતો. એમાં એક રિવોલ્વરની અને એક કારતૂસવાળી બંદૂકની માગણી હતી. કારણમાં જણાવ્યું હતું કે અમારે ત્યાં જેમની જમીનો મંડાણમાં છે તે ગરાસિયાઓ અવાર નવાર જાસા મોકલે છે, અસુર સવાર ખેતરો ભેળાવે છે, અને અમારા ખેડુતોની ભાત લઈને સીમમાં જતી બાઈઓને કનડે છે.

એ લખીને પોતે બારી પર મૂકવા ગયો ત્યારે પાછળના વાડામાં ઊભેલી એક ભેંસ જોરથી ભાંભરતી હતી. પોતે ઓળખી: રણુથળીથી જપ્તીમાં આણેલી તે જ ભેંસ!

'એલા કાળુ!' એણે ગોવાળને બૂમ પાડી: 'આને કડબ નીરી છે?'

'હા ભાઈ.'

'ત્યારે કેમ ભાંભરે છે?'

'ખાતી નથી.'

'છાહટિગો નીર. રજકો નીર.'

'નથી ખાતી'

'પાણી પાયું છે?'

'ન પીધું.'

'આમ કેમ ભાંભરે છે?'

'એ તો ભાઈ, સાંઝુની બાંબરડા દે છે.'

'મેં તો હમણાં જ સાંભળ્યા!'

ગોવાળે જવાબ દીધો નહિ. સુમનચંદ્ર શરમાઈ ગયો. કાગળ લખવામાં એ મશગૂલ હતો તેથી ભેંસની ઉગ્ર ચીસો પણ સંભળાઈ નહિ!

ગોવાળ બોલ્યો: 'બેચાર દી તો એને એવું રે'શે ભાઈ, પછી આ ઘરને હળી જશે.'

'ઠીક કહીને એ સૂતો, ઊંઘ તો સારી આવી ગઈ, પણ વચ્ચે વચ્ચે જાગી જતો ત્યારે ભેંસના ભાંભરડા કાનમાં રેડાતા. બેઉ કાન પર અકેક બાલોશિયું દબાવીને એ ઊંઘ્યો.

૪

બે દૃશ્યોની સમસ્યા

અનાજ અને બીજી વસ્તુઓથી ભરેલ ગાડું પરોઢિયે રણુથળી ગામને કેડે ચાલ્યું જતું હતું અને દલભાઈ ગાડાની બાજૂએ બાજૂએ પગે ચાલ્યા આવતા હતા. હાંકનારને ખબર હતી કે દલભાઈને ગાડામાં બેસી જવાનું કહેવું વ્યર્થ છે. મોંમાં દાતણનો જાડો કૂચો ચાવતા ચાવતા એ હજુ ક્ષિતિજ પર આથમતી 'હરણ્યું'ના છેલ્લા બે તારા પર તાકતા જ આવતા હતા. ગાડીવાનને ખબર અપાયા વગર પણ ખાતરી હતી કે દલા શેઠ આ બધો સરંજામ રૂપાવાવની જગ્યામાં પહોંચડાવવા લઈ જાય છે, અને એ લઈ જવાનું કારણ પણ એણે કલ્પી લીધું હતું એટલે એણે વાત પણ ચાલુ કરી :

'રૂપાવાવનો પરચો તો બધાને માથે હાજરાહજૂર છે, દલભાઈ, પણ આપણે ખોરડે તો બજરંગની અદકી મે'ર છે; નીકર કાલનો મામલો તો ભાઈને માથે વસમો ઓછો હતો ! રણુથળીના કુલહોલ ખેડુ ફરન્ટ થઈ ગ્યા'તા. આજકાલ ખેડુલોકનો માઠો દા'ડો બેઠો છે. અઢાર–વીસ વરસ

બેરૂખી વાતુનાં તો આજ સોણલાં જ રહ્યાં. ખેડૂતો પેટના દીકરા જેવા હતા તે આજ દૂધ પાઈને સાપ ઉછેર્યા જેવા બન્યા. ચોર ચોરના દીકરા! ચોરટાવેડા અને છિનાળાં–એ બ વાતે બૂરી દાનત થઈ ગઈ, બાપુ! નીર નવાણે ગ્યાં ને ધરમ ઠેકાણે ગ્યાં; નીકર ગોપાળભાને કોઠારે જાણે ગંજ ઠાલવી જનારાઓ આજ જપતિયુંના જોડા ખાવા જેવા ઊંધા ધંધા આદરે કાંઈ! દાનતચોરના હવાલ પણ પછી કેવા થાય?"

હાતણનો ડોયો ધીરે ધીરે મોંમાં ફેરવતા દલભાઈનું દિલ આ ગાડીવાનના પ્રલાપથી દુભાતું પણ નહોતું, રીઝતું પણ નહોતું. બે દાયકા પૂર્વેની પરિસ્થિતિમાં આવેલો પલટો એને આઘાત કે ઉત્પાત પહોંચાડતો નહોતો. વહુ ગુજરી ગયાં ત્યારથી દલભાઈ જમાનાના નાટકના માત્ર પ્રેક્ષક જ રહ્યા હતા. પિતા ગોપાળભા શું કરે છે એ એણે નિર્મમ નજરે નિહાળ્યા કર્યું હતું. આવડા નાનકડા કુટુંબનો વ્યવહાર ચલાવવાની કોઈ મુશ્કેલી નહિ છતાં જમીનો પર જમીનો મંડાણમાં લેવાની પિતાને શી જરૂર પડી છે એ એને સમજાયું નહોતું, પણ કોઈ કોઈ વાર એને કલ્પના થતી કે ધરતી તો મા છે, માશૂક નથી; ધરતીને બથમાં જ લીધે જનાર માણસ એનો ભોગી છે–અનાચારી છે; પણ બાપુને વરસોવરસ વધુ ને વધુ બાથ પહોળાવવા કેમ સૂઝતી હતી? બાનું અવસાન બહુ જ જુવાનવયે થયું એની તો આ અતૃપ્ત વાસના નહિ હોય? બીજી વાર પરણવાની જોગવાઈ ન પામનારો પિતા અતૃપ્ત હતો માટે તો પૃથ્વીને બાઝવા દોડી રહ્યો હોય!

હશે, પણ મારા સુમનનું શું સમજવું? એ તો મારો પુદ્ગળ છે, મારું લોહી છે, મારો ઉછેર છે. એને આજ આ શી ઘેલછા લાગી કે મારો છાંયો સરખો યે લેવાને બદલે મારા પિતાના જ રંગે રંગાઈ ગયો? જપ્તી વિના બીજો ઘા નથી કરતો; અમલદારોને તો ખરીદીને ખીસામાં મૂકી રાખ્યો છે; દયાનો તો દુશ્મન છે; ગરીબોનાં ઘર પર કડીઓ કરતાં કાળજું કમ્પતું પણ નથી; તર્કટો તો એક એકથી ચડિયાતાં ગોઠવી કાઢે છે; ને બાપુને એવી કોઈક દી કોકનું ખૂન પણ કરતાં નહિ થડકે એવો યે સમય આવે કદાચ! આ વંશ-વેલે હવે પછી વળી કેવાંક ફળ બેસશે? દૈવ જાણે.

પ્રભાત પડી ગયું હતું. માખીઓના બણબણાટ સંભળાયા અને ગાડાની સાથે સાથે ચાલતા દલભાઈએ બળદોને માથાં ધુણાવતા, તેમજ પૂછડાં ફંગોળાતા દીઠા. એક બળદનું કાંધ છોલાણું હતું. પોતે પોતાનું ફાળિયું લઈ ચાલતે ચાલતે બળદની માખો ઉડાડવા માંડી.

'માળું ક્યારે કાંધ છોલાણું હશે આનું?' શરમિંદો ગાડીવાન દલભાઈના ગર્ભિત ઠપકાથી બચવા અજાણ્યો બન્યો. એને ખબર હતી કે બીજી કોઈ પણ વાતમાં રસ ન લેનારા દલભાઈ ડેલીનાં ઢોરની બગાઈઓ ને ઈતડીઓ વીણતાં ચૂકતા નહિ, છોલાયેલ ચામડા પર ફિનાઈલનું પોતું મારતાં વીસરતા નહિ, પાદર પડેલા પૂંછડેલ ઢોરને પણ પોતે ચાર જણને ઊભા રાખી બેઠું કરતા, કૂતરે ચૂંથેલ ગધેડું પણ એના હાથની સારવાર પામતું. આવી કામગીરી બજાવતા બજાવતા દલભા ટાળે વળેલાં લોકોને ફક્ત એટલું જ કહેતાં કે—

'જીભ વિનાનાં છે, ભાઈ! જીભ વિનાનાં છે.'

બસ, વધુ ઉપદેશ એ કદી કરતા નહિ. જોડાને તળિયે જેને જેને એ મોટા નાળ ને લોઢાં જડાવેલાં જુએ, તેને પણ ધરતી પરની કીડીઓ બતાવીને આટલું જ કહે કે 'જીભ છે એને? જીભ હોત તો આ જીવડાં તને શું કહેત, હેં જેઠસૂર?'

ચોમાસે કોઈ બેડુ તોતીંગ નવાં ઓખાઈ પગરખાંથી લિસોતરી ખૂંદતો ચાલ્યો જતો હોય તો ઊભો રાખીને પહેલાં તો બેય પરના કૂણા કોડવા બતાવે, ને પછી કહે; 'એને જીભ હોત તો? તો રોત કે નહિ? હેં માધવાનળ? એ તરણાં રાડ પાડત, હો ભાઈ! એવી કાળી રાડ પાડત તો તે તારાં તમરાં જ બોલાવી દેત.'

આવા સંસ્કાર ગામલોકોને પાનાર દલભાઈથી શરમાયેલો ગાડીવાન રણુપળીને પાદરથી બારોબાર જ ગાડું રૂપાવાવ હાંકવા લાગ્યો ત્યારે દલભાએ કહ્યું કે 'સીધું ગામમાં લે ગામમાં.'

પાદરમાં બે જણ બેઠા હતા તેને પોતે કાંઈક પૂછ્યું, એટલે એક જણ આગળ ચાલ્યો અને ગાડાને એક ગલીમાં દોરી ગયો. ત્યાં એણે, દલભાઈએ જે ઘર પૂછ્યું હતું તે બતાવ્યું.

'આ ફળીમાં લે,' એવા શેઠ–શબ્દોથી ગાડીવાન છોભીલો પડી ગયો.

ઘર બતાવનાર માણસે બૂમ પાડી: 'રતના, એ રતના, બા'રે તો મર. શેઠ આવ્યા છે.'

ઓસરીમાં બેઠેલાં છોકરાં શેઠ આવ્યા છે એવું સાંભળતાં, અને આ ગાડું વગેરે જોતાં જ અંદર પેસી ગયાં, અને એનો બાપ રતનો ઘરની બહાર નીકળી બાઘાની જેમ ઊભો રહ્યો.

'તેં આમને ઓળખ્યા, રતના?' પેલા, ઘર બતાવવા આવેલ માણસે કહ્યું.

'આ તારે ઘેર કાલ કડી કરી ગ્યાને, એ સુમન શેઠના બાપુ.'

બેડુ રતનો, જેના કેડિયાને બાંયો નહોતી, તે આંખો તાકીને વગર બોલ્યો ઊભો થઈ રહ્યો. એની આંખોમાં ભય હતો. એ કંઈ સમજ્યો નહિ.

બાયડી બહાર આવીને બોલી ઊઠી: હેં બાપુ, હવે બાકી શું રયું છે તે પાછા લેવા આવ્યા છો? ઓલ્યા ગાભા બે ચાર છે ઇયે લઈ જાવા છે?

'ના મા!' છોકરો બહાર આવ્યો, તેણે કહ્યું: 'મારી નવી આંગડી નહીં દઉં કોઈને.'

ત્યાં તો નાની છોકરી પોતાની એક ફાટેલ ઘાઘરી પડી હતી તે છાતી સાથે કચકચાવીને ઘરમાંથી દોડતી, દલભાઈ ઊભા હતા તેને દેખી ચીસ પાડીને ભાગી: 'નૈં દઉં, નૈં દઉં.'

દલભાઈએ એને પંપાળવા અડકવા હાથ લંબાવ્યો ત્યાં તો એ છોકરીએ તીણી ચીસ નાખી.

દલભાઈ સૂનમુન ઊભા રહ્યા. ઘડીભર તો એની અક્કલ ચાલી ગઈ. પછી એને શબ્દો ન સૂઝ્યા, છેવટે માંડ માંડ એણે કહ્યું: 'રતના, ભાઈ, આ ગાડામાંથી બધું ઉતારી લે.'

રતનો પણ કંઈ સમજ્યો નહિ. એ ન હલ્યો કે ન ચલ્યો. પણ એની વહુ જરા પાણિયાળી હતી તેણે કહ્યું: 'બાપુ! અમારે કાંઈ જોતું નથી. અમને આંઈ પડયાં રે'વા દો. અમને ગોટે ચડાવો મા. અમને સાચા ખોટાનું કશુંય ભાન નથી રહ્યું.'

ઘણી વારે ગામના બીજા લોકોએ આવી દલભાઈને મદદ કરી ત્યારે માંડ તરતનાને ને એની વહુને ગળે ઘૂંટડો ઊતર્યો, કે આ શેઠ જો કે છે તો સુમન શેઠના બાપુ, પણ ધરમી છે, દયાળુ છે, કશું કારસ્તાન કરવા નથી આવ્યા, કોઈ ગોટા કરવા નથી આવ્યા. પણ તમને ધરમાદો દેવાજ આવ્યા છે. છતાં રતનાએ ને બૈરીએ પોતાને હાથે તો કાંઈ ઉતાર્યું જ નહિ. ગામ લોકોએ ગાડાની ચીજો ઉપાડી ઉપાડીને એના ઘરમાં મૂકી.

બે ત્રણ દિવસ સુધી તો રતનાને એ ચોરીનો માલ હોય એવું લાગ્યા કર્યું, વાપરવાની હિંમત ચાલી નહિ, પછી છાનાંમાંના છોકરાંને ખવરાવતાં થયાં, ને લાંબે દહાડે પોતાને માટે વાપરવાની હિંમત આવી; છતાં હૃદયમાં ઉપકારનો ભાવ તો હજુ ઊઠતો જ નહોતો. ચોરીનું વાપરતાં હોય એવો ભાવ એમને પકડી બેઠો.

આ રતના ખેડુના ઘરની સામે એક ધર્મશાળા હતી. તેની મેડીની બારીએ એક કન્યા ઊભી હતી. આગલી સાંઝે પણ ત્યાં ઊભી હતી. એને હસવું આવતું હતું. કાલે આ કુટુંબને જે લૂંટી ગયો હતો, તે પોતાનું વેવિશાળ કરેલો ડમરાળવાળો સુમનચંદ્ર હતો અને આજે પાછો જે મદદ કાલવે છે તે એનો જ બાપ છે! દેરાળા ગામની હેમાણી કન્યા જ્યારે આ ધર્મશાળાના મકાનમાં રાતવાસો રહીને પોતાના પિતરાઈ ભાઈ અને ભાભીની જોડે ગાડામાં બેઠી ત્યારે એને એના ભાઈએ આ બધી બાબતનો સ્ફોટ કર્યો. વિમળા હજુ સોળેક વર્ષની હતી; લાંબો વિચાર કરી શકતી નહોતી. પણ પોતે જે બે દશ્યો નજરો નજર દીઠાં એમાં એનું મન અટવાઇ ગયું. એણે ભાવી સસરાને સાધુ જેવા વેશે જોતાં પહેલી પળે તો અણગમો અનુભવ્યો હતો. પોતાને બે વર્ષ પછી કોને ઘેર જવાનું હતું? કસાઈને ઘેર કે વેરાગીને ઘેર? એટલા સાદા તરંગ પર એની હૈયા-નાવડી અફળાતી હતી ત્યારે ધર્મશાળામાંથી ઊપડેલું ગાડું પાદરમાં બરાબર પેલા વેરાગી ડમરાળાવાળાના ગાડાની લગોલગ આવી ગયું. દલભાઈના ગાડાના બળદ અવેડે પાણી પીતા હતા અને પોતે કૂવાના થાળા પર બેસી કોગળા કરતા હતા.

'કયા ગામનું ગાડું?' દલભાઇએ તો સહજ જ પૂછ્યું. એની નજર ગાડાના બળદના કાંધ પર લાગી ગઇ હતી. બેઉ બળદોને કાગડાએ ઠોલ્યા હતા. ધોંસરું લોહીમાં રગદોળાતું હતું. પોતાને જવાબ વાળનાર ગાડાખેડુને એણે

કહ્યું : 'આમ તો જો. આને જીભ હોય તો ? આ ધોરી તને શું કહે ? હેં માધવાનળ !'

જુવાન ખેડુ—પોતે માધવાનળ એવા ઇશ્કીના નામે સંબોધાતાં અને બળદોની દયાનો ટોણો સાંભળતાં શરમાઈ ગયો, તેટલામાં અંદર બેઠેલાં ત્રણ જણાંમાંનો જુવાન વણિક નીચે ઊતર્યો અને દલભાને 'જેગોપાળ' કહી પોતાની ઓળખાણ આપવા લાગ્યો.

'ઓહો ! હેમાણી !' દલભા પોતાના વેવાઈના સગા મોટાભાઈના પુત્રને મળતાં બોલી ઊઠ્યા : 'આંહી ક્યાંથી ? શીદ જાવ છો ?'

'રૂપાવાવ, મારી છેડાછેડી છોડવા. વિમળા પણ મારી જોડે છે.' એમ કહીને એણે પીઠ ફેરવીને બેસી ગયેલી બહેન પ્રત્યે નજર ચીંધાડી.

પોતાના ભાવી પુત્રવધૂને પલભર નિહાળવા ઉપરાંત વધુ કશો રસ બતાવ્યા વિના દલભાઈ વળી પાછા ગાડાખેડુ સાથે વાતે વળગ્યા : 'પશુ છે, મૂંગા છે, ફિનાઈલનું પોતું ફેરવિયે, તમારા ખેડુના તો કંધોતર કહેવાય, કમાઉ દીકરા કહેવાય. કોસનાં પૈડાંને ને ગરેડીને તેલ ઊંજિયે. કિચૂડ કિચૂડ બોલે ત્યારે મજા ન લેવાય. ત્યારે તો એમ જાણિયે કે ધોરીને દયાપણ વધારે પડે છે.'

એવું એવું કહી, પોતે ડમરાળાને પંથે પડ્યા, અને વિમળાને એક નવી જ સમસ્યા સોંપતા ગયા; સસરાને શું હું અણગમતી હઈશ ?

૫

ધર્મસ્થાનકો

રૂપાવાવના મહંતની ગાદી પર કાળી ઘાટી દાઢી-મૂછવાળો એક જુવાન છેલ્લાં બેએક વર્ષોથી બેઠો હતો અને આ પંથકમાં ત્યારથી બહારવટિયા લૂંટારાને માટે રૂપાવાવ માના પેટ જેવું બન્યું હતું. આ પ્રદેશમાં છૂટી છૂટી ત્રણ મોટી જગ્યા હતી : એક ભીમગદાની જગ્યા, બીજી દેવપીપળની જગ્યા, અને ત્રીજી રૂપાવાવની. ભીમગદાની એક લાખ જેટલી આમદાનીના માલિક ભૈરવગરજી નામના મહંત ભાંગ, ગાંજો, દારૂ અને કામિનીમાં ગળા સુધી ગરકાવ હતા, અને એના શરીરે પૂર્ણ પંઢત્વ પ્રાપ્ત કરી કાઢ્યા પછી એણે ત્રીજી વાર લગ્ન કર્યું હતું. દેવપીપળના મહંત દૂધાધારી તરીકે પંદરેક વર્ષ પુજાયા પછી એક આહિરે એનું ખૂન કરી પછી ઘેર જઈ પોતાની સ્ત્રીનું નાક છેક કપાળના ભાગથી તે હોઠ સુધી વાઢી નાખ્યું હતું એટલે એ બે બનાવોનો તાળો મળી રહેતો હતો. આખા પ્રદેશમાં જેના રૂપનો જોટો નહોતો જડતો એવી એ આહિરાણીને આ શિક્ષા આપતી વેળા

ધણીએ કહ્યું હતું કે હવે વસ્યાત લગીનાં હાગતરખાનામાં ફરી વળજે, રાંડ, તારે કપાળે ય ચામડી રહેવા દઉં તો હાગતર નાક સાંધી શકે ને ! – તે પછી દેવપીપળ ઉપર જપ્તી વહીવટ ચાલતો. અને ત્રીજી આ રૂપાવાવની જગ્યાના દેવતાઈ સતનો તો એવો પ્રચાર ચાલુ હતો કે છેક મુંબઈ મદ્રાસમાં રહેતા આ પ્રદેશના વેપારીઓ તરફથી સાકર ચોખા અને તુરદાળનાં નનામાં વેગન પછી વેગન આવતાં ચાલુ રહેતાં. અને તેમાંથી મેડીઓ પછી મેડીઓનાં મકાન ઉમેરાયે જ જતાં હતાં, જગ્યાની મહેમાનીનો કોઈ જોટો નહોતો: મહેમાન ગમે તે હો, કોઈ પૂછતું નહિ કે તું ક્યાંનો છે ને કેટલા દિવસથી આવ્યો છે ને હવે તારે જવું છે કે નહિ. મહેમાન ગમે તેટલા હો, ચૂલ્યો ઉપર રસોઈનાં રંગાડાં ઊકળ્યા જ કરતાં. એ હતી ફક્કડની જગ્યા, એટલે મહંતાઈ એક અગર બીજા ચેલામાં ઊતરતી. રાજના અમલદારોને જે વધુમાં વધુ ' આચમન ' ચખાડી શકતો તે ચેલો મહંતાઈ પામતો.

' આચમન ' આપવાની બાબતમાં રૂપાવાવના મહંત અને ડમરાળાના શેઠ પુત્ર સુમનચંદ્ર વચ્ચે હમેશાં તીવ્ર હરીફાઈ ચાલુ રહેતી. બંદૂક રિવોલ્વરના પરવાના મેળવવામાં પણ બન્નેની અરજીઓ પોલીસખાતે હોડ કરતી અને બંને જણા વચ્ચે એક વિશેષ સમાનતા હતી : બેમાંથી એકે ય જણ જાતે હથિયાર ઝાલતો નહિ; એ જુમ્મેદારી તેઓ પોતાના પગારદાર માણસોને જ સોંપતા. બંને વચ્ચે સારી ભાઈબંધી હતી. સુમનચંદ્ર આવે ત્યારે મહંત ભેટી પડતા.

એઉ મળે ત્યારે નવાં વસાવેલાં હથિયારોની સ્પર્ધા ભારી રોનક સાથે ચાલતી.

રણથળીથી પાછા આવેલ પિતાએ, પુત્રની સાથે વાત ન કરવાની પોતાની કાયમી આદતમાં એ દિવસે એક અપવાદ-રૂપે સુમનને મેડીએ બોલાવીને ફક્ત આટલું જ કહ્યું: 'તારી કોઈ પણ બાબતમાં હું માથું મારતો નથી; મારે તને કાંઈ કહેવાનું નથી; તું ને બા જે કરતા હો તે કર્યા કરો; પણ પારકી જણીને વાટ જોતી બેસારી રાખવામાં મોટું પ્રાછત છે. તારો જે કાંઈ નિર્ણય હોય તે જણાવી આવ.' એમ કહી રૂપાવાવ ગયેલાં કેરાળીનાં ત્રણ જાત્રાળુ-ઓના સમાચાર દીધા.

'ભલે.' એટલું જ બોલીને પુત્ર ઊઠ્યો ત્યારે પિતાએ છેલ્લી એક વાત કહી નાખી: 'નરસી મે'તાએ, જગડુશાએ, એવા એક બેએ ભગવાન જ્યારે તુષ્ટમાન થયા ત્યારે વરદાન માગ્યું હતું કે હે નાથ, અમને નિર્વંશ દેજો. હું એ જ માગું છું.'

સાંભળી લઈને નીચે ઊતરી ગયેલ સુમનચંદ્રે ઘોડે પલાણ મંડાવ્યું. બીજે ઘોડે એણે નવો રાખેલ ગરાસિયો રક્ષક ભૂપતસંગને સાથે લીધો. તાજી જ ખરીદેલી બે જોટાળી નવીનકોર બંદૂક અને કારતૂસનો પટો એણે ભૂપતસંગને ધારણ કરાવ્યાં. ભૂપતસંગ એક કદાવર અને અડીખમ દેખાવનો, કરડી આંખોવાળો કાંટિયો હતો. કોઈ પણ જોનારને એ 'એક હજારાં' જેવો લાગે.

રસ્તામાં સુમનચંદ્રે મન સાથે વાતો કરી લીધી.

રૂપાવાવ જઈને એણે વિમળાની તરફ તિરછી નજર નાખી જોઈ એના હૃદયમાં એક છૂપી મજા મચી ગઈ. વિમળાનું બદન ભરાયું હતું. ખૂબ હૃષ્ટપુષ્ટ બની ગઈ હતી. વૈશાખનો તાપ કોઈ નાજુક, ફૂલે લચી પડતી વેલડીને સળગાવી નાખવામાં જે આનંદ અનુભવે છે તેવો આનંદ સુમનચંદ્રના મનનો હતો. છો સળગી જતી! આજે હવે ન તો છોડું કે ન પરણું. પૂરી દાઝ કાઢીને રઝળાવું. કારણ? કારણ કે એક જ વર્ષ પર સુમનને એક લાંબી માંદગી આવી હતી. માંદગી દસ મહિના ચાલી. પોતે હાડકાંનું માળખું જ બની ગયો હતો. એ વખતે એનો બાપ સગપણ તોડવા ઊઠ્યો હતો. સુમનચંદ્ર માંદગીમાંથી બેઠો થવાનો જ નથી અને થાય તોપણ જમાઈનું શરીર લગ્નને લાયક થવાનું જ નહિ, એટલે સુધી કહીને ગોપાળ દાદાની જીભ ઝાલીને એણે ફારગતી મેળવી હતી. પણ એ બચ્ચાને અમારી મેલી દીધેલીની બાંય પકડનાર કોઈ મળ્યું નહિ એટલે જ બેઠો રહ્યો. જે હવે એને અમારો સ્વાદ ફરી લાગ્યો છે. હવે તો હું નથી એની છાંટ પણ લેવાનો કે નથી એ છોકરીનો છૂટકો કરવાનો.

એવું ચિંતવતાં ચિંતવતાં એણે પોતાના શરીરની ને વિમળાના શરીરની મનથી સરખામણી કરી લીધી ને ફરીથી મનમાં ઉચ્ચાર્યું: 'એનું જોબન સળગાવીશ, ને સળગતું જોયા કરીશ.'

વિમળાના ભાઈની સાથે બેસીને તેણે વાત કરી:

'તમારા કાકા વારે વારે લગન કરવાના કાગળ લખે છે, પણ મારે શરીરે હજી પૂરી નરવાઈ નથી આવી. હજી મને ઝીણો તાવ રહ્યા કરે છે. કોઈ કોઈ વાર બળખામાં લોહીના દોરા—બહુ નહિ પણ સે'જ દેખાય છે. એ હશે તો અમસ્થા, તાવ પણ હોય છે તો સળેખમ શરદીનો, કે પછી તજાગરમીનો: મૂળ દરદ તો નથી, પણ હવે આટલું ખમ્યા તો પછી એકાદ વરસ વધુ ખમી જાવ. તેમ છતાં બીજું કોઈ ઠેકાણું જડી જતું હોય તો અમારી ના નથી. અમે તો રાજી છિયે. તો અમારાં હોય એટલાં લૂગડાં ઘરેણાં પાછાં દઈ મેલજો, ને ખુશીથી શુભ અવસર ઉકેલી લેજો. બાકી મારું શરીર પૂરું વળતાં તો હજી વાર લાગશે.'

જગ્યાની ધર્મશાળાની પરશાળને એક છેડે, જ્યાં આ વાર્તાલાપ ચાલતો હતો ત્યાંથી વિમળા જરા પણ દૂર નહોતી. ને થોડી બહેરી હોત તો સુમનચંદ્ર એટલા પ્રમાણમાં અવાજ વધારત, કારણ કે હેતુ તો હતો એનું ભરજોબન સળગાવી મૂકવાનો.

ને વિમળા સળગી પણ ખરી, કારણ કે સુમનચંદ્રે વર્ણવેલી નબળી તાસીરનું એકેય ચિહ્ન એના નખથી શિખ લગી વિમળાની નજરે ન પડ્યું. અને બીજે લગ્ન કરી નાખવા વિશેની સલાહ પણ બળતામાં ઘી હોમવા જેવી બની. સુમનચંદ્રે એને પોતાની આંખોને ત્રાજવે તોળી પણ જોઈ. વજનમાં મોટો ઘટાડો કળાઈ આવ્યો.

ગાડું રૂપાવાવથી રણથળી તરફ પાછું ચાલી નીકળ્યું અને સુમનચંદ્ર મહંત સાહેબની હેતભરી મહેમાની માણતા

સાંઝ સુધી રોકાયો. એને રોકી રાખીને મહંતે પોતાની દર-બારગઢ જેવી જગ્યાના એક ઓરડામાં જઈ એક ઊંઘતા આદમીને ઉઠાડયો : 'ગીગા વરુ! જાવ. ડમરાળાને રસ્તે વાટ જુઓ. હું દી આથમ્યા અગાઉ નીકળવા નહિ દઉં.'

સૂર્યાસ્ત પછી સુમનચંદ્રે અને એના રક્ષક ભૂપતસંગે ઘોડાં હાંકયાં. અંધારાનો પડદો આછો મટી ઘાટો રંગ ધારણ કરતો જતો હતો તે વખતે ઘોડાં નકટીની નેળ્ય નામના ઊંડા મારગને કાંઠે આવી પહોંચ્યાં અને કાંઠાના ખેતરમાંથી 'હુ-ઉ-ઉ!' એવો એક ખોંખારો સંભળાણો,–ખોંખારો ઓળખાઈ ગયો. ગીગો વરુ નામે જુવાન 'જેતા મામા' નામે આપણને જાણીતા બહારવટિયા ખાચર કાઠીને ઘેર ડમરાળે વારંવાર રહ્યો હતો. સુમનચંદ્ર સાવધ બન્યો- સામેથી કરડો સવાલ આવ્યો : 'કોણ છે ઇ?'

'ઓહો! કોણ ગીગાભાઈ?' સુમનચંદ્રે નરમાશથી સામી હાક દીધી.

'હા, કેમ અટાણે અસુરા?'

'આ.........જરા બાનબાપુ પાસે મોડું થઈ ગયું.'

પાસે આવીને ગીગો વરુ ઊભો રહ્યો. આડીઅવળી વાતો કરવા લાગ્યો. અને ભૂપતસંગના હાથમાં બંદૂક એને દેખાણી, એટલે એણે કહ્યું : 'ઓહો, નવો લીધી જેટાળી! જોવી જોવી!'

એમ કહીને એણે હાથ લંબાવતાં તો ભૂપતસંગે કોઈ કળ દેવાની પૂતળી હોય એવી યંત્રવત્ રીતે પોતાની બાંસેની બંદૂક ગીગાના હાથમાં આપી.

'ઓહો !' બંદૂકને ઝીણી નજરે નિહાળતો, પંપાળતો, બેઉ હાથમાં રમાડતો, ગીગો બોલવા લાગ્યો : 'નામી છે ને શું ! કેટલાની મળી ? કેટલા કદમ ગોળી જાય છે ?' બોલતાં બોલતાં એણે ઘોડો ચડાવ્યો ને ઉતાર્યો. ખંભે લગાડીને તાક લીધી. અને જાણે એ પોતાની જ હોય તેવી બધી ચેષ્ટાઓ કરવા લાગ્યો.

સુમનચંદ્ર પણ દરેક પ્રશ્નના સરખા જવાબ આપતો ગયો. એની જીભમાં ક્યાંય થોથવાવા જેવું નહોતું. એણે જેતા મામાનાં ઘરવાળાં કાઠિયાણી બાઈના સમાચાર પૂછ્યા. 'માકબાઈ બેન ક્યાં છે ? શું કરે છે ? દીકરો માણસુર કેવડોક થયો છે ?'

'તમારા જેવડું કાઠું કર્યું છે માણસુરે તો. બરાબર જેતા ખાચરની જ અણુસાર, અને ઇવડો ઇ જ ઢાળો. જાણે એના બાપની જ છબી.'

સુમનચંદ્ર મનમાં ને મનમાં હસ્યો. માકબાઈને માણસુર ડમરાળા છોડી ગયા પછી પાંચાળમાં જન્મ્યો હતો. અને જેતો મામો કોઈ દિન પાછા માકબાઈને મળ્યા સાંભળ્યા નહોતા. ખેર ! એ સંધ્યાના અંધકારમાં એના હોઠનો આછો મલકાટ ગીગાની નજરે ચડ્યો નહિ.

'ત્યારે હવે આંઈ લાવોને મા'દીકરાને.' સુમનચંદ્રે કહ્યું.

'એ માટે જ અમે દાખડો કરીએ છિયેને, શેઠ !' ગીગાએ વ્યંગમાં જવાબ વાળ્યો.

'એ બધો દાખડો મૂકી દો, ગીગાભાઈ, એમાં કાંઈ માલ નથી.'

'અમે કાઠી છિયે, હો શેઠ?'

'તો હું ય કાઠીનો ભાણેજ છું ને ગીગાભાઈ!' હું કાઠીની ધરતીમાં જ આળોટયો છું.' સુમનચંદ્રના એ શબ્દો ગીગાનાં ગાત્ર ઢીલાં કરનારા હતા. એનો જમણો હાથ ગજવામાં હતો. ગીગાને ખબર હતી કે ગજવામાં એ હાથનો પંજો નાની એવી ઓટોમેટિક પિસ્તોલના હાથા પર જ હતો. અને ગીગાના હાથમાં શેઠની જે બંદૂક હતી તેના પર કેપ પણ ચડાવેલો હતો, છતાં આ બંદૂક અને પેલી પિસ્તોલ વચ્ચે જો હરીફાઈ થાય તો વહેલો ભડાકો કઈ કરશે એની પણ ચબરાક ગીગાએ ગણતરી કરી. સુમનચંદ્રે ગીગાને મૂંઝાઈ રહેલો જોઈને લાગ લીધો: 'એમાં મુંઝાઈ શું રહ્યા છો?'

ગીગાએ ચમકીને પૂછયું: 'કોણ–હું? નારે ના. એવું કાંઈ નથી.'

'તો પછી માણસુર ભાઈને આંહી લાવો. બધું ઠેકાણે પાડી દઈએ.'

'પણ મા–દીકરાને મેળ નથી.'

'તમ જેવા પડખે ચડો પછી તો એમ જ થાય ના! બાકી બીજાં ચીંથરાં ફાડવાં મૂકી દો, ગીગા વરુ! ને આંહી લઈ આવો, તમે એનો વહીવટ કરો. જમીન તો મા દીકરો આવે એટલે તુરત સોંપી દેવી છે. એમાં કાંઈ ફેર નથી. પાંચ વરસ બાકી છે તે ય હું જતાં કરી દઉં. પણ બારવટું ખેડવું

હશે તો આપણે બંને ય જુવાન છિયે, તમે મને કે હું તમને આંટી દેશું તો પણ લેખે લાગી જશું. આપણે ક્યાં ખાટલે પડયા છિયે!'

'પણ ભા માનશે?'

'ભાને હા ભણાવવો એ તો મારા હાથમાં છે. ભાની ફિકર કરો મા. ભાનું બા'નું પણ આપો મા.'

'ઠીક, જોઉં છું.'

'હા, જુઓ. મારે ઉતાવળ થોડી છે! પણ એ છોકરાનો જન્મારો બગડે છે. તે સિવાય કોઈ પણ કારણ નથી. આપણે એને તો પાછું સુખ છે ના?'

'શેનું?'

'ચૂડી કરમનું.'

'હા!' ગીગો હસ્યો:

'ઈ એમાંથી કોઈની વાંસે તો કોક ને કોક થોડાં આંસુડાં પાડનારી હોય.'

'ના રે ના,' એમ કહીને ગીગો ફૂલમાં આવી ગયો. એને આ પોતાની પ્રશંસા લાગી: 'કો...ણ નવરું છે!'

'અરે કોઈક કણબણ, કોઈક કુંભારણ, ને કોઈક ઢેઢડી પણ ખરી.'

'હવે રાખોને, ભાઈસા'બ!' ગીગો ફૂલીને ઢોલ થયો. અને શરમણો પણ ખરો. એણે બંદૂક પાછી ભૂતસંગના હાથમાં દીધી અને રામરામ કર્યા.

'એ રા...મ! આવજો ત્યારે વેળાસર મણુમુરભાઈને લઈને!' એમ કહીને સુમનચંદ્રે નગમાં ઘોડો હંકાર્યો. ગીમાના ખોંખારાએ પાછળનો વગડો ગજવી મૂક્યો.

રસ્તે તો એને કંઈ થયું નહિ. અંધારી રાત અને અશ્વ પરની રાંગ એને રોમે રોમે વિક્રમ સીંચી રહી હતી. પણ ઘેર પહોંચીને ઘોડેથી ઊતર્યા પછી એની કાયા કબજે ન રહી. એ થર થર ધ્રૂજી ઊઠ્યો. ગજવામાંથી હાથને આખી વાટે બહાર કાઢવાનું એને ભાન જ નહોતું રહ્યું, એ હવે એણે બહાર કાઢ્યો ત્યારે જ એણે જોયું કે હાથમાં કે ગજવામાં કશું નહોતું. પિસ્તોલ એણે એ દિવસે સાથે લીનો નહોતી. ગજવામાં પિસ્તોલ પડી છે, પિસ્તોલની ચેમ્બરમાં છ યે છ કારતૂસ ભર્યા છે, જે એની ઠેસી પણ પોતે ઉઠાડી નાખીને પંજામાં તૈયાર રાખી છે, એવા વિભ્રમમાં ને વિભ્રમમાં જ એણે ગીગા જેવા દૈત્ય ડાકુનો સામનો કર્યો હતો. એના શરીરને સ્વસ્થ બનતાં ઘણી વાર લાગી. એ પછી એણે પહેલું જ કામ ભૂપતસંગને બોલાવવાનું કર્યું. એના હાથમાં એક મહિનાનો વધુ પગાર મૂકીને કહ્યું કે 'કાલે સવારે તમે ચાલ્યા જજો. આ વાત આપણા બે સિવાય ત્રીજું કોઈ જાણવા પામશે નહિ, કારણ કે જો જાણે તો તમને કોઈ ઉંબરે ઊભા રહેવા નહિ આપે. તમે શું વિચારીને બંદૂક એક અજાણ્યા માણસના હાથમાં આપી દીધી? તમારો તો બદ ધંધો નહોતો. તમે બહાદુર પણ હશો, પણ એકલી બહાદુરીમાં શું બળ્યું છે! જાવ, ભાઈ, બીજે રોટલો રળી ખાજો; પણ હવેથી બંદૂક ન બાંધતાં.'

૬

ચક્રનો પહેલો આંટો

એજ શેઠ-નંદન સુમનચંદ્ર એક દિવસ પોતાના ગામ નજીકના સ્ટેશને એક પેટી અને બિસ્તર સાથે આવીને ઊભો રહ્યો.

એને વળાવવા આવેલા મોટા ટોળામાં માત્ર બે મનુષ્ય નહોતા: દાદા ગોપાળભા અને પિતા દલભાઈ. એ બેઉ થોડા મહિના પર માનવ–જીવનના છેલ્લામાં છેલ્લા સ્ટેશનની ટિકિટો કઢાવીને પ્રયાણ કરી ગયા હતા.

ટોળાની દિદાર પર ઝાંખપની રાખ વળી ગઈ હતી. એની વચ્ચે સુમનચંદ્ર ચળકતે ચહેરે પાન ચાવતો, ને સ્મિત કરતો ઊભો હતો: જેમ જાણે કરજદાર ખેડૂતને ઘેર જપ્તી કરવા ચાલ્યો હોય!

'મે પાક્યો છે, માટે વાડીમાં કોસ ઝટ જોડાવી દેજો, હો કે શવદાસ!' પોતાના આગલા ખેડૂતને એ સૂચના દેતો હતો; 'નીકર મેનાં પાણીની ગરમી પોચિયાંને જોર કરવા

નહિ જો. ભૂલતા નહિ, અને ચોમાસું દેખીને વધુ પડતી જમીન વાવતા નહિ; નીકર પછી આજ મોટી બથ ભરીને પાછળથી પસ્તાશો. આજ કૂવામાં પાણી ચડયાં છે તે કાંઈ અલેખ નખતરનાં નથી, કે ટકી રે.'

'પાછા કેદીક વળશો, ભાઈ?' એક જણે પૂછયું. એની આંખો પલળતી હતી.

'જન્મારો તો થોડો જ બેઠો રહીશ?' એટલું કહેતે કહેતે સુમનચંદ્રે હોઠ પર બે આંગળીઓ ગોઠવીને વચ્ચેથી પાનપટીના રાતાચોળ રસની પિચકારી ઉડાડી અને ગળું ઓખારી સોપારીના ચાવણને ગળા નીચે ઉતાર્યું.

'પણ આશરે?'

'અરે, ખોટા રૂપિયાની જેમ આવ્યો સમજો.'

એ પછી એણે સ્ત્રીઓના ઘેરા પાસે જઈ, હસી હસી કોઈનું શ્રીફળ લીધું ને કોઈના હાથનો કંકુ-ચાંદલો સ્વીકારવા કપાળ ધરી પોતાનું ઊંચું માથું નીચું કર્યું.

નીચે નમવાને કદી ન ટેવાયેલ એ મસ્તકની ઝૂકવાની છટા પર લોકો તાકયા વગર રહી શકયા નહિ. એ છટામાં ડમરાળાનાં છેલ્લાં વીશ વર્ષોમાં ભાત પાડનારી નવીનતા હતી.

ટચાક ટચાક ટચાક : ચાંદલો કરીને ચોખા ચોડનારી સ્ત્રીના હાથમાંથી, દૂખણાં લેતાં ટચાકા ફૂટયા.

'અરે ભાભી!' સુમનચંદ્રે એ ચાંદલો કરનાર કુમારિકાની નજીક નયનો લૂછતી એ કન્યાની વિધવા માતાને

ઘણું નીચે નમી કહ્યું : 'તમે તો લપાઈને ઊભાં છો ! મારે કેટલી ભલામણ કરવી હતી ! જુઓ, ઉતાવળાં થશો નહિ. હું ટબલીની વાત નહિ ભૂલું. અરે ભૂલ્યો–ટબલી કહેવાનો મહાવરો યાદ આવી ગયો. ટબલી નહિ, સુલોચનાદેવી; ખરું ને ટબલી ?'

કાકાના એ વિનોદ–વાક્યે ટબલી ઉર્ફે સુલોચના નામની મૂએલા પિતરાઈ ભાઈની યુવાન પુત્રીના ગાલ પર ગલ પાડ્યાં.

છેલ્લે છેલ્લે ચાર પાંચ ડોસલા દૂર શરમિંદે મોંએ ઊભા હતા તેઓની પાસે પોતે જઈ હાથ મિલાવ્યા.

'ભાઈ !' એક ડોસાએ નરમ સ્વરે કહ્યું; 'બધું અવળું બની ગયું, પણ અમે એમાં ન'તા હો ! ખાતરી રાખજો. પારકાએ આવી વખ રેડ્યાં આપણામાં.'

'બોલો મા, બોલો મા રૂખડ દાદા;' સુમને ખૂબ દાંત કાઢીને ડોસાની પીઠ થાબડી; 'વખ તે વળી કેવાનાં ! છૂટકો પતી ગયો આતો.'

'સૂરજ ડાડો સાખિયો છે, શેઠ ! ને આ મોંમાં હજી દાતણ નથી નાખ્યાં,' બીજાએ લાંબા હાથ કરી ઊગતો ભાણ ડુંગરાની ગાળીમાં દેખાડ્યો; ઉમેર્યું : 'અમારે દાયરે તો ઈ પાંચાળવાળાઓનાં ખોરડાં હારે કાલ અચૈયો લઈ લીધો. ને તારા ભગત જેવા બાપનું ઢીમ ઢાળી દેનારની તો ઠાકરે જ ઠીક દશા કરી.'

'એવું કશું સંભારવું નહિ, વાજસૂર ભૈજી.'

પણ બીજાને જેની ના પાડી તે પોતાનાથી જ ન બની શક્યું. એની દૃષ્ટિ દૂરથી પોતાનાં મકાનના એક ગોખ પર પડી.

હજુ પણ જાણે પિતા ત્યાં બેઠા બેઠા બંદૂક ચલાવી રહ્યા છે, ને બહારથી સનનાટ કરતી ગોળીઓની ઝીંકમાં નહાઈ રહ્યા છે.

ટ્રેન આવી, અને 'હાશ!' એવા શબ્દ સાથે શ્વાસ વિરામતો એ ટ્રેનમાં ચડયો. બારીમાં બેઠે બેઠે ફરી એક વાર પાનની પિચકારી ઉડાડી અને સામે ઊભેલા સાત આઠ ગામડિયા વાણિયાઓને બાજૂએ બોલાવી છેલ્લી ભલામણ કરી : 'હું તો છૂટયો છું. તમે નાહક બંધાઈ રે'તા નહિ. ચોપડા કોક આવીને બાળે તેના કરતાં જાતે સળગાવીને જ હાથ ઠારજો. બાકી હવે તો પા શેર મોરસનો પણ વકરો કરવાની આશા છોડી દેજો. તમારાં વાળ્યાં તમારી પાસે લણાવશે ને લઈ જાશે.'

'તું સાચું કે'છ, ભાઈ!' ત્રીકમજી કાકાએ ઢીલી પોચી પાઘડી ઢાંકેલો દશશેરિયો તોલો હલાવ્યો એટલે પાઘડીના અટા ઊખળીને એના ગળામાં પડ્યા. રૂપાના કંદોરામાં છૂટી પડેલાં ધોતલીનો પાછલો છેડો, ઘોડાનો તંગ તાણે એવી અદાથી ખેંચીને રાયચંદ ફુવાએ પાછળ ઘાલતાં કહ્યું : 'વાજબી કે'છ તું, ભાઈ!'

છેલ્લી વાર જોતો હોય એવી નજરે સુમનચંદ્રે પોતાના દરબારગઢ જેવા ઘરને જોઈ લીધું. આંગણે ચાટી લીધેલ એ

મેડીના કાળા કોટવાળા ને રવેશ નિહાળી લીધા. ને એ બારી દીઠી કે જ્યાં બેઠા બેઠા પિતા ડાકુઓ પર બંદૂક ચલાવતા ચલાવતા કાળની પિછોડીમાં લપેટાઈ ગયા હતા.

ગાય ખાધેલું વાગોળે તેમ સુમને ગઈ ગુજરી સંભારીઃ—

એ જ પિતા દલભાઈ, જેણે ઝીણું જંતુ અને કૂણાં ઘાસનું યે જતન કર્યું હતું, તેણે છેવટે બંદૂક ઉપાડી ખંભે ધારણ કરી હતીઃ અને પુત્રને પણ બીજી બંદૂક લેવરાવી હતી.

કાઠી ગીગોભાઈ હેફરેને લઈને આવ્યો હતો, શેઠની જમીનનાં વાવેતર અટકાવ્યાં હતાં. રાજ્યના તંત્ર પર નવા આવેલ બ્રાહ્મણ કારભારીએ વણિકોનાં નિકંદનની નીતિ અખત્યાર કરી હતી. પહેલું જ નિશાન ગોપાળભાના ઉચ્છેદનનું તાક્યું હતું. મહેસૂલ અને પોલીસખાતાના ઉપરીપદે પણ બ્રાહ્મણોને બેસાર્યા હતા. ખાનગીમાં શપથ લીધા હતા કે વાણિયાને જેર કરવા છે. એ સંકલ્પની સિદ્ધિને સારુ કાઠી, હેફર, સંધી કે મકરાણા, સૌ કોઈનો ઉપયોગ એને ખપતો હતો.

સુમનચંદ્રે સ્ટેશનના પ્લેટફોર્મ પર ઊભા ઊભા યાદ કરી જોયું. કેટલી વાર પોતે નવા નવા ચોકીદારો લાવ્યો હતો, ને એ દરેક થોડા દિવસ રહી પોબાર ગણી ગયા હતા. રક્ષણ માટે પ્રતાપગઢના અધિકારીઓ પાસે જતો હતો, ત્યારે બબે કલાકે તો મુલાકાત મળતી, અને 'પધારો' શબ્દને સ્થાને 'જુઓને, મિસ્તર! તમે ન્યાય ખાતે જઈ ફરિયાદી કરો.' એવા શબ્દો સાંભળી પાછો વળતો.

દાદાને જો એણે આ વાતો કહી હોત તો દાદાની છાતી જ બેસી જાત. ઘણા મહિના સુધી ગોપાળભાને એણે છેતર્યા હતા. ઘોડે ચડીને પાંચ ગાઉ પ્રતાપગઢ જતો આવતો તેટલો પ્રવાસ પણ સલામતીભર્યો નહોતોઃ દુશ્મનોના ભેટા થયા હતા; ઉજળો મોરો રાખીને પાર થઈ આવતો ને દાદા પાસે આવી જૂઠું બોલતો : 'રાજ્યે પાકો બંદોબસ્ત કરી આપ્યો છે, દાદા !'

ઉદ્દેશ એક જ હતો : દાદાને આબરૂભેર સદાની વિદાય દેવી હતી. પછી પોતાને છટકી જવું હતું. રતનાને ઘેર કરેલી જમી ભુલાઈ નહોતી.

'શાબાશ !' માંદગીની પથારીએ પડેલું દાદાના કલેવરનું બોખું જોર કરી બેઠું થયું હતું અને પૌત્રને કહેલું હતું : 'જેટલી સિલક છે તે તમામ કોથળિયું ખાલી કરી નાખજે, બધાંનાં ગલોફાં રૂપિયે ઠાંસી દેજે. પણ વટ મેલતો નહિ.'

સીમમાં ગોળીબાર સંભળાતા, દાદા પૂછતા કે 'શું છે આ બધું ?'

'રાજે મૂકેલા આપણા ચોકિયાત છે.'

'હાંઉ ત્યારે.'

પણ આ છેતરપીંડી સુમનથી વધારે વાર ચાલુ રાખી શકાઈ નહોતી. એક રાતે ડેલીનાં મજબૂત કમાડ પર કુહાડા પડયા, ને ભરમ ભાંગી ગયો.

'મને મૂરખ બનાવછ, એલા !' કહેતા દાદા ઊઠ્યા હતા. અને જીવનમાં પહેલી જ વાર પૂછ્યું હતું : ક્યાં ગયો ભગત ?'

ભગત એટલે દીકરો દલભાઈ. પોતાની નિરાળી બંગલી પરથી દલભાઈ આવ્યા ત્યારે એના હાથમાં કંઈક હતું.

'એલા શું છે આ તારા હાથમાં ?' પિતાએ ઓલવતી આંખો પર સામટું જોર લાવીને નિહાળવા યત્ન કર્યો, પણ દૃષ્ટિમાં કંઈ આવ્યું નહોતું.

'કહો, કેમ તેડાવ્યો ?'

'આ છોકરાને કહે.'

'શું કહું ?'

'જમીનવાળાઓ હારે પતાવટ કરે.'

'પતાવટ શેની ?'

'તેડાવો એ બધાને, ને આપણા ચોપડા દસ્તાવેજોનો આંહીં ઢગલો કરો.

'પછી ?'

'દિવાસળી મેલો એ સૌનાં દેખતાં.'

'એ તો હું હમેશાં કહેતો આવ્યો છું.'

'બસ, તો પછી તારું કહેવું કબૂલ.'

'પણ આજ એ નથી કહેતો.'

'ત્યારે શું કહે છે ?'

'એ...આ કહું છું;' કહેતે કહેતે દલભાઈએ પોતાના હાથમાં જે ચીજ હતી તે પિતાની નજીક આણી, એના પર પિતાનો હાથ ફેરવાવ્યો.

'હેં! તું! તું આ......' પિતાનો સાદ ફાટી ગયો. 'તું બંદૂક લેછ? આજ ઊઠીને? ઠેકડી કરછ?'

દલભાઈએ હસીને કહ્યું: 'હવે પતાવટ? શેની પતાવટ? કરીને? જીવની બીકે?'

'પણ છોકરો અંટાઈ જશે ક્યાંક.'

'તો ધોળ્યો.'

ભા અરધા બેઠા થઈ ગયા. પિતાપુત્ર વચ્ચે જવલ્લે જ બનતા વાર્તાલાપો માંહેનો આ એક હતો.

'ઓહો હો! આટલી બધી જ્ઞાનદષ્ટિ! ધર્માદો તો તું જ કરતો.'

'હા, પણ બીકે નથી કર્યો ધર્માદો.'

'આજ સુધી પતાવવાનું કહેનારો પોતે જ ઊઠીને આજ આ શું બોલે છે?'

'તમારું લોહી બોલે છે; કોઈ કાયર નથી બોલતો.'

'ખરો ભગત! દીકરાનો બોકડો કરાવવો છે!'

'ના, ના, બોકડો નહિ, શાદૂળો સિંહ. હવે ઊઠીને જો સુમન ખડ ખાશે તો જ બોકડો કહેવાશે. આજ સુધી હથિયાર બાંધીને ફરતો'તો, ભાડૂતી માણસોની ઓથે જીવતો'તો. અમલદારોને ઊભેગળે ખવરાવીને આબાદી રાખતો'તો, ને

હવે પતાવટ કરશે ? ડરીને ? આનો કોઠો આ સહન કરશે ? કોઠો લાજશે.'

ટ્રેન આવી, સુમન્ચંદ્ર ચડી ગયો, અને થોડા દિવસોમાં બની ગયેલો ઘણો ઘણો ઈતિહાસ દિલમાં ફરી ફરી ઉકેલતો એક બેઠક પર બારી પાસે બેસી રહ્યો:—

બારીએ બેઠેલ પિતાની ને ડાકુઓની બંદૂકોની સામસામી તડાતડી ચાલતી હતી. સાધુપુરુષ દલભા વીંગાણું કરે છે એ સમાચારે ગામની વસ્તીને પણ ચાનક ચડાવી હતી. પ્રભાત વખતે રાજની નહિ પણ એજન્સીની સરકારી પોલીસ આવી પહોંચી હતી. તેમણે આવીને શેઠની મેડી નીચે પડેલાં બે શબ ઓળખ્યાં હતાં. જેને એજન્સી શોધતી હતી તે બે ડાકુઓ ઢળી ગયા હતા. અને એમને બેઉને સુવારી દેનાર દલભાઈનું જખ્મી શરીર, એજન્સીના ઉચકાવ્યા દોડયા આવેલા રાજના અમલદારોની સમક્ષ મરણ વખતનું એવું નિવેદન કરી રહ્યું હતું કે કોઈ પણ કાયદાની અદાલતમાં એને માન્ય ન રાખે:–

'હું ઝીણી જિવાતનું પણ જતન કરનાર છું; વણિક જેવી રાંક લોહીવાળી કોમનો માણસ છું. પણ મેં જુવાનીમાં બંદૂકને જાણી છે, ખૂબ જાણી ને ખેલાવી છે. અમારા પિતાનો ને પુત્રનો માર્ગ એ મારો માર્ગ નહોતો. હું વર્ષોથી જુદે પંથે પળેલો છું. એક તરફથી ખેડુતોને દબાવી બીજી તરફ અમલદારોથી દબાતાં ડરતાં ને એમની ખિદમત કરતાં જીવવાની નામરદાઈ મને પરવડતી નહોતી; પણ આ ડાકુઓથી ડરી જઈ મારા પુત્રને હિચકારાપણાનો માર્ગ લેતો

જોઉં એ પૂર્વે તો હું ફાંસી પર ખલાસ થઈ જવાનું પસંદ કરું. મેં તો જિંદગીને પેટ ભરીને માણી છે; મારે કોઈ અબળખા બાકી નથી રહી. હું તો મડું છું. મડાને વીજળીનો ભો હોય નહિ.

'ડાકુઓ એ મારે મન ડાકુ નથી, અણસમજુ છોકરાં છે. રાજ એનાં માવતર છે. માવતરે છોકરાંને સંભાળ્યાં, સાચવ્યાં કે માણસાઈને મારગે મૂકયાં નહિ; કબુદ્ધિ આવું કરાવે છે. કમાવતર હોય તે આવી કુમત્યમાં છોકરાંને સડવા દે છે.

'અમે ગામડાંના શાવકારો છીએ. અમારો તો નરકવાસ બેવડો ત્રેવડો છે. ચોપડા અમારી જેલો છે. એ જેલોમાં અમે ખેડૂતોને ને કાંટિયા વરણને કબજે રાખ્યાં છે; આ નરકવાસમાંથી અમને તો છોડાવો! વાણિયાનાં છોકરાં તમને દુવા દેશે. આ વ્યાજખોરી અને ગીરો માંડવાની શાવકારી એ તો ઇંદ્રના ઘરની અપ્સરાઓ છે; અમારાં તપને ચળાવે છે.

'પણ એ બધું બદમાશોના ડારા દાટીથી હું નહિ છોડું. જીવતો રહીશ તો બાકીના ચૌદનેય વીણી વીણીને ઠાર મારીશ. મેં ઘણી ઘણી રાત મેડે જાગતાં બેસીને ખેડૂતોનાં ઘરનાં બારણાં ઉપર એની બંદૂકોના ઠબકારા સાંભળ્યા છે. 'ઉઘાડ નીકર બાળી દઉં છું' એવા શબ્દો સાંભળ્યાં છે, બારણાં ઊઘડતાં સાંભળ્યાં છે, ઘરના ધણીઓને બહાર નીકળી ખાસડાં ઘસડતા સીમ તરફ ચાલ્યા જતા સાંભળ્યા છે. ઠેઠ સવારને પહોર નિરાંતે સૂઈ રહીને પછી

એ ધગેમાંથી દારૂ-ગંધાના કાઠીઓને બજારે નીકળતા જોયા છે. હવે એ નહિ જોઈ રહું. ને અમારા ચોપડાના પણ ખડકલા નહિ જોઈ રહું. બેમાંથી એકેય બાબત નહિ જોઈ રહું. એ કાંટિયાઓને તો ગોળીએ દાબીશ ને ચોપડા ચૂલામાં ઓરીશ. બેય વાત કરીશ.'

પણ હવે વધુ કંઈ કરવાની એમને ઈશ્વરને ઘેરથી રજા નહોતી. પોતાની છેલ્લી ઘડી આવે એ પૂર્વે એણે પુત્રને કહ્યું: 'કહે દાદાને, ચોપડા કઢાવે.'

'અત્યારે ?'

'પછી બુદ્ધિ ફરી બગડશે.'

ચોપડા આવ્યા, ઢગલો થયો.

'હવે મૂક તારે હાથે જ દીવાસળી.'

સુમનચંદ્રે આગ ચાંપી.

'બસ, જેગોપાળ સૌને.'

સુમન પાણીની ટોવલી લઈ પિતાના મોં પાસે દોડયો.

'ના, ના; મેં તો અન્નપાણીનો ત્યાગ કર્યો છે;' એમ કહીને એ હસ્યા, ને સુમનનો હાથ ઝાલી કહ્યું: 'ધરતી તો મા છે, એને ભાગવાય નહિ.'

એ શબ્દો અંતિમ હતા. બીજી કશી ભરભલામણ પિતાએ કરી નહિ.

થોડે દિવસે ઓપાળબાનો જીર્ણ દેહ પણ પડી ગયો.

બેઠીના કારજ પર ઘણો મેરો મનખ્યો મળ્યો હતો. એમાં મુખ્ય આવનારા, જેમની જેમની જમીન શેઠને ઘેર મંડાણમાં હતી તે કાઠીઓ હતા. એઓએ સુમનચંદ્રના પગ પકડીને કહ્યું: 'અમારો વાંક નહોતો, ભાઈ જુગાનિયા ને ખાટ-સવાદિયાનાં જ આ કરતૂક છે.'

'જેનાં હોય તેનાં, પણ આજથી તમારી જમીનોના તમે ધણી છો.'

'પણ હજી પાંચ પાંચ વરસ બાકી છે.'

'ના, અમે તો દસ્તાવેજને બાળી દીધાં છે.'

'ફરી કરી આપિયે.'

'ના રે! માંડ નરકમાંથી નીકળ્યો છું.'

આશ્ચર્ય ફેલાઈ ગયું હતું. ત્યારે તો એક સુમનચંદ્રની અંદર બાવલો સુમનચંદ્ર ન્યારો ને નિરાળો જ હતો!

હું તો મારા દાદાનું મોત ન બગડે એટલા માટે બેઠો હતો એટલું ન થઈ શક્યું, દાદાને અમણા ગોતા ન વળાવી શક્યો, બાકી તો એકેય ઓરતો રહ્યો નથી.

બાંની ઝળકતી વાટકીમાં હું ઝેર જોતો હતો. સૂકા ટુકડામાં હવે સ્વાદ આવે છે.

કેવો મોકળો બન્યો!

પરંતુ આ રટણમાં ભંગ પડ્યો. ટ્રેનમાં કોઈક બોલ્યું: 'હવે આવશે ફાગળી.' એ શબ્દોએ સુમનચંદ્રને સજાગ કર્યો.

સસરાને તડ ને ફડ જવાબ દઈ દઉં, એટલે પછી સાવ છુટ્ટો...સાવ છુટ્ટો.

સ્ટેશને સસરા નહોતા, સાસુ પણ નહિ. સારું થયું.

ત્યાં તો ટ્રેનના પછવાડેના ભાગમાંથી એક ટૌકો આવ્યો : 'સુમનભાઈ!'

એ તરફ જ બેઠેલા સુમને નીચે નજર કરી. એક છોકરી, જેના હાથનાં કાંડા પર રૂપાની સફેદ બંગડીઓ હતી ને જેના કપાળમાં ચાંદલો નહોતો, ચણિયા પર છૂટી ઓઢણી ઓઢેલી, હાથે પગે મેંદી હતી, ને લાગતી હતી સોળેક વર્ષની, જેને જોતાં જ જાણ્યું કે લાગે છે મુસલમાન. અજાયબ બન્યો.

છોકરી હસતી હતી, તે પાછળ ફરી કોઈક બીજી છોકરીને કહેતી હતી : 'બોલ તો ખરી, શું કહેવું છે?'

એ પાછળ ઊભેલી બીજી છોકરીએ આડબ જૂએ જોઈને સાડીના પાલવની કોર મોંમાં પકડી હતી. એ આ તરફ જોતી નહોતી.

ટ્રેનનું એન્જિન પાણી લેતું હતું. કેરાળી વોટરિંગ સ્ટેશન હતું.

સુમનચંદ્રે વિસ્મય પામી પૂછ્યું : 'કોણ છો તમે?'

'હું તો મનને ગમે તે હોઉં, આ ઊભી છે તેની ઓળખાણ પૂછોને!' એમ કહીને એ મુસલમાન જેવી જણાતી એક છોકરીએ ફરી પાછળ જોયું ને કહ્યું : 'બોલને ભૈ, શું કે'વું છે તારે?'

એ પાછલી છોકરીએ લગાર સુમનચંદ્ર તરફ જોયું ને કંઈક હોઠ ફફડાવ્યા, એટલે આગલી ખેડૂત છોકરીએ દુભાસિયા તરીકે સુમનને કહ્યું: 'કહે છે, કે આવડા બધા લાંઠકા છો, તોમાં એક છોકરી માથે શું રોફ કરી રહ્યા છો!

સુમનચંદ્રના મોંમાંથી જવાબ નીકળે એ પહેલાં તો એન્જિનના મોંમાંથી 'ફ્રાં......ઓં...ઓં...ઓં' એવા કારમા અવાજે સ્ટીમ છૂટી. સુમનના હોઠના ખાલી ફડફડાટ જોઇ પેલી હિંદુ છોકરી આડું જોઈ હસી પડી ને મુસ્લીમ છોકરી ખોકાંસાં પાડી કશુંક મશ્કરી-રૂપે કહેતી રહી.

૭

છેલ્લો જવાબ પકડાયો નહિ

વરાળ છોડના એન્જિનનો ફૂંફાડો બે ત્રણ મિનિટ ચાલુ રહ્યો. કાન ફોડી નાખે એવો અવાજ એકધારો નીકળતો હતો. એ તકનો લાભ લઈને આ મુસ્લિમ છોકરી પોતાને ગાળો દેતી બગાડા પાડતી હતી એવી સુમનચંદ્રને, છોકરીના હાથ લાંબા થતા જોવાથી પાકી શંકા પડી ગઈ.

કોઈને ખબર પડે નહિ એવી જુક્તિથી અનાડી એન્જિન 'ભફ' કરતું અટકી ગયું અને બંદૂકોની ફડાફડી વચ્ચે પણ સ્વસ્થ રહેનારો સુમન ચમકી ઊઠયો, ત્યારે છોકરીના છેલ્લા બોલ ઊંચે અવાજે સંભળાણા : 'મોટા મુછાળા મરદ થયા છો તે!'

ભોંઠી પડીને છોકરી મોં આડે ઓઢણાનો છેડો કરી આડી ફરી ગઈ અને રાતાપીળા બનેલા સુમનચંદ્રે પોતાની સામે પૂરેપૂરું ફરેલું બીજી યુવતીનું મોં જોયું. એન્જિનની વરાળે એ મોં પર પાણીનાં મોતિયાં ટાંકી દીધાં છે!

'નીકળો એઇ ! નીકળો ત્યાંથી.' ફેરથી સાંધાવાળાનો અવાજ આવ્યો.

'શું છે તી ?' મુસલમાન છોકરીએ સામો છણકો કર્યો.

'શું છે શું ? મરી રે'શો, ચીબડાંની જેમ ચેપાઈ જશો. માલગાડી આવે છે વાંસલે પાટે.'

'તો ઓછાં એટલાં ! પારકાં છોકરાંઉને નિરાંત થાશે.' એ જ છોકરીએ સાંધાવાળાના સમાચારને હળવે સાદે વધામણી દીધી અને બીજીએ કહ્યું : લે ! તારે ય અલા મે'રબાન થ્યો ! ક્રાસીંન (ટ્રેનોનું ક્રોસીંગ) જ આંઈ છે. કરી લે તું તારે પેટ ભરીને કજિયો.'

પોતાની ટ્રેનને સામેથી આવતી ગુડઝ ટ્રેનના આવતા સુધી અહીં અટકવાનું છે એ જાણી સુમનચંદ્ર ભેરવાઇ ગયો.

'ગાડીને માથે રાતાપીળા થ્યે શું કામ આવે ?' મુસ્લિમ છોકરી એવું કંઈ કહીને વળી પાછળ ફરી જતી હતી; પછેડાનો પાલવ એના દાંત વચ્ચે પકડેલો ને પકડેલો હતો.

બેઉ છોકરીઓ બે પાટાની વચ્ચેથી ખસવાને બદલે ફક્ત પેસેન્જર–ગાડીની નજીક જઈ ઉભી.

'જાત છે કાંઈ જાત ! પોતે તો મરશે પણ બીજાને ય મારતી જશે.' સાંધાવાળો આગળ સાઇડિંગના ક્લિપિંગ પર જતો ડાંડો ફેરવતો બબડતો ઊભો.

'મારતી જાશે શું ? મારી નાખેલા જ છે કેટલા !' એન્જિનમાંનો એક આદમી નીચે ઊતરી ગાભો લઈ સાંધા તપાસતો તપાસતો સાંધાવાળાની વાતમાં ટહુકા પૂરતો હતો.

'ઇ નૈં ખસે! ઇ જાત કોણ? અલ્લી! નવાણું ટકાનો ધક્કો લાગતાં વાર નૈં!' સાંધાવાળો હજી બબડતો હતો. 'પાસે જાઇએં ના, તો નવાણું ટકાનો ધક્કો!'

'તમારો કાગળ મળ્યો હતો,' હિંદુ છોકરીએ પહેલી વાર હોઠ ખોલી સુમનચંદ્રના સાંધાવાળાની ફિલસૂફ-વાણી સાથે સંધાયેલા તાર તોડી નાંખ્યા.

એ વિમળા છે તે તો સુમનચંદ્ર સમજી ગયો હતો. પણ એને અહીં એકલી દેખીને થયેલું વિસ્મય હજુ વિરમ્યું નહોતું. માવતરે જ મોકલી લાગે છે ગળે પડવા!

'ત્યારે સ્ટેશને કેમ ન આવ્યું કોઈ?' બાજુએ જોરથી થૂંક ફેંકીને એણે કરડો પ્રશ્ન કર્યો.

'તયેં આ આ(?) કો છે ઇ શું લેખામાં નથી? લ્યો! પૂછે છે મોટા કે કેમ ન આવ્યું કોઈ?' મુસ્લિમ છોકરીએ ચાંદુડિયાં પાડયાં. વિમળાએ વિનયથી કહ્યું: 'બીજું કોઇ ઘેર નથી. ગામ ગયાં છે.'

'ક્યારે?'

'કાલ'

'કાગળ તો પરમ દા'ડે મળ્યો હોવો જોઇયે.'

'મળ્યો' તો.'

'ત્યારે?'

'નહોતો બતાવ્યો. મારા હાથમાં આવેલો.'

બેઉ વચ્ચેનો આ વાર્તાલાપ સામસામાં જોયા વિના ચાલી ગયો. છેલ્લું વાક્ય કહીને વિમળા હેઠું જોઇ ગઈ;

ને સુમનચંદ્રના મોંમાંથી શબ્દ પડયો : 'વાહ !' એ વાહ શબ્દ શાનો સૂચક હતો. સસરા પર પોતે ખાનગીની રાહે ચીતરેલો વિગતવાર લાંબો કાગળ, આ જેને વંચાવવાનો જ નહોતો, તે જ માનવી વાંચી ગયું એનો? આ યુવતીએ બાપ પરની ટપાલ દબાવી રાખી એનો ? કે પોતે એકલી જ આવીને મળી શકે એ માટે માબાપને ગામતરે જવા દીધાં એનો ! સુમનચંદ્ર મનમાં ને મનમાં તપી ગયો. વિમળા ન વાંચવાનો કાગળો વાંચી બેઠી ! એવું એવું વિમાસી રહ્યો છે એની વચ્ચે વિમળાનો તાજો બોલ પડયો :

'આમ કાંઈ ચાલ્યા જવાનું હોય ?'

સુમનચંદ્ર એ વાક્યને સમજી શકયો નહિ; શાંત રહ્યો. વિમળાએ પોતાના બોલનું ભાષ્ય કર્યું :

'જાવું હોય તો'— પાલવની કોર ચંચવાળતી ચંચવાળતી બાજૂએ જોઈને જરીક ખમચાયા પછી બોલી, '...પછી ભલે જવાતું.'

એ શબ્દોનો કંઈ ઉત્તર ન મળ્યો એટલે વિમળાએ એક વાર ઊંચી દૃષ્ટિ કરી. એને જોવું તો હતું —સુમનચંદ્રનું મોં: પણ જોનારીનું જ મોં વંચાઈ ગયું. એ મોં પર રાતી રાતી ટશરો હતી.

સુમનચંદ્રથી કેવળ સ્વભાવને કારણે હો કે પછી 'જવું હોય તો......પછી ભલે જવાતું' એ વાક્યમાં વિમળાએ અણુચ્ચાર્યો છોડેલો શબ્દ 'લગ્ન' પોતાને તુચ્છકારપાત્ર લાગવાથી, પણ એક બાજૂ થઈને થુંકાઈ ગયું.

રાતી ટશરો વિમળાના મોં પર હતી તેમ આંખો-માંયે ફૂટી ઊઠી. સુમનચંદ્રને બીક લાગી કે હમણાં પોતાને ઘસડીને નીચે પટકશે. ત્યાં તો બીજી કન્યાએ ટમકું મૂક્યું :

'કાંઈ મરડ છે ને ! મરડાઈને આપે ને આપે ભાંગી જાશે. વળ જ મેલે નૈં આ તો '

'તું અક્ષરે અક્ષર સાચું બોલી, બાઈ ! ' સુમનચંદ્ર એકાએક પોતાને જે કહેવાનું હતું તે માટેના શબ્દ શોધી આપનાર એ મુસ્લિમ ખેડૂત કન્યા તરફ જોઈને બોલ્યો : 'હું જાઉં છું તે અમારી ઇજ્જતને માટે. પાછો વળીને આપકમાઈની અસલ જેટલી જમાવટ ન કરી બતાવું ત્યાંલગી પરણવા-બરણવાની વાત નથી. આજ આલી પરણીને ઘોલકું માંડી બેસું તો મારા પૂર્વજ દુભાય અને દુનિયા ખી ખી દાંત કાઢે. એને મરડ કહે, વળ કહે કે વટ કહે, તારે હૈયે બેસે તે કહે.' પેલી ખેડુ છોકરીને વધુ તાન ચડ્યું. એણે શરીરને સહજ સુંદર મરોડ આપીને બરાબર સન્મુખ બની પૂછ્યું :

'પણ પાછા આવીને ય પરણવું છે તો મૂળ ઠેકાણે જ ને ? કે ઈ યે દેશાવરથી લેતા આવવું છે ?'

૮

ત્રણ વરસે

છેલ્લા પ્રશ્નનો સુમનચંદ્રે આપેલા ઉત્તરને એન્જિનની વ્હીસલ અને ચાલતી થયેલી ટ્રેનનાં ચક્ર ચાવી ગયાં. એ વાતને પાકાં ત્રણ ત્રણ વર્ષ વીતી ગયાં હતાં. કેરાળી ગામની હેમાણી ખડકીમાં ભાઈજી લૂખસને ખજવાળતા ખજવાળતા અને 'ઘેલી' વિમળા મોં પર છેડો ઢાંકીને તથા ભેંસો ભારવિહોણી બનીને ભર નીંદરમાં પડયાં હતાં ત્યારે જાગતાં હતાં વક્ત ઘેલીની વિધવા બા.

આ ત્રણ વર્ષમાં જમાઈના હાથની કાગળની ચબરખી પણ આવી નહોતી. કોઈ કોઈ વાર ઊડતા સમાચાર મળતા કે મુંબઈમાં ને પછી કલકત્તામાં રહીને પછી મલાકા–સીંગાપુર તરફ ચાલ્યો ગયો છે. કોઈકે વળી એને ત્યાં મલાયામાં ગામડાંની સડકો પર બાઈસિકલ ઉપર કાપડની ફેરી કરતો પણ જોયો હોવાના વાવડ આપ્યા હતા. ડમરાળે પુછાવતાં તો ત્યાંથી પણ મલાકે છે એટલો જવાબ જડતો. ત્યાં યે કોઈના ઉપર એના હસ્તાક્ષરનો કાગળ નહોતો. ડમ-

રાજાને ઘેર બાકી રહેલાં કુટુંબીજનોમાં સુમનચંદ્રનાં માવતર કે માજણ્યું કોઈ ભાંડરડું તો હતું નહિ, એથી 'આંગળીથી નખ વેગળા એટલા વેગળા !' એ ન્યાયે એ વિસારે પડ્યો હતો. ત્રણ વરસ–ને તે પણ તાર ટપાલ કે ખરખબર વિનાનાં—એ કાંઈ થોડી વાત છે !

ત્રણ વરસ !—ઘેલીનાં બા પણ વિચારતાં વિચારતાં ગભરાઈ ઊઠયાં. ઘેલીની હઠીલાઈને પરિણામે અન્ય ઠેકાણે સંબંધ જોડવાની કોશિશ થઈ શકતી નહોતી. દીકરી દી'એ ન વધે એટલી રાતે, ને રાતે ન વધે એટલી દી'એ વધતી વાર્તા-સુંદરીઓની પેઠે યૌવનના, ભરયૌવનના, અને પછી ઝલકતા યૌવનના હિંચોળા ખાતી હતી એ જોતો, જોઈ જોઈ ઊંડાણે શોષાતો શોષાતો ધણી પણ ગામતરું કરી ગયો હતો.

આજ જમાઈ હોય, તો આ ઉઘરાણીના પથારા પતાવે, આ વાડી-ખેતરની વ્યવસ્થા કરે, ને રોજ ઊઠીને પ્રભાતથી અધરાત સુધી લોહી પીતા પિતરાઈઓ પણ ચૂપ બની જાય. જમાઈ હોય તો દીકરા કરતાં ય સવાયું કરી દેખાડે.

ને હવે આ છોકરીના જોબનનો ક્યાંસુધી ભરોસો ! આજ અમલદારની કોરટમાં જઈ તડાફડી કરી આવી તેથી તો ગામ ભુરાયું થયું. કાલ ઊઠીને કોણ જાણે શું ય વાયરા વાય.

પણ આ છોકરી ભારી વહેમીલી છે, એના બાપ બેઠે ક્યાંય બહારગામ મોકલવાની વાત નીકળતી ત્યાં જ કળી

જતી કે હાય નવું વેશવાળ ગોતવા માટે મોકલશે. હવે તો મારી સોડમાંથી ખસે જ શેની ?

એવા વલોપાત સંઘરીને એ સૂતી–પણ કાગાનીંદરમાં. એમ જ પરોઢ થયું. મા–દીકરીએ જાગીને સાથે દોવાં વલોણાં વગેરે આદર્યાં, પણ માની નજર દીકરીના દેહ પર કરડકણી બની ગઈ હતી–રાતોરાતના આ ફેરફારની ઘેલીને કશી ખબર નહોતી, એટલે એનું શરીર તો પ્રત્યેક ક્રિયામાં તાલબદ્ધ તેમજ મોકળી રીતે લોલાયમાન હતું. એના છલકાટ અને હિલ્લોલ પર અરધો દિવસ તો મહામહેનતે રોકી રાખેલી મેલી જીભ એ સમી સાંઝથી વહેતી મૂકી. બૂમો પાડીને ઠપકો દેનારું સારું, પણ કાંઓ ઘૂમટામાંથી હરતાં ને ફરતાં ટમકાં મુકનારી જીભે જુવાન દીકરીને વીંછીના દંશશની વેદના પહોંચાડી.

માની ખીજ વધતી ગઈ, કારણ કે ગામમાંથી આગલા દહાડાનાં પરાક્રમ માટે વિમળાને મુબારકબાદી દેનારાં વધતાં ગયાં તે બધાંની મુલાકાત દરમ્યાન ભાઈજી પાછા હાજર જ હતા, પહેલો તો ખુદ મામલતદારનો એક કારકૂન જ આવીને કહે:

‘ અમારા સાહેબને કોઈક માથાનું ભેટવાની જરૂર જ હતી, વિમળાબે’ને ઠીક દાઢી ખેંચી કાઢી, એવો ગાભા જેવો કરી નાખ્યો છે કે અમને સ્ટાફને મહાસુખ થઈ ગયું.

ભાઈજીથી આ સાંભળ્યું જતું નહોતું. માથે પાઘડી મૂકી બહાર નીકળવા કરે ત્યાં વળી એક વેપારી ખડકીમાંથી

હાક દેતા આવી ચડ્યા : ' હાં હેમાણી ! બાકો કામ હાઈ-ક્લાસ કરી બતાવ્યું કાલ કોરટમાં તમારી વિમળાએ. મામલતદારની ઓખાત બગાડી નાખી. ઈ દીકરો હવે આંહીંથી બદલી માગીને ન જાય તો મૂછ મૂંડાવી નાખું, આ 'મુછ.' બોલતે બોલતે એણે ચપટીમાં ઝાલેલી મુછ માંડ પાંચેક વાળની હશે.

ભાઈજીને માટે તો શબ્દોનું શ્રવણ વિષપાન તુલ્ય હતું, પણ એનાથી બોલાય તેવું રહ્યું નહોતું. રાતે પોતે જે ચિત્ર રજૂ કર્યું તેનાથી આ તો જૂદું જ નીકળી પડ્યું. મા દીકરી બેઉ સાંભળતાં હતાં, કે વિમળાની ગેરઆબરૂ તો થઈ જ નહતી !

પણ ભાઈજી જેમ જેમ ખસિયાણા પડતા ગયા તેમ તેમ વિમળા ઉશ્કેરાતી ગઈ; પુત્રીને મળતી આ બધી શાબા-શીઓમાં એણે આફત વાંચી. એના છણકા બે દિવસમાં તો એટલા વધ્યા કે વિમળાને પણ થયું કે ક્યાંક બહારગામ જવાનું મળે તો લૂગડાં બદલવા યે ઊભી ન રહું.

જવાનું સ્થાન નહોતું, પણ બાના વર્તનના ફેરફારથી અકળાઈને એકાદ કલાક બહાર નીકળવાનો આશરો સ્ટેશન પાસેની વાડીમાં હતો. ઘર, વાડી ને સ્ટેશન ત્રણે નજીક નજીક હતાં. વાડીએ લૂગડાં ધોવા નિમિત્તે પણ જવું ગમતું, કારણ કે ત્યાં સુધી રેલગાડીના પાટા હતા, અને પાટા પર, ત્રણ વરસ પર, એક ટ્રેન એક જુવાનને લઈ, એનો છેલ્લો ઉત્તર સમજાવા દીધા વગર ચાલી ગઈ હતી.

હુરબાઈ—ત્રણ વર્ષ પહેલાં સાથે આવીને ટ્રેનપર સુમનચંદ્રને તડકાવનારી પેલી મુસ્લિમ બેકુ છોકરી આજે તો એક બાળકની માતા–એને સાસરેથી આવી હતી. ઘેલી બોનના બાપાને ખરખરે ઘેર પણ ડોકાઈ ગઈ હતી. એ પછી કંઈ મળાયું નહોતું સાવ કરમાઈ કેમ ગઈ હશે ? આંખો ફરતી કાળી દાઝયો કેમ પડી ગઈ હશે ! મળું તો ખરી.

વાડીમાં પોપૈયા, બકલા, અને ઘઉંના ક્યારા વાળતી હુરબાઈ એક ચણિયાના કછોટાનો, બીજો ઘૂંટણ સુધી ઉઘાડા પગનો, ને ત્રીજો પીંડી સુધી કાળી માટીના કાદવનો એમ કમર હેઠળના ત્રિરંગી ઠસ્સા સાથે કોદાળીના હાથાની હાથાની ટોચે આંકડા ભીડેલા હાથ પર હડપચી ટેકવીને ઊભી હતી. વિમળાને દેખી એણે કોદાળી ઉપાડી, પણ વિમળાએ હાથની ઈશારતથી ‘ હું જ ત્યાં આવું છું ’ એમ સૂચવ્યું. કપડાંની ગાંસડી કૂવાને ઘોરીએ કૂંડીને કાંઠે મૂકી વિમળા ત્યાં પોપૈયામાં ગઈ.

‘ કાંઈ કાગળ પતર નથી ના ?’

હુરબાઈના પ્રશ્નના જવાબમાં વિમળાએ માથું હલાવ્યું; સહેજ મલકાઈ.

‘ કાંઈ ખરખબર ?’

‘ ઈશ્વિરને,’

બેઉ જાણે કે થોડી ધડી, ‘ ઈશ્વિર ’ શબ્દ પર, માથું ઝુકાવી મૂંગી મૂંગી ઊભી રહી. પછી વિમળાએ પૂછ્યું :

'તું કેમ આમ થઈ ગઈ છો ?'

'કેમ ?'

'જાણે આગલી હૂરબાઈ જ નહિ.'

'લે, જો તો ખરી ? આગલું તે કાંઈ રહી શકતું હશે ?'

'એમ નહિ; પણ તું કરમાઈ કાં ગઈ છો ?'

'રત પાલટી.'

'કાં, શું થયું ?'

'તારો બનેવી હાલ્યો ગયો પલટનમાં.'

'હાલ્યો ગયો ?'

'હાલ્યો શું જાય ? ફોસલાવીને લઈ ગયા, બીડીયું આપી, સિગરેટું દીધી, રૂપિયા થોડા દીધા, પીળો દરેસ દીધો, કાંક ન પાવાનાં પાયાં, નશા કરાવ્યા, ને કહ્યું હશે કે આમ આગળ તો તને રૂપમાં એકએકથી ચડિયાતી એવી છોકરિયું મળશે. આ એમ કરીને કાંઈક કાગળને માથે અંગૂઠાની છાપ લઈ લીધી. હું ઘણું રોઈ, મેં કહ્યું. મુવા, તારે નશા કરવા હોય તો આંઈ ને આંહી ફરીથી કર ને, હું તો મારે વાડી ખેતર ને ઢોરઢાંખર સંભાળ્યા કરીશ, તું નશો કરવો હોય તો ય કરજે, આંઈ; પણ તું જા મા, અમને મેલીને જા મા.,

'પછી ?'

'ન માન્યો. માને કાંઈ ? બેપાંચ સરખેસરખા મળીને

અંગૂઠાનું છાપું દઇ દીધિયું, પાનપટી ચાવતો ને સિગરેટના ધુમાડા કાઢતો, મારી તો ઠીક પણ આ અલાએ સમે હાથે દીધેલ એના બાળકની યે સામું જોયા વિના ગાડીમાં ચડી બેઠો. હું તો આને કાખમાં લઈને ટેશનની બહાર વાડય માથે મોં રાખીને ઊભી થઇ રહી.'

'કોણ લઈ ગયા?'

'ઈને મલકમાં કે' છે ને, રંગરૂટીવાળા. ઠેકાણે ઠેકાણે એના માણસો ફરે, ને જેમ ખાટકીના દલાલ ગામેગામ ને સીમેસીમ કતલખાના માટે ઢોર ગોતતા ફરે એમ આ મુવા જુવાનોને લડાઇમાં લઈ જવા ફરે.'

'પણ હવે કાંઈ પતો?'

'કાંક કાગળ બે ત્રણ આવ્યા, કંઈક રૂપિયા આવ્યા, છ મહિના તો છાવણીનું નામ આવ્યું, પણ હવે કાંઈ નામ કે ઠામ? અલાને ખબર ક્યાં હશે. વાતું કરે છે કે મલકપાર ઉતારી ગયેલ છે, જ્યાં મોટો હોબાળો હાલે છે.'

બોલતી, આંસુડાની ધારા લૂછતી અને ક્યારા વાળતી જતી હતી હૂરબાઈ. વિમળાની સામે તો એક નવી દુનિયા ઊઘડી પડી હતી. હૂરબાઇએ વાત પૂરી કરી:

'પછી હું તે ત્યાં રહીને શું કરું? કોણ નિરાંતે રહેવા દે?' એના માવતરને પણ પારકી જણીનો ભરોસો કેટલા દી' પડે? વરસ થઈ ગિયું. પછી ટકટકાટ આદર્યોઃ 'વઉ વાડીએ સાથીની હારે છૂટથી બોલે છે, ને વઉ રસ્તે

ફુલાણા શેઠિયા દ્વારે ભિખિયાટા કરતી હાલે છે ! આ ત્યાં સુધી વાત વધી ગઈ એટલે હું તો મૂંગી મૂંગી મનમાં ઈ ધરમે અલાએલી કરીને આવતી રહી છું, હવે માલિક એને પાછા ઘેર લાવે, અને એનો ક્યાંક પતો પણ લગાડી અપાવે—કે એ તે જળમાં છે, થળમાં છે, કયાં છે, એટલું ય જો જાણું, અરે મરને ભિચાડાને ત્યાં કોઈક થોડા દનની ઘરવાળી ય મળી ગઈ હોય, એથી આપણે શું, બોન ? કોઈનો યે એને માથે ત્યાં હેતનો હાથ ફરતો હોય તો મારો ખુદા રાજી ! પણ કોઈ એનો પતો જ ન આલે ત્યાં હું શું કરું ? બોબો આંસુ આજ ફક્ત તારી આગળ પાડયાં છે. બાકી દીકરાના કસમ જો મા આગળે ય મેં મોઢે ઝાંખપ બતાવી હશે તો.'

એમ કહેતી એ ખૂબ ખૂબ રડી. વિમળાએ પાસે જઈને હુરબાઈનું માથું પોતાને ખંભે લઈ લીધું.

૯

જમાનો બદલે ત્યારે

બીજા એક સાથીને પાણી વાળવાનું સોંપીને હૂરબાઈ વિમળાની સાથે કૂવા પર આવી. ખાટલા પર એક જૈફ ખેડૂત બેઠો હતો. એની દાઢી ધાટી અને રૂની પૂણીઓ જેવી સફેદ હતી. માથાના વાળ અને આંખોની પાંપણો, નેણનાં ભમ્મર, અરે હાથ પરની રૂંવાટી પણ રૂપેરી તાતણા જેવી હતી. બેઠો બેઠો બુઢ્ઢો તસબીના પારા ફેરવતો હતો. એનાં આંગળાંમાં સહેજ કંપારી ચાલતી હતી.

'મારા નાના (માના બાપ) છે.' હૂરબાઈએ ઓળખ આપીને પછી કહ્યું: 'એની વાતો સાંભળવા રોખી છે. હાલો તો.'

'કાં, મોટા બાપુ !' હૂરબાઈએ એના કાન આગળ મોં લઈ જઈને અવાજ કર્યો.

'હં'! જૈફે આંખો પર એક હાથની છાજલી કરી. આંખોના ખૂણામાંથી, ધાણીમાંથી તેલ ટપકે એમ પાણી ચૂતાં હતાં: 'કોણ, હૂરી ?'

'હા. હેં મોટા બાપુ! ઓલી એક વાત આ મારી બે'નપણીને સંભળાવો તો?'

'કઈ વાત?' ઉત્તર દેતે દેતે પાછી ડોસાની માળા તો ચાલુ જ હતી.

'જમાનો બદલી ગિયો એની.'

'હા—ખરું. મારી પંડ્યની જ જિંદગાનીની વાત છે, દૂરી! ઇન્સાન કહે છે કે જમાનો બદલી ગિયો. પણ કોઈ સમજાવે તો ખરો, કે બદલ્યાની એંધાણી કઈ! રૂપ બદલ્યું? રંગ બદલ્યો? સૂરત બદલી? પાધરો હતો તે વાંકો થઈ ગયો? બોલતો'તો તે શું મૂંગો થઈ ગયો? હા–હા–હા–હા–એ છોડી! જમાનો જો! આમ બદલ્યો. ઈ વાતને એક બે ને ત્રણ દાયકા થિયા. ત્રીશ સાલ મોરુકી વાત. હું વયો આવતો'તો ભાડું કરીને. ગાડું હાંકયે આવું છું. પાસે એક ધારિયું. ચાળીશ વરસની ભરજુવાની. ઘરની દસ્ય એટલે ઢાંઢાને ડચકારો ય કરવો ન પડે: હિલોળા કરતો વગડે હાલ્યો આવું છું એમાં વચ્ચે એક ખાતરું આવે. ખાતરામાં ગાડું ઊતર્યું ત્યાં તો મેં એક બાઈને મોઢા આગળ જોઈ અને જેમ બાઈ ખાતરામાં ઊતરી તેમ તો એક ભેખની ઓથેથી ત્રણ જણા ઊભા થયા. બાઈને હાકલીને બોલાવી પાંચે જણે. ત્યાં તો હું ધારિયું લેતોક પડકારીને ઠેકયો ગાડેથી. ત્રણે હરામીને મેં ધારિયે તગડી મૂકયા. બાઈ જોઈ તો જુવાન કોઈ ઊંચ વરણની. રૂપ તો અઢળક ઢળે. કહ્યું કે બો'ન, હાલ બેસી જા ગાડે, કોઈ તારું નામ ન લ્યે. બાઈ કહે કે વીરા! તેં મારાં ઘરેણાં ને મારી જાત્ય બેઉ બચાવ્યાં.

આમે ગામ બાઈને ઊતરવું'તું, ત્યાં ઉતારી એની આંસુ ભરી કૂવા લઈ હું ઘેર આવ્યો. તે દી' રાતે મને ય હરખનું શેવું આવ્યું કે અહાહા, અલ્લાએ મારી લાજ રાખી, મેં એક ઊંચ વરણની જુવાન બાઈને ઉગારી! આ ઇ હતો મારી જુવાનીનો જમાનો. પછી એક દાયકો વીત્યાં મને એ બનાવ સાંભર્યો, ત્યારે થિયું, કે મારું બેટું, ઈ બાઈને બચાવી એના બદલામાં એનાં ઘરેણાં તો લઈ લેવાંતાં! આ ઈ જમાનો બદલ્યાની નિશાની. અને બીજો દાયકો વીત્યો ત્યારે પાછું ઈ સાંભર્યું, અને મને થિયું, કે અરે ભૂંડા! ઈ બાઈ તો હતી એકલવાઈ, એને મેં ઘરમાં બેસારી હત! આ ઈ ત્રીજો જમાનો. લે હાંઉ?'

કહી રહીને બુઢ્ઢાએ માળા ફેરવવામાં ખૂબ ઝડપ વધારી મૂકી. કેમ જાણે જમાનો એની પાછળ દોડતો હોય ને પોતે જમાનાથી ભાગતો હોય!

ડોસાએ વાત પૂરી કરી, ત્યારે બાજૂને ખાટલે પગથી માથા સુધી ઓઢીને ઊંઘતો એક આદમી પડખું ફરી ગયો અને એને ઓશીકે પડેલી તુર્કી (ફેઝ) ટોપીએ ડોકિયું કર્યું.

'કોઈ મેમાન છે?' વિમળાએ કૂવાની કૂંડીમાં કપડાં બોળતાં બોળતાં પૂછ્યું.

'મેમાન રતો!' એટલું બોલીને દૂરબાઈએ નિઃશ્વાસ નાખી લીધો: ને એ ખાટલા પાસે જઈ ઊંઘતા માણસની ચાદર હલાવતી કહેવા લાગી: 'ભાઈ! રમઝુભાઈ! બેસા, હવે તો ઊઠ.'

'સૂવા દેને હવે.' ઘોઘરા, તીખા, એક ટૂંક ધુરકાટ સાથે સૂનારા આદમીએ ચાદરનો છેડો હૂરબાઈના હાથમાંથી ઝટકોરી લીધો.

'પણ ભાઈ !' હૂરબાઈ ફરી સાદ કરવા લાગી : 'આ વાવડો નીકળ્યો છે. આઠ દીથી તલ રઝળે છે. ઊઠ, માંડ અલ્લાએ વાયરું આપ્યું છે. આપણે તલ વાવલી નાખિયે, નીકર બધા ય તલ ટળી જાશે. ઊઠ તો, વીરા !'

હૂરબાઈની એ સુકોમળ જબાને પછી તો એના હાથને પણ મદદે તેડાવ્યા. સુંવાળી હથેળીએ સૂનેલ જુવાનનાં જુલ્ફાં લલાટ પરથી ઊંચાં સંકોરતી ને પંપાળતી એ કહી રહી : 'ઊઠ, ભૈલા ! ઊઠ, મારો વીર કરું. ઊઠ તો'—કોઈ ન સાંભળી જાય એવી ધીમાશથી—'હજી ઓસ્યો બાજરો સંતાડીને ઘર ભેગો કરવો છે. તોલમાં રાજને તોળાવ્યો નથી, એટલે ઝટ ઠેકાણાસર કરિયે.'

સૂનારો ઊઠ્યો. મોંમાંથી એણે જમીન પર થૂંક ને બડખો નાખ્યાં તેમાં પાનપટીનાં રાતાં ભોતાં હતાં. પછી એણે સિગરેટની ડાબલી પોતાની ફેજ ટોપીમાંથી બહાર કાઢી અને દિવાસળીનું બાકસ લીધું, ત્યાં હૂરબાઈએ ફરી કહ્યું : 'ઊભો રે', પે'લાં કોગળા કરી લે.'

બહેન કળશો ભરી પાણી લાવી, ત્યાં તો જુવાને સિગરેટ સળગાવીને ચસકાવવા પણ માંડી હતી ને હૂરબાઈ તરફ એ નઘરોળ નયને જોઈ રહ્યો.

'કેટલો બગડી ગયો છો, ભાઈ !'

'લે, છાની મર.'

'મરું તો તો ઘણુંયે ડુવા દઉં અલાને; પણ એના ઘરની ટાંક માંડી હશે ત્યાં લગણ મરાય છે કોઈથી? 'તારે કહ્યે મરું તો તો તારા મોંમાં પુલાવ મીઠો!'

સિગરેટને છેક થડિયા સુધી નિરાંતે ચૂસી લઈ ઘા કરી નાખ્યા પછી એ જુવાન હાજતે જવા માટે કૂવાની કૂંડી પર ડબલામાં પાણી ભરવા ગયો. ત્યાં એણે વિમળાને જોઈ. જોતાં એના ચહેરા પરની વિકૃતિમાં આછો સળવળાટ થયો. કરડી રેખાઓએ લજ્જાનો પાલવ સંકોરી લીધો.

'અરે, રમઝુભાઈ!' વિમળા પણ ઓળખીને બોલી ઊઠી. 'માંડ ઓળખાણા.'

ઓળખાણ મુશ્કેલ હતી એ તો આ જુવાન પણ મનમાં પામી ગયો. મૂંગો મૂંગો ચાલ્યો ગયો. હૂરબાઈ આ દરમ્યાન વાડીનાં માણસોને જુદી જુદી સૂચનાઓ દેતી દેતી ફરતી હતી. કોશિયાને કહેતી હતી કે 'પૈયામાં પાણી તો છાંટો ભાઈ, દાંદાને ધૂળ કેટલી પેટમાં જાય છે!' પોપૈયાં ખરીદવા આવેલા પરગામવાળાને ઝટ પોપૈયાં તોળી દેવા સૂચવતી હતી. 'માવઠું થાવા બેઠું છે, નીરણ ઉપાડીને ઘર ભેગી કરિયે ઝટ!' એવું વળી ત્રીજાને કહેતી હતી. ચોમેર ઘૂમી વળીને એ પાછી ઘોડિયે સૂતેલા પોતાના છોકરાને ધરાવવા માટે કૂંડી પાસે બેઠી, ત્યારે વિમળાએ પૂછ્યું: 'આ તો રમઝુભાઈ!'

'હા બોન.' હૂરબાઈએ, પોતેજ એ વાત માનતી ન હોય તેવી ઢબે કહ્યું, ને ધાવતા બાળકના કાન પાછળથી મેલ લૂછવા લાગી.

'કેમ સાવ બદલાઇ ગયા છે?'

'અલ્લા જાણે, બેન. બે વરસ કરાચી રહી આવ્યો, તેમાં તો જાણે ઈ રમઝુ જ નહિ ને! રાતના બે ત્રણ વાગ્યા લગી બધાની ભેગો મસીદમાં કોણ જાણે શુંયે કરે છે, બપોર લગી ઊંઘે છે, સાંજે પાછો કોણ જાણે ક્યાં ઊપડે છે. કાંક કાગળિયાં ટપાલમાં આવે છે તે વાંચ્યા જ કરે છે, ને આંખે તો અંગારા ઝરતા હોય છે. પૂછિયે કે તુંને શું વિચારવાયું ઊપડ્યું છે, તો બોલે નહિ. મને તો બસ એમ જ કહ્યા કરે છે કે મુસલમાનની ઓરત થઈને ઈજાર સહરો કેમ નથી પે'રતી? એકલો એકલો બોલ્યા કરે છે કાંઈક: 'લડકે લેંગે પાકિસ્તાન!' આપણે તો શું સમજિયે? બાપ મુવા ને દીકરો કાંઈક તોરે ચડી ગયો. નહિ વાડી ખેતરનાં કામમાં ચિત્ત, કે નહિ ધરાઈ ધરાઈને ખાવામાં ધ્યાન. ભાઈ જેવો ભાઈ હતો, ગાયના ઉપલા દાંત જેવો ગરીબડો. પણ ઈ આપલું નામ કે નિશાન ન રહ્યું. એના આવ્યા પછી તો સુઈ! ઘાંચીવાડના ને વોરાવાડના એકોએક જુવાનનાં રૂપ જ જુદાં થઈ ગિયાં જોઉં છું. માથે રૂપાળા ફેંટાને બદલે ઊંચી ઊંચી ટોપિયું, કાંઈક બિલ્લા, ઘુસપુસ બોલવું—અરે બાઈ! મારા મોટા બાપુએ હમણે કહ્યું ને, એમ જમાનો જ જાણે ઈ નહિ. કંઇક નોખો જ જમાનો બળબળી રહ્યો છે.'

એટલું બોલીને એણે: 'હા......ય રે!' એવી એક હેતભરી નાની ચીસ નાખી, અને ધાવવું છોડીને સામે તાકી રહેલા બાળકને ટપાકો મારી કહ્યું: 'કાંઈ બટકું ભરતા શીખ્યો છે તે! માડી! જોને કેટલા ઊંડા દાંત બેસાડી દીધા?'

એમ કહીને એણે છોકરાને ઉપાડી ભોંય પર મૂક્યો. ને વમળાની સામે સૂચક દૃષ્ટિએ જોયું. વિમળા, હુરબાઈને જે કહેવું હતું તેના મર્મને પામી ગઈ. એ પણ વયમાં કંઈ બહેનપણીથી બહુ નાની નહોતી. હુરબાઈની છાતીમાંથી ફૂટતી ધાવણ-ધાર પર એ તાકી તાકી જોતી ને માથું પાછું નીચું ઘાલી જતી. વળી ઊંચી ડોક કરતી, પાછો પાલવ સંકોરતી, પાલવને ફાટેલો જોઈ પાછી મથરાવટી નીચે ઉતારતી-એમ કરતી કરતી એ પોતાના હેલે ચડેલા દેહના ઢાંકી રાખવા કોશિશ કરતી, કપડાં ધોતી હતી.

'કેમ, બહુ ફાટલાં પે'રવા માંડી છો, ઘેલીબેન ?'

હુરબાઈના પ્રશ્નનો જવાબ તો એણે પોતે જ આપ્યો: 'હા, સાચું. રોકા કાપડ વેચે છે જ ક્યાં ? જઈને ઊભિયે તો કે'શે કે છે જ નહિ ને ! વાંસેથી હળવેક રહી ટમકું મૂકે કે બમણા પૈસા પડશે. બમણું નાણેય આપે ત્યારે તો ચાળણી જેવાં આછાંપાંખાં. તમારે પણ એમ જ ?'

'અમે કાંઈ ટીલું લાવ્યાં ?'

'પણ વેપારી તો તમારી નાતના ને ?'

'એને નાત જ નૈં. એની નાત જ વેપારી. સગા ભાઈનાંય છોડ પાડે.'

પણ આ વાર્તાલાપ લંબાવવાની વિમળાની ઇચ્છા નહોતી. એને બીક લાગી ગઈ હતી કે હમણાં પાછો રમઝાન આવી પહોંચશે. એણે કૂંડીમા પડી. સાડી સહિત જ શરીર ઝબોળી લીધું, અને એને કપડાં બદલવા હુરબાઈ બાજુની ગમાણમાં લઈ ગઈ.

૧૦

બાંધી મૂઠી

એ દિવસની રાતે ગામના નગરશેઠની દુકાને બેસી વિમળાના ભાઈજી હેમાણી શેઠ નગરશેઠની સાથે ખાનગી કંઈક વાત કરતા હતા, એના શબ્દોને પકડયા વગર પણ, એના હાથપગની ચેષ્ટાઓ અને આંખ મોંના હાવભાવ ઉકેલીને કહી શકાય કે વાત અતિ ગંભીર, ગુપ્ત તેમજ તાકીદની છે.

દુકાનનો વાણોતર છોકરો, પ્રથમ વારની સૂચના મુજબ ઉતાવળે જઈને એક દુકાને કંઈક કહી આવ્યો, ત્યાં વળી બીજી દુકાને જવાની સૂચના થતાં એ બીજી વાર દોડયો, ને પાછો ત્રીજી વાર આજ્ઞા થતાં એ ત્રીજે ઠેકાણે પહોંચાડી આવતો હતો ત્યારે રસ્તામાં મળી ગયેલાંઓને કેટલાકને તોતળી જીભે કહેતો હતો કે 'ઈ તો કરમીની જીભ ને અકરમીના ટાંટિયા! શાસ્તરમાં કહી મેલ્યું જ છે ના?'

દુકાન પર નગરશેઠ કંઈક પ્રશ્નો પૂછતા હતા ને હેમાણી જવાબ વાળતા હતાં.

'નજરે જોયો ?'

'હા, સગી આંખે;' કહેતાં એણે આંખોના ખાડામાં આંગળી ખુતાડી.

'કેવડોક હતો ?'

હેમાણીએ બેઉ હાથ લાંબા કરી વાંભનું માપ બતાવ્યું.

'એવડો મોટો ?' શેઠના મોં પર અજાયબીનાં ચિહ્ન ખેંચાઈ આવ્યાં.

'ધરમથી.'

'દરમાં પેસી ગયો ?'

'બચાડો પાણીના રેલા જેમ દરમાં હાલ્યો ગયો.'

'સામો થ્યો'તો ?'

'અરે વાત કેવી ? ગાયના ઉપલા દાંત જેવો હતો બચાડો.'

'પથરા માર્યા એ તમે જોયું !'

'આંખ્યુંના સમ. માથે રાત જેવું ધાણું છે. ખોટું શીદ બોલું ? આમાં કયાં ઘરાકને સાચવવું છે ?'

'કેટલા પથરા માર્યા ?'

'ઈનો તે નેઠો હોતો હશે ? પણ તમે જોયો હોય તો છક થઈ જાવ. રેશમનું આંટલું જોઈ લ્યો ! ધમરક સોનાની પાટ જોઈ લ્યો આપણુને તો કળના દેવ જ લાગે. દીવો કરીને પગે લાગવાનું જ મન થાય. એવા જીવને માથે ગજબ ગુજાર્યો.'

'દરમાં તાપણું કર્યું ઈ તમે દીઠું ?'

'દીઠું, બાપુ, દીઠું; સગી આંખે દીઠું. ઘાસની કોળી લીધી, કરગઠિયાં વાળ્યાં, દરમાં બધો કૂચો ઠાંસ્યો, ને પછી દિવાસળી મેલી. મેલ્યા ભેળું તો સડડડડ !'

'તમે જોતા'તા ને બધું કર્યું ?'

'જોતો હોઉં તો જ આ બધો વરણુવ કરું ને ? હેમાણી શેઠ વર્ણનને વરણુવ કહેતા.

'એણે તમને જોયા'તા ?'

'ના રે ! મને જોઈ શકે તો તો પછી થઈ રહ્યું ના ? હું તો બાપા, રેલ્વેની સડકને માથે, સિગલના ઓટાની આડે લપાઈ ને જોતો'તો.'

એટલી વારમાં તો વાણોતર જેને તેડવા ગયો હતો તે ત્રણે મહાજનના શેઠિયા હાજર થયા, અને બજારમાં બહુ અવરજવર ન હોવા છતાં, હેમાણીએ કહ્યું કે 'આંહી નીચે નહિ, મેડીએ જઈએ તો ખુલાસે વાત થઈ શકે.'

પાંચે જણા ચડ્યા મેડી ઉપર. ત્યાં ગોઠવાઈ ને બેઠા પછી નગરશેઠે ભીંતનો પથરો પણ રખે સાંભળી જાય એટલી બધી તકેદારી રાખીને પછી, આવેલાઓને વાત કહી—

'આજ બપોરે રેલ્વેની સડકના નકટી–નાળા આગળ, બજારે જવાના જે ખાડા છે તે જગ્યાએ, એક મુસલમાન જુવાને એક મોટા સરપને પથરે મારીને પછી, એ સરપ ભોણમાં પેસી ગયો, એટલે એ ભોણને મોઢે ઘાસ, કરગઠિયાં ઠાંસીને દિવાસળી ચાંપી દીધી છે, ને એ બનાવ હેમાણીએ નજરોનજર જોયો છે.

સાંભળ્યા પછી ત્રણમાંથી એક બુઝર્ગ જેવા જણાતા વેપારીએ કહ્યું: 'તે હવે શું છે એ વાતનું ?'

'શું છે એટલે ?' હેમાણી સહેજ તપ્યા.

'એટલે એમ છે, ભા, કે એવી વગડામાં બનેલી બાબતને ચૂંથવાની શી જરૂર છે ? તમારી નજરે બની છે ?'

'અલબત્ત.'

'એમ નહિ, તમારી સામે જાણી જોઈને તમને ફસાવવા સારુ એ કામ થયું છે, હેમાણી ?'

'ના.'

'તયેં પછે ? એવી વાતને ચોળિયે નહિ; નીકર છાણે ચડાવીને વીંછી ઘરમાં આણવા જેવું થાય;' કહીને એ વૃધ્ધે કપાળે હાથ ફેરવ્યો.

'કોનો છોકરો હતો એ ?' બીજા એક આધેડ વયના ગૃહસ્થે પૂછ્યું. એના ગળામાંથી ઘાંટો ઘસાઈને પેચાઈને બહાર નીકળતો હતો.

'કાસમા ઘાંચીનો. નામ રમઝાન. દેશાવરથી આવ્યો છે હમણાં.'

'કાસમા પાસે તમારું કંઈ લેણું તો નથી ને, હેમાણી ?' એમ પૂછતાં પેલા બુઢ્ઢાએ મોં મલકાવ્યું.

'દુકાની યે નહિ.'

'તયેં તો, ભા ! કહું છું કે આ વાતને આંહીં જ દાબી દેજે: નાહક ઊંડ પાણા પગ પર કરીશ મા.'

'તો ભલે. મા'જનનું આથમી ગ્યું માનશું. ઈ સુંવાળો જીવ, વાંભ એક પૂરો, આગમાં કેવો સસડ્યો હશે, એ વિચારે જ હું કળકળું છું. પણ હવે કાંઈ નહિ. મા'જનનું જોર ગ્યું. પાણી ગ્યું. ક્યાં એ વખત ને ક્યાં આ કાળ! પેટીમાં નાંખીને પરમાટી પરગામથી સંતાડી લાવનારને એક જણને માટે પણ જે મા'જને હોલ મેમણ કોમને હલબલાવી મૂકી'તી ને માફી મગાવી'તી, તે જ મા'જન આજ ચૂં કે ચા કરી શકે નહિ, એવી વેળા આવી ગઈ. કાળે અરજણ લૂંટિયો, એઈ ધનુષ એઈ બાણ, આ એના જેવું થ્યું.'

બીજા બે જણા, જે ચૂપ હતા તેમાંથી એકનું શરીર સળવળ્યું. બુઢ્ઢાએ એને પૂછ્યું: 'કાં નાગર, તારે કાંઈ કહેવું છે?'

'આપણે કાંઈક એવું કરિયે, કે સરપ મરે નહિ ને લાકડી ભાંગે નહિ.'

'શું? તું જ કહે.'

'કાસમાની વઉને છાતીમાની તેડાવી ઠપકો દેવો, એટલે એને ખબર તો પડે કે આ કૃત્યોને આપણે જાણિયે છિયે, પણ મોટે દિલે એ બધું નભાવી લઈયે છિયે.'

'એ વાતમાં કાંઈ માલ નથી, નાગર!' બુઢ્ઢાએ કપાળે ફરી હાથ ફેરવતાં ફેરવતાં જણાવ્યું: ઈ ભલી હશે તો પાલવ પાથરીને કહેશે કે છોકરાને કશું કહી નહિ શકું, બાપજી! ને જો બાંડી થઈને બે ગરમ વેણ બોલી નશે તો આપણી બીડી મૂઠી ઉઘાડી પડી વા ખાશે. માટે હું તો કહું છું કે, ભા!

કાળને ઓળખો, કાળબળને પિછાણો; પેટના પાકેલા જુવાનને પણ કશું કહી શકાતું નથી, તો આને, દેશ આખામાં વીફરી બેઠેલાઓને શું કહી શકાશે? હજી શ્રાવણ મહિનો પાળે છે, ખાટકીની દુકાન રાજીખુશીથી ખોલવા રજા દીધી તે છતાં ખોલતા નથી. ખાજ અખાજ જે કાંઈ કરતા હોય તે અદબ આમન્યા રાખીને કરે છે, ને વળી જુએ પણ છે કે આપણા મા'જનના જ કેટલા નબીરા ગરાશિયા ફોજદારની સાથે ગામડે જઈ જઈ કેવી ગોઠ ઉડાવે છે. માટે મૂંગા રહો તો ઠીક છે; ભરમ સચવાશે. બોલ્યું બહાર પડ્યું એટલે પછી હાંઉ; વા ખાશે.'

ગરાશિયા ફોજદારની સાથે ગામડામાં દારૂ–માંસની મહેફિલ ગોઠવનારા મહાજનના ગૃહસ્થોના નબીરાઓની વાતનો ઇસારો થતાં તો ત્રીજા જે ગૃહસ્થ તદ્દન ચૂપ હતા તેમનું શરીર તકિયા પર એકાએક સંકોડાઈ ગયું. બુઢ્ઢા વેપારીએ એમની સામે તીરછી નજરે પણ જોયું નહિ.

૧૧

મુર્દામાં પ્રાણસંચાર

સુરપની હકીકત પર આ રીતે ધૂળ વાળીને પાંચે ગૃહસ્થ છેવટે ઊઠી ગયા, પણ હેમાણીના પેટમાં અજાશિયાંની જેમ એ વાત સળવળતી રહીઃ એમના હોઠ ફફડ્યા વગર રહી ન શક્યા. ઠેર ઠેર એણે આ ઘટના વર્ણવીને 'સરપ કેવો સસડ્યો હશે!' એ કલ્પનાનું કરુણ ચિત્ર દોર્યું, અને મા'જનની પત ગયાનું કલ્પાંત કર્યું. એક દુકાને બેઠેલા બે ત્રણ જણના પગ પર ને ખભા પર થપાટો લગાવતે લગાવતે એણે કહેવા માંડ્યું: 'ઈ જમાનો ક્યાં, ને ક્યાં આ જમાનો! વીસ વરસમાં તો મા'જને દિવાળું કાઢ્યું. તે દી તો ફૂલા શેઠનો હાકોટો હતો. પેશાબ છૂટી જાય પેશાબ! ઊભા મોલમાં ધણખૂંટ ચરતા તે દી પણ એકુ લાકડી તો મારી જુએ! ચામડાં ચીરી નાખે ફૂલો શેઠ. તે દી તો ભૈલા–' (પાસેના એક જુવાનને સાથળ પર હથેળી મારીને–) તાજિયા ફૂલો શેઠ નક્કી કરે ઈ ટેમે નીકળે ને ટાઢા થાવ. એ દી' તો દીકરા માગ! ગલૂડિયાનો પગ કચરાતો જો ગામની બજારમાં, તો પચીસ દુકાનદાર ઠેકડો મારીને હાટેથી

ઊતરતા, ગાડાખેડુને ટાંટિયે ઝાલીને નીચે નાખતા, ઓલ્યો ભલેને પાઘડું ઉતારે, ભલેને બળદનો વાંક કાઢે, પણ પ્રથમ તો ઠીંકે પાટુએ ખોખરો કરતા ને પછી બે મણ જાર ચબૂતરે નખાવતા, આ ઈ જમાનો હતો મારા બાપ!'– કહીને વળી પાછું થપાટનું પૂર્ણવિરામ એક ત્રીજા સાંભળનારની છાતી પર મુક્યું.

'હવે એ જમાનો ન કહેવાય, હેમાણી ફુવા!' નવા જ કટનું જવાહર જાકીટ જીવનમાં પહેલી જ વાર (કારણ કે એના બાપાનું મરણ થયું હતું) સિવડાવીને પહેરી આવેલા જુવાને ફુવાને, ઉશ્કેરવા માટે જ જાણે કહેતો હોય એમ કહ્યું: 'ફૂલા શેઠ જો આજ હોત ને, ફુવા, તો એને ય સમસમીને બેસી રહેવું પડત. ઠીક હવે, તે દી નાના મોટા અમલદારોને હારતોરા પેરાવીને અમે માંજનને પૈસે કે અપાશરા દેરાસરને ખરચે જોખમે વારપરબે અમલદારોને મીઠાઈના ખૂમચા મોકલીને ચલાવ્યું હતું, મારા ભાઈ!'

'લે હવે રાખ રાખ, ગગા!' હેમાણીને પણ જુવાને ઓતાર આને એમ ચાનક ચડી; 'મીઠાઈ યે દેવી પડે ને અનાજની ગુણો યે મોકલવી પડે. કારભાર ચલાવવા'તા! છોકરીની રમત નો'તી કરવી. હાકેમોને હાથમાં રાખવા જોવે, ગગા!' એમ કહીને વળી પાછો એ જુવાનનો વાંસો થાબડયો. અને બીજો એક જણ આ વાર્તાલાપમાં નહોતો તેને પણ ઢઢબડાવીને પૂછ્યું: 'ખોટું કહું છું, મફતલાલ?'

મફતલાલ આગલા દિવસનું વાશી છાપું, એ દુકાનેથી જડી ગયું તેનું વાચન કરતા હતા. એની આંખો, વિશ્વયુદ્ધમાં

ઊતરેલા જાપાનના એક પછી એક પરાક્રમને પકડતી હતી, અને એને ઓચીંતાનો આ હેમાણી શેઠનો હડદોલો વાગતાં એ બોલી ઊઠયા : 'લ્યો, મારા શેઠ, રંગૂનને માથે વાવટો ચડી ગ્યો.'

'કોનો ?'

'ચીબલાઓનો.'

'એનું શું છે અટાણે ?'

'રૂનો સંઘરો તો રાખી મેલ્યો છે, ને પાછા અજાણ્યા થાવ છો ?'

'રાખ્યો છે–તેં ને મેં બેઈએ. પોક મૂકિયે બેય ભેળા.'

'શા સારુ પણ ?'

'કોણ કાકા પૂંભડાને ય સૂંઘશે જાપાન વગર ?'

'પણ ઈ જ સૂંઘશે ને ?'

'શી રીતે ? સુલેહ થાય એવું લાગે છે ?'

'સુલેહની શી જરૂર છે ?' મફતલાલે, પોતે કશુંક અત્યંત ડહાપણભર્યું બોલે છે એવું પોતાને લાગે ત્યારે આંખ ઉલાળવાની ટેવ પ્રમાણે આ બોલતી વેળા ભમ્મર ભાંગ્યાં.

'એટલે ?'

'સમજો તો તો હેમાણી શેના ? અરે કાકા !'–(કાન પાસે હોઠ લાવીને)–'કલકત્તા, સિલોન ને મુંબઈ, ત્રણ લેતાં હવે શી વાર છે ઈ ઠીંગુજીને ? અસ્તરો કાંઈ જેવો તેવો હાલે છે ટોજાનો ?'–(જાપાનને યુદ્ધમાં ઉતારનાર વડા પ્રધા-

નનું નામ ટોજો ને 'ટોજો', શબ્દનો અર્થ અસ્તરો થાય છે.) ઈ ત્રણ છેડા પકડયા પછી રૂની એકય ગાંઠ મેલશે જાપાન ? મોં માગ્યાં મૂલે ઉપાડશે-માગનારો ભૂલે!' ને આપણું બંદર તો પે'લું પડયું જાણજો. એટલા સારુ તો રાજધાની ફેર-વવાની વાત થાય છે.'

'તો તો તારા મોઢામાં સાકર હો ભૈલા, મફા. મારો તો જીવ-એંહ-આમ-(હાથનાં પાંચે આંગળાં એકત્ર કરી ઉઘાડ બીડ કરતાં કરતાં) લબલબ થાય છે. જાપાન તો લડાઈમાં બ્રહ્માંડ ફર્યેય નહિ પડે એવી આશાએ ગજા ઉપરવટ ગાંસડિયું ખડકી છે, ભૈલા.'

'કાલા શીદ થાવ છો કાકા?' મફતે હેમાણીને ડેબામાં આંગળી ઘોંચીને કહ્યું: 'ત્રિલોકચંદજી જેવા મા'રા-જને સાધ્યા છે તે ટાંકયું રે' છે શું કોઈનું?'

'બોલ મા, બોલ મા, મફા.'

'ખાવ મારી કાકીના સમ.'

'પત્યું. તને સાચે જ લાગે છે?'

'શું?'

'કે ચીબલા ઊતરશે?'

'પૂછો લધરચંદના દીકરાને. કલકતેથી ભાગી આવ્યો છે.'

'શું કહે છે?'

''કે સરકારે બંગાળ, આસામ બેઈ ખાલી કરવા માંડયાં છે. ઠેઠ બિહાર આવીને બેસશે વચ્ચે કોઈ મોરચો જ નહિ, ને તાતાનગરને તો ફૂંકી દેવાની જ વાત નકકી કરી છે.'

'ને ગાંધી બાપો ?'

'ઇ એની ગતમાં જ રમતા હશે. વાંદરો ઠેક ભૂલે નહિ.'

'પણ મગનું નામ તો પાડ.'

'સુભાષબાબુને બહાર રવાના કરી દીધા છે શું સમજ્યા વગર ?'

'કોણે મા'રમાએ ?'

'બીજાની મગદૂર છે ? બંગલામાંથી એક ફુંક ભેળા અલોપ કર્યા.'

'ક્યાં ?'

'જર્મન જાપાન પાસે. એ ત્યાંથી ત્રાગડો રચશે, ને આ આંહીંથી.'

'હળવે બોલય હળવે.'

'અરે છાપરે ચડીને બોલિયે તોય આંહી કોણ બાપ પૂછે છે ? સરકાર તો હાલકલોલ છે, ઈ બેટકું હવે હેમખેમ રહેવાનું નથી.'

'અંગ્રેજ શે'નશાહ તો ભાગી ગ્યો ને ?'

'હા, ઈ તો વે'લું આવે અમેરિકા !'

'એના નામનાં રેડિયામાં ભાષણ કરાવે છે ઈ તો બનાવટ ને ?'

'નરાતાર.'

'ત્યારે હવે સરકારી નાણાંનું શું ?'

'કાગળિયાંના ઢગલા ! રાઈ ડાબને પીઓ.'

'મારી પણ ભૂલ થઇ જે કાંઇ! કેટલી જમીન હાથથી ગઇ! કેટલાં સોનાં! કેટલાં બિયાં! ધ્યાન જ ન રહ્યું. તારે ગળે હાથ.' કહેતેકને હેમાણી કાકાએ મફતલાલની ગરદન પર છૂરીની માફક પોતાના પંજાની ધાર ફેરવી.

આ એક જ દુકાને નહિ, પણ પ્રત્યેક હાટડે, ચૌટે, મંદિરે, મારકિટે, ઠેકાણે ઠેકાણે, કાજીયેલી, અલગારી, અને નખશિખ ક્ષુદ્ર સ્વાર્થની વાતચીતોથી ગામ ભરપૂર હતું. બધાં ગામોની એ જ દશા હતી. લોકોની આંખો પાંચના આંકડા તરફ ધીમે પગલે ડચકાં ખાતાં ચાલ્યા જતા ઘડિયાળ-કાંટા તરફ મંડાઇ રહેતી. કેટલાયે કાન સ્ટેશનની દિશામાં તાર સાંધીને એકધ્યાન બન્યા હતા. મુંબઇની મેલગાડીને આવવાનો વખત થાય ત્યારે, અંધાણીને કસુંબાને ટાણે થાય તેમ ગામની નાડીઓ તૂટું તૂટું થતી હતી. રાંકાં અન્નક્ષેત્ર તરફ દોડે તેમ માણસો સ્ટેશન ભણી ચાલી નીકળતા, ભાડુતી ઘોડાગાડીઓ ત્રણ ત્રણ ફેરા કરતી, અને મુડદાલ ઘોડા વગર જીવે ફક્ત આદતના માર્યા જ દોડયા જતા. ઘોડા પટકાઇ પડીને જાન કાઢી નહોતા નાખતા એ જ એક આશ્ચર્ય હતું, પાંચ પેસેંજરને ખેંચતી ગાડી પર, આ કે તે ગલ્લીએથી, નાકેથી એકાએક પોલીસવાળો કે કારકૂન ચડી બેસતો. સર્વ માનવપ્રવાહો केशवं प्रति અર્થાત્ स्टेशनं प्रति જતા હતા, કારણ કે જીવન જેવું જો આ ગામમાં કયાંયે હતું તો તે સ્ટેશન પર, ટ્રેનો આવતી વખતના અરધા કલાકમાં હતું.

મફતલાલ અને હેમાણીકાકા પણ સ્ટેશન તરફ આવ્યા.

અળશિયાંના ટુકડા થાય અને એ છૂટા પડેલા ટુકડા પણ જેમ ચાલવા લાગે, તે રીતે સ્ટેશન પર આવેલી એ ત્રણ ટ્રેનોના પણ ટુકડા પડીને શન્ટિંગ એન્જિનોની પાછળ આમતેમ દોડયા જતા હતા. જે ગામમાં જીવન એકદિશાથી અખિયાર હતું તે ગામનાં રહીશોને આ ટ્રેનોની તોડજોડ, એન્જિનના ફૂંફાડા, ઉતારુઓના ઘોંઘાટ, છાપાવાળાના ઘુમાટા અને સાસરવાસીમાં જતી સ્ત્રીઓનાં રુદન પણ ચેતનપ્રદ અને સ્ફૂર્તિપોષક હતાં. એમાં સૌથી અધિક પ્રાણતત્ત્વ તો સ્ટેશનમાસ્તરની કચેરી પાસે પ્રકટયું હતું. જનપ્રવાહ ત્યાં ધસી પડયો હતો. ચાની કીટલીવાળા પણ ત્યાં થંભી રહ્યા. બેત્રણ ગાર્ડ, ચારપાંચ ટિકિટ–ચેકર, પોલીસો, વાણિયા, મોદીની મદદે ખોડંગતા ચાલતા ગામના વૈદરાજ, બે પાંચ વકીલ, વગેરેનાં છંટણાંથી વિચિત્ર બનેલા એ ટોળામાં બે માથાંની ટોચ નીકળી હતી. ગફુલાલ અને હેમાણીકાકા જ્યારે એ ગીચ ખાટા માનવ–કૂંડાળામાં કોણીઓ અરાવી અરાવી માર્ગ કરી આગળ પહોંચ્યા ત્યારે એમણે જોયું, કે એમાંથી એક હતા ભાનુશંકર ટી. ટી. ઈ. (ટ્રાવેલિંગ ટિકિટ એક્ઝામિનર, અર્થાત્ ટ્રેનમાં મુસાફરોની ટિકિટ તપાસનાર) અને સામે હતો એક કદાવર જુવાન, જેણે ખાખી એક ગરમ શર્ટ, લાંબું પાટલૂન, હોલબૂટ, માથા પર ખાખી ટોપી, વગેરેનો બનેલો લશ્કરી લેબાસ પહેરેલ હતો. એની છાતીએ બે ત્રણ રંગોની મિશ્ર કંઈક ફીતપટ્ટી અને ખભે કશાક અક્ષરોવાળું પીતળનું ચગદું પહેરેલું હતું. એની નાની નાની કાળી મૂછોના આંકડા છટાથી વળેલા હતા.

'પાંચ રૂપિયા, સાત આના ને ત્રણ પૈસા તમારે કાઢી નાખવા જ પડશે. ભલે તમે શહેનશાહ એડવર્ડ હો.' એમ કહેતા ટી. ટી. ઈ. ભાનુશંકર એને ખભે હાથ મૂકતા હતા.

'દૂર સે બાત કરો. અમ ચોરડાકુ નથી. આ દેખો અમારા પાસ, અમ મિલેટરી હે. લખી લ્યો અમારા કાન્ટોનમેન્ટ કમાન્ડિંગ કા નામ, ઔર ઉસકો તાર કરીને પુછાવો કે ફલાણા ફલાણા નંબરનો......'

'એ વાત તમે અમારા રેલ્વેના ઉપરીને લખી જણાવજો, ભાઈ; બાકી પૈસા તો કાઢી જ દ્યો; રસીદ ખાસી મઝાની કરી આપું છું.' ભાનુશંકરના હાથમાં પાવતી બુક હતી, અને એનું કોરું પાનું એણે સૌ દેખે એમ ખુલ્લું રાખ્યું હતું.

'અમ મિલેટરીના માણસ.' પેલો કદાવર આદમી મોટી શરાફી પેઢીના પ્રતિનિધિની અદાથી, ભાનુશંકરના જેટલી જ ખામોશ રાખીને શાંત જવાબ વાળતો હતો: 'અમને રેલવામેં ફુકટ હોલ ઈન્ડિયામેં ફરવાની છૂટ છે. દેખ લ્યો આ પાસ.'

'એમાં એવું કાંઈ નથી.'

'તો પુછાવો તાર કરીને, હું મારી રેજમેન (રેજી-મેન્ટ)નું ઠેકાણું આપું છું. નાશક દેવલાલી કોટી' ફાઈફ મદરાસી રેજમેન, ઉસકા કમાન્ડિંગ સાબ હે બૂચર સાબ.'

'બૂચર જ હોને બરાબર. એ વિના આ ખાટકી વેડા......' ભાનુશંકરે બૂચરનો અર્થ કરતાં બચા હસી

પડ્યા. 'ઠીક પણ, હવે તો જે કહેવું હોય તે સ્ટેશન માસ્તર સાહેબને કહો.'

સ્ટેશન માસ્તર આ તબક્કે વચ્ચે રજૂ થયા. એમણે એકડે એકથી પૂછ્યું: 'શું છે?'

ભાનુશંકરે કહ્યું: 'ઠેઠ જેતલસર જંક્શનથી મેં આ ગૃહસ્થને ડિટેક્ટ કર્યા છે. કહે છે કે આવું છું જામનગરથી, ને જાવું છે નાશક. પૂછ્યું કે તમારો પાસ તો વઢવાણ જંક્શન પર થઈને જવાનો છે. તો કહે છે કે મારે આ જેતલસર–ધોળા રસ્તે જવાની મરજી છે. મેં કહ્યું કે એ ન ચાલે, એક્સેસ ચાર્જ કર્યો, તો કહે છે કે ન દઉં, મિલિટરી છઉં.'

'બેશક છઉં;' પેલાએ મૂછ આમળી.

'પણ તમારા જેવા તો, બાપલા! મારે પનારે રોજના પંદર વીસ પડે છે. ઈ બધાય તમારા જેવા જ મિલેટરી? ને બધાય વિધાઉટ ટિકિટ: પૂછિયે તો બધાય કે'શે, કે તાર કરો ફલાણી ફલાણી રેજીમેન્ટ પર.' ભાનુશંકરને એ બધું બોલવામાં દૂધપાકના સબડકા ભરવા જેટલો સ્વાદ આવતો હતો.

'તમે ક્યાંના છો, ભાઈ!' સ્ટેશન માસ્તરના એ પ્રશ્નના જવાબમાં મિલિટરીવાળાએ કોઈ એક ગામડાનું નામ આપ્યું.

'કેવા છો જાતે?'

'સીપર.'

'ઈ વળી શી જાત?'

'દેખ લો આ પાસબુક.'

'સ્ટેશન માસ્તરે વાંચીને કહ્યું: 'અરે સ્વીપર! ઓ મારા દાદા! ત્યારે એમ કહેને કે ઢેઢો ભંગિયો છું!'

'એસી બાત મત કરો. મેં સીપર હું. ઉસમેં લિખ્યા હૈ.'

'અરે ઢેઢો–ઢેઢો આ તો.'

એ શબ્દો ઉચ્ચારીને સ્ટેશન માસ્તરે આખા ટોળાને હસાવ્યું.

એ હાસ્યના ખખડાટ સામે આ લશ્કરી માણસ ચોમેર રાતી આંખે જોઈ રહ્યો.

'ક્યાં જવું છે?'

'આંહી જ.'

'ક્યાં ભંગીવાસમાં કે ઢેઢવાડે ચમારવાડે?'

'ભંગીવાસમેં.'

'જવા દેને હવે, ભાનુ.' સ્ટેશન માસ્તરે, ભંગી સમજીને માણસ થૂંકતો હોય એવો ભાવ પ્રદર્શિત કર્યો.

'આપ કે'તા હો તો ભલે; બાકી રોજના આવા પંદર બેટે છે, સાહેબ.'

'મુવા! જા ભાઈ જા, ને હવે પછી ગાડીમાં ટિકિટ લઈને ચડજે, હો ભા!'

'ના, તેનું કાંઈ નૈં. બાકી તુમ તાર કરકે પુછાવના. હમારા સાબ ચારચ (ચાર્જ–પૈસા) ભર દેગા. ફિકર મત કરના. અમ હાલી મવાલી નેઇ. અમ પાકા મિલેટરી. હાં

હસનેકી બાત નેઈ. અમ હોલ દુનિયા દેખી હે. ફ્રાન્સ, મિસર, પેલેસ્ટેન, ઈરાક, બર્મા, મલાયા, સીંગાપુર, સબ ઘુમ્યા, પણ એટીતલાક ઇસ દેસ તો કોઇ નવાઇકા હૈ. દેડા દેડા કરતે હૈં, ભંગી ભંગી કરતે હે, થૂ થૂ સિવાય દૂસરી બાત નેઈ.'

એવા એના બોલ પર ટોળું ખી-ખી કરતું કરતું વીખરાયું, અને એ આદમી, કેમ જાણે એની લશ્કરી છાવણીમાં પરેડ કરતી વેળા કદમો ભરતો હોય, તેવી અદાથી એ સ્ટેશનના પ્લેટફોર્મ પર પણ ચાલવા લાગ્યો. એની ચાલ તાલબંધ અને ગૌરવભરી હતી. સીનો સ્વાભાવિકપણે ટટ્ટાર હતો. હૈયેહૈયું દળાય તેટલી ગીરદીની વચ્ચેથી એ વગર અફળાયે, વગર અટક્યે, નિરર્થક કશી તકેદારી કે ગૂંચવણ ગભરામણ વગર ચાલતો હતો. વળી તેણે સિગરેટ સળગાવીને પીવા માંડી, એ જોઈને તો ટી. ટી. ઈ. ભાનુશંકર, બગલથેલી પર બોડંગતા વૈદરાજ, મફો ઉર્ફે મફતલાલ તથા હેમાણી કાકા ઉપરાંત બીજા કેટલાક, ચાર ચાર આંખો કરી તાકી રહ્યા.

'રુવાબ જોયો રુવાબ દેઢાનો! ચાર્જ કર્યા વગર છોડવા જ ન જોવે ને દીકરાઓને!' એ શબ્દો ટી. ટી. ઇ. ભાનુશંકરના હતા.

'આ લડાઈ તો કાળા કોપિની થઈ. દેઢા ભંગિયાની ખોપરિયું પણ ફાટી.' વૈદરાજે કહ્યું.

'ધીરા, બાપલા, ધીરા!' મફો કહેવા લાગ્યો; 'ઓલી કોરથી હિટલર અને આ કોરથી ટોજો, બેયને ભગવાને આ હિસાબ ચોખો કરવા જ ઊભા કર્યા છે,'

આવી આવી બહુવિધ રીતે નવો પ્રાણસંચાર અનુભવીને ગામલોકો પાછા ગામ ભણી ચાલ્યા ગયા, એકાદ કલાકનો જલસો માણીને પછી સ્ટેશન રોજના ભૂખડી બારશ શન્ટિંગ એન્જિનની તુંડમિજાજી દોડધામથી શરમાતું સૂનકાર પડ્યું, મુરદાં પર એકઠાં મળેલાં ગીધડાંની યાદ દેતા કેટલાક લોકો ગોદામ પાસેના ધક્કા પર માલગાડીના ડબ્બામાંથી નીકળતા સામાન પાસે ઊભા હતા. બેત્રણ સાંધાવાળા લબર વધર ડગલાની ફડશો ઊંચી કરી ટોલા (જૂ) ચૂંટતા હતા:–

એવા સાંઝે પેલો મિલિટરી સ્વીપર, પાંચ સાત ભંગીલોકોના ટોળાની મોખરે કાસમ બાંગ્યાની વાડીએ ગયો. રમઝાન ત્યાં ખાટલે બેઠોબેઠો, ઢોર વાગોળે એમ મોઢું પાનબીડું બેઉ ગલોફાંની વચ્ચે ફેરવતો ફેરવતો ચાવતો બેઠો હતો.

બીજા ભંગી લોકોએ 'અન્નદાતા! બાપ્પા સાબ! ખુદાવંદ!' એવું બોલી ધરતી સુધી ઝૂકી સલામો કરી. પેલા પરોણાઓ તો સ્વાભાવિક અદાથી ટટ્ટાર સીનો સાચ-વીને જ હાથ થોડો કપાળ ભણી ઊંચો કર્યો.

'કેમ?' રમઝાને પૂછ્યું.

મિલિટરી સ્વીપરે કહ્યું: 'તમે કાસમભાઈના દીકરા?'

'હા, કોનું કામ છે?'

'તમારી બે'ન હૂરબાઈ ને?'

'હા.'

'મારે એમનું કામ છે.'

૧૨

બાલબચ્ચાં સાંભરે છે

એક તો અંગ પર ખાખી લશ્કરી લેબાસ, એમાં પાછો જુવાન બદન ધરાવનાર આદમી, અને એમાં પણ ઝીણી મૂછોના વળદાર આંકડા ચડાવનારો અજાણ્યો આદમી-પાધરોદોર પોતાની બહેન દૂરબાઈને મળવાની માગણી કરતો ઊભો રહ્યો છે, એ દેખી રમઝાને ખાટલે બેઠાં બેઠાં પોતાની આંખો પરથી તોલદાર પોપચાં ઊંચાં કર્યાં. સિગરેટના ધુમાડા આડેથી એની નજરનું ખુન્નસ અછતું ન રહ્યું.

બીજા બધા ભંગી લોકો છેટે ભોંય પર ઉભડક પગે બેસી ગયા હતા, ત્યારે આ અજાણ્યો લશ્કરી ઊભો જ હતો.

હાથા ભાંગેલ એક બાંકડો સામે પડ્યો હતો, તેની સામે દૃષ્ટિ ચિંધાડીને મને કમને પણ રમઝાન કહ્યા વગર ન રહી શક્યો કે 'બેસો, લ્યો પીઓ છો ?' કહી સિગારેટની ડબી અને દિવાસળીનું બાકસ બાંકડા પર ફેંક્યાં.

સ્વીપર બાંકડે બેઠો, ને એના સંગાથી ભંગિયાઓના

શ્વાસ અધ્ધર ચડ્યા. પેલાએ તો સિગારેટ સળગાવી, ધુમાડા તાણવા માંડ્યાં.

હજુ પણ રમઝાન એ શખ્સને બીડીના ધૂમ્રપટ આડેથી તપાસી રહ્યો હતો.

એઓ બેઠા હતા ત્યાં એક વંડી હતી. એ માટીની પછીત પાછળથી દોવાનો મીઠો ગંભીરો ધેરો રવ અવિરત ધારે આવી રહ્યો હતો. ઉપરાંત બે જણાની બોલચાલ પણ સંભળાતી હતી. એક પુરુષ–સ્વર કહેતો હતો: 'તૈયબ માગે છે તમારી ગાય, કે'છે કે રોકડા સો આપું. કાંધાં ય નહિ.'

'ના રે, નારણભાઈ!' સામે ઓરતનો સ્વર ઉત્તર વાળતો હતો: 'ઈવડા ઈ તૈયબડાનો મને ઇતબાર નહિ. ઈ તો કસાઈવાડે ય ગાને વેચે. તમ જેવા ગોવાળી માગે તો દઉં. મન પાંચ–પંદર ઓછા આપે. નીકર કાંઈ નહિ. પૂળા નીરીશ તો પૂળે ય દુવા દેતી બાપડી ખીલે બંધાઈ રે'શે. મન દુવા નો દેતી.'

'લ્યો, મેલો હવે વાછડાને.'

'હાય! રોયો કાંઈ જોર કરે છે! મારી હથેળી જ છોલી નાખી.'

પછીત પાછળનો એ દોવાનો અવાજ, બે જણ વચ્ચેનો વાર્તાલાપ વગેરે વિરમી ગયો, અને વાછડાની ખરીઓની તબડાટી સંભળાઈ.

એ વાતચીત કરનાર દૂરભાઈ અને ગોવાળ હતાં.

અહીં બહાર ફળીમાં સ્ટીપરે રમઝાનને પૂછ્યું : 'ક્યાંથી આવો છો?,

'મલાયાથી;' સ્ટીપર બોલ્યો.

'શું કામ છે અમારી બાઈનું?'

'સમાચાર દેવા છે.'

'કોના?'

'તમારા બનેવીના.'

'ગુલઝારના?'

'હા.'

'હજી જીવતો છે?'

રમઝાનના એ શબ્દોમાં તીખાશ હતી, પણ એણે જવાબની રાહ જોયા વગર પોતાની માને સાદ પાડી હુરબાઈને લાવવા કહ્યું.

'માને ઘણી ખમા! બોનને ઘણી ખમા!' એવું બોલતાં, પેલા ભોંય પર બેઠેલા બધા ભંગિયા ઊભા થઈ ગયા, અને ડોશી જેવી દેખાતી બેકુ-પત્નીએ જરાક લાજ કાઢીને 'હા! આવો, ખામા ભાઈજી! આવ, બેટા ભગવાન! આજ તો સંધા ભેળા થઈને આવ્યા!' એમ બોલી, ઓઢણાનો પાલવ પેટછાતીના ઉઘાડા ભાગ પર લપેટી લીધો.

'આવિયે તો ખરા ને, માડી!' એક જણે કહ્યું: 'વધાઈના સમાચાર લઈને આવ્યા છીએ. આજ તો મા ડબલ કોપ ભરી ભરી ચા પિવરાવે. આજ હોઠ પલાળ્યા વિના નૈ જાયેં, સારા સમાચાર લાવ્યા છયેં.'

'ડબલ પીજોને, માડી! હાલ ઘડી હોટલેથી મગાવી દઉં, એમાં શી નવાઈ છે? રૂડાં મોઢાં તમારાં, તે સારા સમાચાર લાવ્યા. કહો, શું છે સમાચાર?'

'કે ઘૂડાભાઈ!' બુઢ્ઢા ભંગીએ 'સીપર'ને જણાવ્યું.

રમઝાનના કાન ચમકયા. આંખો પૂરેપૂરી ઊતરી ગઈ. જેને બાંકડા પર બેસારી પોતે સિગારેટ આપી છે તે તો ઝાંપડો નીકળ્યો. એનું અભિમાન તો ખૂબ ઘવાયું, પણ પછી એણે તાજેતરમાં જે નવી હવા પીધેલી તે યાદ આવી. એણે ગમ ખાધી.

અને લશ્કરી સ્વીપર ઘૂડાભાઈએ મા-દીકરી તરફ જોઈને સંદેશો શરૂ કર્યો—'હું મલાયા સીંગાપુરમાં હતો, હમણાં જ આવ્યો છું. ગુલઝારભાઈ મેરી સાથે એક જ કંપનીમાં (લશ્કરી વિભાગમાં) હતા. જાપાનવાળાએ કાળા કોપનું બમ્બિંગ કર્યું. કુઆલાલંપુરમાં હમેરી કંપનીનો પડાવ હતો. મેરી તો મરજી ગુલઝારભાઈની સાથે ઉધર રહી જવાની હતી પણ હમ હમેરા ગોરા કમાનિંગ સાહેબને બંગલે ડયૂટી કરતા થા. ઓર મેમ સાબની મેરી ઉપર બડી મેરબાનીથી, કારણ કે ઉસકા બાબા લોગ મેરી સાથે રમતા ખેલતા. એટલે કમાનિંગ સાબ ને મેમ સાબ, બાબા સાબ સૌ મોટર-ગાડીમાં ભાગ્યા, હમને પણ સાથે લીધો. ગુલઝારભાઈ સબ કાળા લોકના લશ્કર સાથે ઉધર રે ગયા. હમ તો કમાનિંગ સાબ સાથે ષ્ટિમરમેં ચડ ગયા. બાબા લોગે હમારો હેડા છોડયો નહિ.'

'તે ગુલઝાર સલામત છે ના, માડી!' ડોશીએ આ માણસની ભાષાની ખીચડીમાંથી ફક્ત મુદ્દાની વાત પકડીને પૂછ્યું.

'હા મા, ખૂબ સાજા તાજા થા. મને બોલે કે ધૂડા-ભાઈ, અમારા ખટલાને ખેરિયત કહી આવજો. મેં'ને કહ્યા કે જરૂર, ગુલઝારભાઈ, હું જાતે જઈને ખેરિયત કહીશ. પોતે કહે કે હમેરી જોરુકું ખાસ મોઢામોઢ કહના–'

અહીં સ્વીપરે ડોશીના પડખામાં બેઠેલી હુરબાઈ સામે દૃષ્ટિ કરી. હુરબાઈ નીચું જોઈ ગઈ. જરી વારમાં તો એ ઘરની ઓશરીની ગાર પર ટપ–ટપ–ટપ–એ યુવતીનાં નેનનાં નેવલાં ચૂઈ પડયાં.

'સાજો નરવો છે મારો ગુલઝાર! હેં માડી, સાચેજ?' એમ પૂછતી ડોશી આસમાન સામે સલામ કરતી અને બીજી સલામ ધરતીને ભરતી ફક્ત એટલું જ બોલી: 'હે અલા! ખાવંદ ધણી! તું બડા રહેમાન છે. અમે તો રોજ ફફડતાં; ને આ મારો રમજુ તો કાંઈ ઉતાવળો! કાંઈ ઉતાવળો માડી! વાંસે જ લાગ્યો'તો કે હુરીને ઝટ બીજે…'

'છાની રે'ને મા!' એવું તદ્દન ધીરે સાદે કહેતી હુર-બાઈએ ડોશીનો હાથ દબાવી રાખ્યો. એનું ગળું વધુ કંઈ અવાજ કાઢવાને અશક્ત હતું. મહિનાઓથી ફિક્કાશ ધારણ કરતા ગયેલા એના લંબગોળ રૂપાળા ચહેરા પર સુરખીદાર રુધિરનાં જોશભર્યાં આવન–જાવન ચાલતાં હતાં.

'ઔર કહ્યા હૈ, કે અમારા બચ્ચાકુ પણ દેખ કે આના, ધૂડાભાઈ.'

'લ્યોને, એનેય લઈ આવું, બાપુ!' એમ કરતી ડોસી અંદર દોડી જઈ ઘોડિયામાંથી ઊંઘતા બાચુને તેડી

લાવી, એના વાળને પંપાળી કહે; 'જો, તારા બાપનો સંદેસો લાવ્યા સે! તને યાદ કરે સે તારો બાપુ.'

'કેવરાવ્યું છે ગુલઝારભાઈએ, કે હિંમત રાખે, છગર કઠણ કરીને રૂએ. માલિક ચોક્કસ મેળવશે.'

'મેળવશે—કબરમાં—' એમ કહેતો રમઝાન તીખે અવાજે પૂછી ઊઠયો: 'તમારી ફોજું તો તિયાં જાપાન-વાળાને સોંપાઈ ગઈ, તોય કહો છો કે માલિક મેળવશે! ગોરા ગોરા તમામ મોટરુંમાં ભાગીને આગબોટુંમાં ચડી આંઈ ચાલ્યા આવ્યા, વાંસે કાળી ફોજુંને સોંપી દેવા રાખી—કમજાતો!'

'બાત તો સચ્ચ હે;' સ્ટીપરે કબૂલ કર્યું.

'ને તમારા ગોરા તો આગલી રાત લગી દારૂ રંડી-બાજીમાં મશગૂલ હતા. ખરી વાત કે નહિ?'

'આખી રાત કલબુંમાં મોજ કરી, ને સવારે સીંગાપોર તૂટ્યું કે ભાગ્યા. સચ બાત છે ભાઈની.' સ્ટીપર ટહુકો પૂરી રહ્યો. 'બીજે ત્રીજે ઠેકાણે લડતા હતા ત્યાંથી પણ કાળાને લડતા છોડી ગોરા ભાગી છૂટયા.

'અરે મારા રોયા!' ડોસીએ નિઃશ્વાસ પડતો મેલ્યો: 'અમારા ગુલઝારને—અમારા એક જમાઈનેય ન કાઢી લઈ શકયા મારા પીટયાઓ? ઈ એક એને શું ભારે પડી જાત? જુવાનજોધ બાપડો. મોટીમોટી ઉમેદે ગયો, ને આટલા મહિના ઓરત છોકરાંની સામે ન જોયું—'

ડોસી અટકી પડ્યાં, પણ સ્ટીપરે ત્રાગડો ઉપાડી લીધો: 'સાચું, ડોસી મા, ગુલઝારભાઈ પણ અમે છૂટા પડ્યા ત્યારે એ જ વલોપાત કરતા'તા, બોલે કે અરે ધૂડાભાઈ! પેટછૂટી કહું છું. બાલબચ્ચાંને ટુકડો કાગજ પણ નથી લખ્યો, નથી ખરચી મોકલી, આંઈ મલાયામાં બાજુ અને સારોંગ માથે મોહી પડ્યો, બુંગા રોઝ અને બુંગા ચમેલીની વેણી ઉપર દિલ લટી ગયું. પણ આખરે તો ઘર એ ઘર, નકા કરેલી તે જ સાચી ઓરત.'

'ઈ શું કહ્યું, ભાઈ? કંઈ સમજણ ન પટી.'

'ઈ તો એવો મામલો છે ડોસીમા, કે મલાયાની ઓરતું બહુ દેખાવડી, બહુ રૂપકડી. ચણિયાને ઠેકાણે ઈ જે લૂંગી વીંટે તેને સારોંગ કહે છે; બદન પર કબ્જાની સિસ્ટમ પહેરે તે બાજુ કહેવાય: કાનમાં પહેરે તલીંગાં, પગને કાંડે પહેરે રૂપાના પેરા, ઝરી ભરેલા ખાસોટ માયને ચંપલ પહેરે, માથામાં ગુલાબ ચમેલીની વેણી બાંધે. બોત માયાળુ બાઈઓ.'

દુરબાઈના દિલમાં જે સંદેહ સૂતો હતો તે જાગી ઊઠ્યો: એના મનોભાવને સમજતી માએ સ્ટીપરને સ્પષ્ટ પૂછ્યું; 'તે, હેં માડી! ત્યાં નકા કરે?'

'ઘણા કરે. જેને પરણે તેને મલાયાવાળિયું ફૂલ જેમ જાળવે. પણ લશ્કરવાળો કંઈ પરણી શકે? ઈ તો પારકે પરદેશ એકલવાયું લાગે, મરવા મારવાના મામલા, ધડ માથે ટોકી કાયમ ડગમગતી જ રહે, ઘર સાંભરે, આ એમ વળી ક્યાંક કોઈક દિવસે ડ્યૂટી ન પ હોય ત્યારે જાય તો માયા લાગે, બાકી કાંઈ નહિ...''

'બાકી કાંઈ નહિ!' એ બોલી હૂસ્માઈને શાંતિ પમાડનારા લાગ્યા.

'પણ, ડોસીમા ! સ્વીપરે સ્ફોટ કર્યો; 'વાત છુપાવવી નથી. હું ને ગુલઝારભાઈ કોક કોક વાર ભાંગી પડવા જેવા થઈ જાતા. હું એને કહેતો ને એ મને કહેતા, કે જહન્નમમાં જાય આપણો દેશ, હાલોને આંઈ આ નાનાં નાનાં કમ્પોંગમાંથી એકાદમાં, નાળિયેરી ને રબરના બગીચામાં મજૂરીએ લાગિયેં, એઈ ને ખજૂરીનાં છાપરાંવાળા એકાદ ખોરડામાં પરણીને બેસી જાયેં! પણ ફોજમાંથી શે છુટાય ? ત્યાં તો બંદૂકે જ દ્યે ના ?'

'સારું, બાપુ ! તું હીમખીમ ઘેરે આવ્યો.'

'ગુલઝાર આવી ગ્યો હવે મા;' ધોલરે સાદે રમઝાને કહ્યું.

'કાં બાપુ ?'

'જાપાનવાળા કેદીઓને સાચવતા જ નથી. કાપીને ગોસ રાંધી ખાઈ જાય છે.'

'ઇન્સાનનું.'

'હા, ઇન્સાનનું.'

'હેં ભા ?' ડોસીએ રવીપર પ્રત્યે રાંકડી નજર નોંધી.

'વાતું તો બધિયું ય થાય છે, માડી! પણ માલિક સારાં વાનાં કરશે. હું તો નીકળ્યો ત્યાર વેળાનું હીમખીમ કે'વા આવ્યો છું.'

'એટલેથી ય અમે ઘણાં રાજી છયેં, ભાઇ, ને અમારો અલ્લા રાજી થાશે. લ્યો, ચા આવી ગિયો. પીને પછી જાવ.'

બીજા સૌએ સબડકા બોલાવીને, અને સ્વીપરે કપ-માંથી જ ધીરું ધીરું 'સીપિંગ' કરતે કરતે ચા પીધી. ગોરને ઘેર રહી આવ્યો હતો એટલે જ તો!

મુલાકાતિયા જવા ઊઠ્યા, ભંગીઓએ દુવા દીધી કે 'ઈ તો માડી, માલક મોટો છે, હીમખીમ રાખશે, બોનને હરમત દેજો.'

એ શબ્દોએ હુરબાઈની હિંમતને ઊલટી ગાળી નાખી. એને ઓઢણાને છેડે આંખો લૂછતી નિહાળીને રમઝાન ચિડાયો.

'રોવછ તે એવી કઈ મહોબતે! રઝળાવીને જનારના મોં માથે તો ખૂટ માનવી જોવે.'

હુરબાઈ એ ન સાંભળી શકી, અંદર ચાલી ગઈ, ને વાડાની ખડકીએથી બહાર નીકળીને પેલા ભંગી લોકોનો રસ્તો આંતરી ઊભી રહી. સંદેશો લઈ આવનાર સ્વીપરને એણે હળવે સ્વરે પૂછ્યું: 'હેં ભાઈ, એણે બીજું કાંઈ કે'વાર્યું છે?'

'બીજું તો શું, બાઈ!' સ્વીપર ઘૂકાભાઇએ નીચું મોં રાખીને જવાબ દીધો: 'બાલબચ્ચાં બહુ યાદ આવે છે એટલું જ કહ્યા કર્યું. અમે ગોરા કમાનિંગ સાબનાં મેમ સાબ ને બાબા સાબ સાથે સવારે ભાગી નીકળ્યા, ને એ પછી ગુલઝાર ભાઇવાળી અમારી આખી ફોજ સાંજે જાપા-નવાલાને સરિન્ડર થવાની હતી.'

'એનું બદન તો નરવું હતું ને, ભાઈ?'

'કાંક લેવાઈ ગયેલ તો ખરા. આડોડાઈ બહુ ક્યાં કરે ખરા ને, એટલે એને માથે ખટલા થાય, સજા ભોગવ્યા કરે, કાંઈ ડિલ બિલ કરે નહિ. દિલ ઉપર પ્રાશકોજ પડી ગયેલ કે ફસાઈ ગયા! એટલે પછી કામમાં ગલતી થિયા જ કરે.'

'શા માટે?'

'બાલબચ્ચાં યાદ આવ્યા કરે એથી.'

'શી સજા કરે? માર મારે ખરા?'

'પલટનના મામલામાં તો હરેક કિસમની હિંદવેહલાં વીતે બાપા! પણ હવે એ બાતકા કુછ વસોપાત મત કરનાં.'

એમ કહેતો સીપર ચાલ્યો ગયો, હરબાઈ ખડકીની અંદર પાછી પેસીને કમાડ બંધ કરતી હતી. તે જ પળે શેરીમાંથી એક આદમી ખૂણાનો વાંક વળીને નજીક આવી પહોંચ્યો; ને હસીને એણે હરબાઈને પૂછ્યું: 'આંઈથી તો નહિ જ દાખલ થવા દેને, હરી?'

સુથરાઈના ઝાંખા દીવાને અજવાળે શરીર ઓળખાય એ પૂર્વે તો અવાજ પિછાનીને હરબાઈ બોલી: 'કાસમ બનેવી! આગલી ખડકીએથી આવો, અને–જુઓ, છોકરાના બાપુના સારા વાવડ છે. એટલેથી સમજી જાજો. નીકર પછી હું જેવી કોઈ ભૂંડી નથી!'

એટલા શબ્દો સાથે એણે પાછલી ખડકીને અંદરથી સાંકળ ચડાવી ને એના અંતરમાંથી ઉદ્ગાર ઊઠ્યો:

'સગા ભાઈનેય મારું એક પેટ ભારે પડે છે, નીકર આટલી ઉતાવળ હોય? આજ આને તો કાલ ઓને તેડાવ્યા જ કરે છે, બેનને ઝટ ઠેકાણે પાડવા. બેન શું અણુ-હકની શેર જાર બગાડે છે? અરે અલા! પરણ્યો બાપડો કાળા પાણીને પાર બેઠો બેઠો અમારે વાસ્તે હીજરાય છે, ને આંઈ તો કાસમ બનેવી મધરાશી ફેંટે તલપાપડ બની રિયા છે. ઓ અલા! હે અલા!'

વાડામાં ગાયોને કડબના પૂળા નીરવાને મિષે એણે આટલા મનોદ્ગારને માટે સમય મેળવ્યો.

૧૩

માણેકબેન

વિમળાને ઘેર જઈ પોતાના વરના વાશી બની ગયેલા કુશળ ખબર આપવા દૂરબાઈ ઘણા દિવસથી ઇંતેજાર હતી. (એ ખબર વાશી હતા, કારણ કે ચાર–છ મહિના પહેલાંના હતા) પણ ખેતર–વાડીનાં અટપટાં કામોએ એને રોકી રાખી હતી. વાડીમાં ઘઉંને પાણી પવાતાં હતાં, તો છેટે ખેતરમાં મગ–મઠ ઉચકાતા હતા, ત્યાં પાછા તલ ઉમેળાતા હતા, કાલાં વિણાતાં હતાં. પોતાના આનંદની વાતને જાણે કે દાબડીમાં મૂકી દેવી પડી હતી. બહેનનો આ આનંદ રમઝાનને ગમતો નહોતો, સમજતો પણ નહોતો. ગુલઝારને એ કોઈક જાપાની કેદી–છાવણીમાં વગર પોષણે રિબાતો સબડતો અગર તો કે' દાડાનો ઠાર થઈ ગયેલો માનતો હતો. ભાઈની દૃષ્ટિ ચૂકવીને એક દિવસ દૂરબાઈ બહેનપણીને ઘેર ગઈ. છોકરો સાથે હતો.

ઓસરીની કોર પર છોકરાને ઉભાડીને પોતે તો હજુ

ફળિયામાં ઊભી હતી, ત્યાં એણે અંદરના ઓરડામાં એક નવી વ્યક્તિ દીઠી. ભરાવદાર શરીરનો પીઠભાગ જ એટલો વિચિત્ર હતો, કે આ કોઇ સ્ત્રી છે કે પુરુષ તે સમસ્યા થઈ પડે. પણ એ પીઠ પર બહુ લાંબો નહિ કે બહુ ટૂંકો નહિ એવો ચોટલો ઝૂલતો હતો, ને ભુજ સુધીના ખુલ્લા હાથ ઊજળા હતા. હાથની કળાઈઓ ઉપર છૂંદણાંની હાર ને હાર હતી, જે પરથી કોઈક જૂના જમાનાનું માણસ લાગે. સફેદ ખાદીની જાડી સાડી જો અરધો બરડો ઉઘાડો મૂકીને ખભા પર પડી ન હોત તો કોઈ પુરુષ ધોતિયું ઓઢીને ઊભેલો લાગત. કરચલી વળીને જરા ઊંચી ચડી ગયેલ એ સાડીની નીચેથી ચણિયો (તે પણ સફેદ ને જાડો) દેખાતો હતો. પગની પીંડીઓ સહેજ ડોકાતી હતી. પગનાં કાંડાં પર કાંઈ દાગીનો નહોતો, પગની પેશીઓમાં સુકોમળતા નહોતી. હાથને કાંડે ફક્ત અકેકેક પાતળી ચૂડી હતી. કમરે એક હાથ દઈને એ ઊભી ઊભી વિમળાની બાને કહેતી હતી :

'તમે મારો ભરોસો રાખોને, માશી ! મને એક વાર એને આંહથી ખેસવવા દો, પછી તમે જુઓ, શું થાય છે.'

પોતાને માશી કહેનાર આ સ્ત્રીને વિમળાનાં બા ઓશિ-યાળી, રાંકડી ને ઉચાટભરી આંખે કહેતાં હતાં :

'તારા વિના એને બીજું કોઈ ઠેકાણે નહિ લાવી શકે, માંકુ ! તારો મને ભરોસો છે. બીજા તો કોઈને ઘેર મોકલું નહિ; પણ તું એનું મન મનવીને ક્યાંક સારું ઠેકાણું ગોતી દે, બે'ન. તું જ મારો ઇષ્ટદેવ. બાકી આ મારાથી નથી ખમાતું. આ કુટુંબીઓના કડવા બોલ રાતદા'ડો મારી છાતી છૂંદી રહ્યા છે.'

'મારો ભરોસો હોય તો ભરો ઘેલીનાં કપડાં.'

'ક્યારે જવું છે?'

'તમે ઘેલીને તૈયાર કરી દ્યો, તો હું પરમ દી પાછી ફરું કે તરત.'

'એને તેં પૂછ્યું છે?'

'એ તો મને સામે ચાલીને કહી રહી છે કે બેન, મને મુંબઈ તેડી જા, કોઈ રીતે મુંબઈ ભેગી કર.'

હુરબાઈ સમજી ગઈ બહેનપણી ઘેલીને મુંબઈ લઈ જઈ એનું ક્યાંક સમ કરી નાખવાનો ઇરાદો આ કોઈ મહેમાન બાઈની સાથે ચર્ચી રહ્યો છે. ઘેલીબે'ન ઘરમાં જણાતી નથી.

બાજૂમાં રસોડું હતું ત્યાં પોતે ગઈ. વિમળા રોટલી કરતી હતી. હુરબાઈ દૂર બેઠી બેઠી વાતો કરવા લાગી; ગુલઝાર જીવતો હોવા વગેરેના ખબર દીધા.

'સારું, બે'ન! ભગવાન તમને હેમખેમ પાછાં ભેટાડે.'

'તમને ય.' હુરબાઈએ સામી દુવા દીધી.

'અમારું તો કોણ જાણે.'

'કેમ કોણ જાણે?'

'અમારે તો શ્યો સંબંધ ને શું સગપણ?'

'સંબંધ મોહબ્બત ઈ તો મનની વાતું છે.'

'પણ એકના મનની નહિ તો!'

'એકના મનની વાત સામાના મનમાં ઊગ્યા વિના રહે નહિ.'

'એમ ?'

'હા, આનો બાપ અમને જંખી રહ્યો છે ત્યાં કાળે પાણીએ–કેડ મલાયામાં.'

'જે થાય તે ખરું, બાઈ!'

'તમારાં તો ગાંસડાં પોટલાં બંધાય છે ને શું ?'

'હા, થોડા દી મન મોકળું કરી આવું.'

'કોણ છે મેમાન ?'

'મારાં એક મશિયાઈ બે'ન છે.'

'પરણાવી દેવાની પેરવી કરે છે ?'

'ના રે ના, એ તો મારી બાને હોસલાવવા માટે.'

'જબ્બર લાગે છે.'

'મુંબઈમાં એને બધા જમાદાર કહે છે. બહુ જબ્બર છે.'

'મરદ ઘડતાં ઘડતાં માલિકે અસ્ત્રી ઘડી લાગે છે.'

'તમે એને જોયાં ?'

'વાંસો જોયો.'

'મોઢું જોયું હોત તો ખબર પડત.'

ત્યાં તો એ મરદ, સાધુડી, અને સુભગા સ્ત્રીના મિશ્રણમાંથી બનેલી મહેમાન સ્ત્રી અંદરના ઘરભાગમાંથી રસોડા તરફ, 'લે ઘેલી ! કર તૈયારી.' એમ કહેતી કહેતી આવી. એનું મોઢું દરબાઈએ જોયું. ઘેલી બોન સાચું કહેતી હતી. આ 'જમાદાર' નામે મુંબઈ–મશહૂર સ્ત્રી સાચ્ચા

અર્થમાં, સુકોમળ, સોહામણી, બેશક ટાઢ તડકા ને વરસાદમાં ટિપાઈ ટિપાઈ રીઢી બનેલી, પણ અમીરાતનાં ઊંડાં લક્ષણ લળકાવતી એક નરદમ નિર્મળ નારી જ હતી. એણે વિના-સ્પિચાને પણ હૂરબાઈના બાળકને બચકાર્યો, ઊંચે શીકા પરથી એક કેળું ઉતારીને આપ્યું, રસોડામાં ઘસી આવતા બાળકને બીકથી રોકતી હૂરબાઈને એણે હસીને કહ્યું: 'બાળકનું કાંઈ નહિ, બે'ન!'

'ના બાપા, અભડાય.' હૂરબાઈ હસી.

'કશું ય અભડાતું નથી. શું નાનું કે શું મોટું, કોઈ કોઈથી અભડાય નહિ.'

'કરી મેલ્યું છે ને?'

'એથી જ દાટ વળ્યો છે ને? કર્યું તો કરનારે. કર-નારા તો હજારું વરસ પહેલાં હાલ્યા ગયા, ને આપણને એકબીજાનાં ગળાં કાપતાં રાખ્યાં.'

હૂરબાઈને પોતાનો ભાઈ રમઝાન યાદ આવ્યો: એ તો કહે છે કે હિંદુ પાણીનો છાંટો ય ન લેવાય, એ કાફરનું પાણી કહેવાય. એ વિચારો કેમ જાણે વાંચી ગઈ હોય એમ આ મહેમાન બાઈ બોલી ઊઠી;

અમે તમને હલકાં ગણ્યાં, તો હવે પાછાં તમે અમને કજાત ઠરાવેલ છે. સ્ટેશને સ્ટેશને ય હિંદુ પાણી ને મુસલમાન પાણી નોખાં નોખાં! અરે હું મુંબઈથી આવી ત્યારે તરસે મરી જતી'તી, એક પણ સ્ટેશને હિંદુ પાણીવાળો ન મળે. મુસલમાન પાણીવાળાને મેં કહ્યું કે ભાઈ લોટો ભરી દે;

ત્યાં તો મારી જોડેનાં બધાં વાણિયાં બામણ ચોંકી જ હાલ્યાં; એ તો ઠીક, પણ મુસલમાન પાણીવાળોયે 'નહિ મળે' કહેતો ચાલ્યો ગયો.

હરબાઈને આ નારી પોતાના ગામમાં—એટલે એ પોતાના જન્મારામાં નવી નવાઇની લાગી. એનો ઢીલોઢફ જાડો લેબાસ નખશિખ સફેદ રંગને લીધે કોઇ રાંડીરાંડ ચુસ્ત બામણી હોવાની શંકા કરાવતો હતો; ત્યારે એનું બોલવું કોઈ સુધરેલી વહેલીના જેવું હતું; નહિતર હિન્દુ ઊઠીને મુસલમાનનું પાણી પીવાની વાત કાં કરે!

'તમે તો મુંબીમાં જ જનમ્યાં ઊછર્યાં લાગો છો!' એણે પૂછી જોયું.

'ના, બહેન.' મહેમાન સ્ત્રીએ એની લાક્ષણિક રીતે, ગળામાં ઘૂઘરો ખખડતો હોય એવા તોરથી ખડખડ હસીને જવાબ આપ્યો; 'આંઇ કાઠિયાવાડના ગામડામાં જ ઢેફાં ભાંગ્યાં છે. અઢારે આલમની હારે પાણી ભર્યાં છે, ને ઊભે વગડે છાણાં વીણ્યાં છે.'

'કિયું ગામ પિયરિયાંનું?'

'અત્યારમાં નરણાં નામ ન લેવાય. ઠીક ભેગા રૂપો.' એમ કહી, રોટલીનું બટકું મોંમાં મૂકીને પછી કહે કે 'ભગતનું ગામ.'

કાઠિયાવાડમાં કેટલાંક ગામ એવાં છે કે જેઓનું નામ ખાધાપીધા વગર લેવાઈ જાય તો ટાણાસર જમવા ન પમાય, એવી માન્યતા છે. સાયલા ગામને 'ભગતનું ગામ' કહેવાનો ચાલ એટલા કારણે જ પડ્યો છે.

'ઈ તો શહેર વદે.' હૂરબાઈએ શહેર વિશેની પોતાની ગામઠી કલ્પના રજૂ કરી.

'પણ મારે તો પિયરની દશ્ય જ બંધ પડી હતી, હું આઠ વરસની હતી ત્યારથી.'

'તયેં પછી?'

'મોસાળમાં ખોપાળે મોટી થઈ.'

'તયેં તો સાસરું સુધરેલ શહેરનું હશે. વર હશે બાલિસ્ટર.'

'સાસરું સુધરેલ તો એવું હતું કે...હં-હં-હં, રાતે વરને અરધી ઊંઘ પૂરી થયા પછી તો વઉથી ઓરડે પહોંચાય. એવાં સાત વરસ કાઢયાં.'

ત્રણે જણીઓ એક સામટું હસી પડી.

'પછી?' હૂરબાઈથી પુછાઈ તો ગયું, પણ એવી શરમિંદી બની કે મોં આડે પાલવ નાખી દીધો...

'પછી' શું, એ કહું? જોજો હો, કહું છું. હં-હં-હં-' ગળાનો ઘૂઘરો રણઝણ્યો: 'વરની પથારીથી છેટે છેટે એક મેલું ફાટલું ગોદડું પાથરીને પડું તે વહેલું વાય વહાણું!'

'વરને મળવાનું ય નહિ?'

'કોક કોક વાર.'

'ક્યારે?' એ પ્રશ્ન હૂરબાઈના નહિ, પણ વિમળાના હોઠમાંથી પડ્યો; પડતાં વાર તો વિમળા ઝબકી. એણે જીભ

કચરી, 'નહિ, નહિ, નહિ. હો !' એમ બોલતી એ રોટલી કરતી ઊભી થઈ ગઈ; 'કે'શો નહિ, ભૈશાબ, કે'શો નહિ, મારા સમ, ભૂલ થઈ ગઈ.'

એમ બોલતી એ ત્રણેના હાસ્ય વચ્ચે બહાર નાસવા કરતી હતી, પણ મહેમાન બહેને એને પકડીને રોકી, પછી કહ્યું : 'સાંભળતી જા, જો, કહું કયારે? જ્યારે જ્યારે સાસુએ એમના દીકરાને અધરાત સુધી પાસે બેસાડીને મારા સામટા ગુનાની પારાણુ સંભળાવી હોયને, ત્યારે, તે રાતે.'

'તે દી' શું વઢવેડ કરે?' હરબાઈએ હિંમતથી પ્રશ્નાવલિ ચલાવી.

'ના.'

'તયેં?'

'હેત કરે. હાં–હાં–હાં–હાં–'

'કેવી રીતે?'

'મર રે મર તું, હરકી!' કહેતી વિમળા શરમથી ગોટો વળી ગઈ, અને રોટલીનું ઓળણું પછાડતી પાછળ ફરી ગઈ : એટલે મહેમાન બહેને કહ્યું; 'લે ઘેલી! હવે રાતની વાતનો ખેલ ખલાસ કરી દીધો. હાંઉં? કર તું તારે રોટલી.'

'લે હવે જાને, બાઈ! તારે વાડીનું મોડું થાય છે.'

વિમળાના એ જૂઠા જાકારાના જવાબમાં હરબાઈએ

કહ્યું : 'આજ તો અમારી અગ્યારમી છે, ડાહી ! ને તું તો હવે વનનું પંખેરું, કાલ્ય ઊડી જઈશ. થોડી વાર તો બેસવા દે. આ બેનને પાછી કે'દી મળીશ ? માયા લાગી ગઈ.'

છોકરો માના પગ પાસે ઊંઘી ગયો હતો. એના મોં પરથી ખરેટા ઉખેડતી ઉખેડતી હરબાઈ બેસી રહી, ને પછી મહેમાન બહેનનું નામ પૂછ્યું. વિમળાએ કહ્યું :

'માણેક બે'ન.'

'નામ હજી ગામડી જ રાખ્યું છે ને શું ?'

'અરે બાઈ, નાની હતી ત્યારે તો મોસાળમાં માંકુડી કહેતા, ને આજ પાંચ છોકરાંની મા થઈને મોસાળ જઈશ તોય માંકુ કહી બોલાવશે.'

'કેટલાં વરસ થયાં ?' હરબાઈ આશ્ચર્ય પામી.

'તમને કેટલાં લાગે છે ?'

'ખબર ક્યાં પડે એવું છે ?'

'આડત્રીસ.'

હરબાઈએ પચીસથી વધુ કલ્પ્યાં નહોતાં.

'લે હેલી;' માણેક બહેને અભરાઈ ઉપરથી થાળી ઉતારી કહ્યું : 'પીરસ ઝટ. હમણાં ઘોડાગાડીવાળો આવશે. ખેપાળુ છે પૂરા સાત ગાઉ.'

'એકલાં જવાના છો ?' હરબાઈએ પૂછ્યું.

'હા જ તો.'

'કાઠિયા મલકમાં એકલાં !'

'શો વાંધો છે?'

'મોટા મરદો ય એકલા ન જાય એવું બીકાળું છે ને?'

'મારે શી બીક? હું તો આ બધાં ગામડાંની ભાણેજ ખરી ને?'

'કોઈ દી ગિયાં છો?'

'દર બે સાલ થાય ને જાઉં છું.'

'કોઈ વતાવે નહિ?'

'ના રે! ભાણી છું સૌની. બાકી તો જે બીએ તેને જ વતાવે. આપણા રામને તો રાક્ષસનીયે બીક નહિ. ને પાછાં આ લૂગડાં જોઈનેય છેડતાં અચકાય.'

'લૂગડાં?'

'હા, ગાંધીબાપુનાં લૂગડાં.' માણેકબે'ન ખાદીનો નિર્દેશ કરીને કહેતાં હતાં: 'મારગમાં મળે તો બચારા ગાંધીજીની, ને જવાહરલાલની, ને દેશપરદેશની વાતો પૂછે, જેલની વાતો પણ કઢાવે.'

'જેલની?'

'હાસ્તો. કોઈના ભાઈ ભત્રીજા જેલમાં ગયા હોય, એ સૌના સમાચાર પૂછે.'

'તમને?'

'હાસ્તો. ત્રણ વાર જઈ ચૂકી છું. રીઢો ગુનેગાર છું.'

'શી બાબત?'

'ગાંધી બાપુની લડતમાં.'

નૂરબાઈની મનોભૂમિમાં વળી એક નવો જ પ્રદેશ ઊઘડવા લાગ્યો; પ્રશ્નો પૂછી પૂછી એ અટવાતી જતી હતી. એને કાને ખેતરવાડીના એકસૂરીલા જીવનમાં, ગાંધી–સંગ્રામના ભણકારા અફળાયા તો હતા જ, પણ સ્પષ્ટપણે કશું સમજમાં આવ્યું નહોતું. ઉપરાંત એણે રમઝાનભાઈના ભાંગ્યા-તૂટયા ઉદ્‌ગારોમાંથી, અને હમણાં હમણાં તો પોતાની મુસ્લિમ કોમની વસ્તીમાં આછી આછી ચર્ચાતી વાતોમાંથી ગાંધીની લડત પ્રત્યે સૂગ, શંકા તેમજ તિરસ્કારના વાયરા અનુભવ્યા હતા. ગાંધીની લડતમાં તો હિંદુ ઓરતો અને કેટલીક કાફર બની ગયેલી વંઠેલી મુસ્લિમ બાઈઓ ભ્રષ્ટાચારને માર્ગે ચડી ગઈ છે, એવી હવા ચાલી હતી.

એ હવાએ નૂરબાઈને ચૂપ કરી દીધી.

જમી ઊઠીને માણેક બહેને વિમળાને કહ્યું : 'અરે પણ ઘેલી! મારે તો વાસીદામાં સાંભેલું ગયું.'

'કેમ ?'

'મેં તો મારી જ વાત કહ્યા કરી, પણ આ બહેનની તો તેં ઓળખાણ જ ન આપી.'

'એના વર લડાઈમાં ગિયા છે.'

'ક્યાં ? લશ્કરમાં ?'

'હા, મલાયા–સીંગાપૂર. હમણાં જ ખબર આવ્યા કે એને ત્યાં જાપાનવાળાના હાથમાં સોંપી દેવાના હતા.'

'ત્યારે તો બચી ગયા.'

'કેમ ?' હુરબાઈનો ચહેરો ચમકી ઊઠયો.

'રેડિયોમાં અમે સાંભળ્યું હતું.'

રેડિયો શી ચીજ છે એ કશું સમજ્યા વિના હુરબાઈએ પૂછ્યું: 'શું સાંભળ્યું ?'

'કે ત્યાં તો આપણા હિંદી કેદી સિપાઈઓની જુદી ફોજ ગોઠવાઈ છે; તમારા વર એમાં હશે.'

'જાપાનવાળાએ કાંઈ જફા નહિ કરી હોય ?'

'ના; ઘણું કરીને તો નહિ જ.'

'હીમખીમ હશે ?'

'હા.'

હુરબાઈએ આકાશ તરફ જોઈને પછી નેત્રો ધરતી તરફ ઢાળી દીધાં. ઊંઘતા બાળકને શરીરે એનો હાથ ફરવા લાગ્યો. એ વખતે માણેક બહેને એ હાથને પહેલી જ વાર નિહાળી જોયો. કેટલા કાળ પૂર્વે એ હાથ પર મૂકેલી મેંદીની આખરી આછેરી ઝાંય હજુ આંગળીઓના નખ ઉપર રોકાઈ રહી હતી.

એણે દુવા દીધી: 'તમારા મોંમાં સાકર, બોન !'

વધુ વાતનો સમય નહોતો. ટપાવાળાની બૂમ પડી; માણેક બહેન પોતાના એક ચાર વરસના છોકરા સાથે બેસી ગયાં; અને હુરબાઈના કહેવા મુજબ સાચેસાચ જ્યાં એક જોડ ઊજળાં કપડાં પહેરેલા મરદો પણ વગર રક્ષણે મુસાફરી

કરતાં અચકાતા હતા તે પાંચાળના કાઠિયા મુલકની વેરાન —વાટ પર નિર્ભીક માણેક બહેનની ગાડી મજલ કાપવા લાગી. વળતે દિવસે વિમળાના બાપુની વરસી વાળી લેવામાં આવી અને એ પછી મોકળી બનેલી વિધવા ખૂણો મુકાવવા માટે પોતાની ભેંસો સહિત નજીકને ગામડે પોતાને પિયર ગયાં, અને વિમળા માણેક બહેન જોડે મુંબઈની ગાડીમાં બેઠી.

વિમળાને હૂરબાઇએ વળાવતી વેળા એક બાજૂ લઈ જઈને ખાસ ભલામણુ કરી હતી કે 'બોન; તારાં બોન બોલ્યા રેડિયાની જે વાત કરતાં હતાં તેનું પૂરેપૂરું સમજીને મને જરૂર જરૂર સંધેસો મેલતી રે'જે; ને એમાં જો આ છોકરાના બાપુને કોઈ વાતે વાવડ પોકાડી શકાય તેવું હોય, તો પોકાડજે કે 'અલ્લા સઉ સારાં વાનાં કરશે; હરમત રાખજો.' ને તું પાછી વે'લી વે'લી વળી આવજે; હું આંઈ સાવ એકલી થઈ પડીશ.'

વધુ કહી ન શકવાથી ને વારંવાર આંખો ભીંજવવાની શરમે મરી જવા જેવું થવાથી, એ ઉતાવળે ઉતાવળે માથે ભાત લઈને વાડીએ ચાલી ગઈ. ત્યાં ઊભાં ઊભાં એણે ઘઉંના ક્યારા વાળતે વાળતે મુંબઈ જતી ગાડીની દરેક બારી સામે જોયા કર્યું.

૧૪

ક. બિલ્ડિંગની ટોચે

મુંબઈની એક ધીકતી બજારવાળા રાજમાર્ગ પર ક. બિલ્ડિંગ ઊભું હતું. એને ત્રણ મજલા હતા. એને નિહાળો એટલે કોઈક અવ્યવસ્થિત અને બેદરકાર અમીર માણસના શરીરનો ખ્યાલ આવે. આવા માણસનાં જાકીટ અને ડગલાનાં, બહાર તેમજ અંદરનાં ખિસ્સામાંથી એકાદની અંદર કાગળ ચિઠ્ઠીઓ પડી હોય, એકાદમાં નોટો ને પરચૂરણ હોય, એકાદમાં ગધાતો રૂમાલ, તો વળી એકાદમાં દવાની નાનકડી શીશી, ને બીજા એકમાં સિગારેટની ડબ્બી પડી હોય. ક. બિલ્ડિંગ પણ, દેખાવે અને બાંધણીમાં આવું અમીરી હતું. એને દરેક મજલે દુકાનો, ઓફિસો, ગોદામો અને રહેઠાણનાં ઘર સામટાં ખદબદતાં હતાં. છતાં પેલા અમીર ગૃહસ્થના ઉપલા એકાદ ગજવામાં જેમ એકાદ કીમતી ફાઉન્ટનપેન અને ગુલાબ–ફૂલનું બટન શોભી રહ્યું હોય છે, તેવી અદાથી ક. બિલ્ડિંગની ટોચે માણેક બહેનનું પતિગૃહ દીપતું હતું.

વિકટોરિયા ગાડીમાંથી વિમળાની સાથે નીચે ઉતરીને

માણેક બહેને ઉપલે માળે નજર કરી. કોઈ ત્યાં ઊભું નહોતું, પણ ફૂલરોપનાં કૂંડાં મલકાઈ રહ્યાં હતાં. મન બોલી ઊઠ્યું: 'ઠીક, મહેરબાન ફૂલઝાડને પાણી તો નાખતા લાગે છે.'

મજૂર કરી દરવાજે દાખલ થતાં જ એક માણસની ને માણેક બહેનની આંખો મળી. દાંત કાઢીને પૂછ્યું: 'કયું, બેઠે હો ને, ભાઈ? બરાબર ચોકી કરતે હો ને?'

માણસ શરમાઈ ગયો: 'ક્યા કરેં, બાઈ! જૈસા હુકમ ઉપરીકા!'

'કરો કરો ચોકી. શેઠ હૈ ને ઉપર?'

'હાં બાઈ, અભી તો હૈ.'

'દૂસરે સબ?'

'સભી ગયે.'

'અચ્છા! અચ્છા! હમેરેકું તો સરકારને મુફત ચોકીદાર દિયા હૈ. આનંદ કરો.'

એટલું કહી, હસતે હસતે દાદર પછી દાદર ચડતાં માણેક બહેને વિમળાને પૂછ્યું: 'કાંઈ સમજી?'

'હારતો!' વિમળા પણ હસી.

'શું?'

'તમારી સરકારમાં આબરૂ!'

'એટલે?'

'પોલીસનું ખાનગી માણસ.'

વિમળાની ગ્રહણશક્તિ સાહજિક હતી. કરાળીમાં એને આવી સી. આઈ. ડી. પોલિસનો અનુભવ નહિ, તેમ છતાં, કેટલાંક માણસ હવાની સાથે જ નવી પરિસ્થિતિની સમજણ શ્વાસમાં પી શકે છે, તે માંહેલી હોઈને વિમળા આ માણસનું રહસ્ય પામી શકી.

માણેકબ્હેને કહ્યું : 'તું બીતી નહિ!'

'જરાકે નહિ. મજા પડે છે.'

પોતાના બ્લોકમાંના છેલ્લા ખંડમાં પહોંચીને માણેક બ્હેને ગળાનો હાસ્ય-ઘૂઘરો ખખડાવ્યો : 'લ્યો! આંહી તો મે'રબાન એનો એ જ ધંધો લઈ બેઠા છો!'

પતિને એ 'મે'રબાન' શબ્દે સંબોધતી. 'મે'રબાન' તો બેઠા બેઠા રેડિયોની ચાવી ફેરવ્યા જ કરતા હતા.

'રહે તો!' મે'રબાને ઊંચે જોયા વગર જ કહ્યું : 'એક નવું સ્ટેશન પકડાય છે.'

ચાવીને ધીરે ધીરે ફેરવતો એ મે'રબાન રેડિયોના કાંટાને અમુક એક ઠેકાણે ઠેરવવા મથતો રહ્યો. 'આ મિડિયમ વેવ પર ૨૨ મા મીટર પર એક નવું જ સ્ટેશન પકડાય છે...... રહે તો!'

'તમ તમારે નવાં સ્ટેશન પકડજો, પણ કો'તો ખરા અમારો તાર શું નથી મળ્યો?' એમ કહી પતિનો કાન ઝાલ્યો.

'મળ્યો છે;' ચાવી ઘુમરડતે ઘુમરડતે મે'રબાને મહેરબાની કરી.

'તો પછી મોટર કેમ ન મોકલી ?'

'નહોતી.'

'કેમ ?'

'ભાઇલાલને જો'તીતી, એના સગાને કોઈકને મળવા જવા.'

'ઠીક ! ઇ યે ઠીક ! માંડ જતે જ-મારે મોટર પામ્યા. તે પણ આપણા માટે નહિ–મેમાનોને માટે, હં–હં–હં–હં–'

ખૂબી જ આ હતી. કે જે શબ્દો બીજાં માણસો શોષ ને કંટાળાની લાગણીથી બોલતાં હોય છે, તે જ શબ્દોને આ સ્ત્રીએ પોતાના કંઠ-ઘૂઘરાની અંદર કાંકરાની પેઠે રમાડ્યા. પણ પતિએ તો રેડિયોનો કાંટો ફેરવતે ફેરવતે 'રહે તો લગીર ! રહે તો જરા !' એમ કહ્યા કર્યું. માણેકબહેન વરનો કાન આમળીને પછી ચાલ્યાં—

'ચાલો ભાઈ ! મોટર ઘેર આવી પણ એ આપણા પ્રારબ્ધની નહિ હોય, મેમાનના ભાગ્યની હશે. અરે પણ આ બાથરૂમમાં ગાંસડો લૂગડાં કેમ પડયાં છે ?'

'તમારે માટે રાહ જુએ છે.' રેડિયો પરથી જ મે'રબાને ટહુકો કર્યો

'કેમ, રામો નથી ?'

'ના, ચાલ્યો ગયો રત્નાગિરિ.'

'ક્યારે ?'

'પરમદિવસે.'

'પરમદિવસનાં પડયાં છે લૂગડાં ? બધાયનાં ? કોઈએ પોતાનું ધોતિયું પણ નિચોવ્યું નહિ ?'

'ના, તમારી તો કાલે વાટ હતી ખરી ને ?'

'વા…આ…આ…રુ ! ઘણી સારી વાત ! ચાલ બે'ન ઘેલી, પ્રથમ તો આ ધરણુ ઘરમાંથી કાઢવા દે.'

બેઉ જણીઓ કપડાં ધોવા બેઠી. એ ધોણ્ય ચિત્રવિચિત્ર હતી. મલમલ, રેશમ અને ખાદી; સફેદ લેંઘા, ખાખી ચડ્ડીઓ, બારીક અને ધડકી જેવાં જાડી ધોતીઓ : સાડીઓ ને ચણિયા પણ હતા. આ પોશાક પહેરનારાં આઠ–દશ માનવીઓની કલ્પના કરવી એ પણ એક તમાશો જેવા બરોબર હતું.

'ત્યારે હું જાઉં છું કારખાને,' કહેતા મે'રબાન સજ્જ થઈને નીકળ્યા; ને ધોતી પત્નીને જણાવ્યું : 'કાલે કોંગ્રેસની મહાસમિતિની બેઠક માટે તમારી ટિકિટ આવી ગઈ છે.'

'અને તમારી ?'

'હું નથી આવવાનો.'

'કેમ ?'

'હું ક્યાં કોંગ્રેસનો અનુયાયી છું ? રાજકારણમાં આપણા રામને અંધારું ઘબ !'

'હં-અં—સીધા કો'ને, સરકારના ઑર્ડર મેળવવામાં આબરૂ આડે આવે છે ! બેવડે દોરે સુખ છે.'

'એવું કંઈ નહિ. તમારી ધોળી ટોપીને તો એ બાબતનું

'પત્યું. ચાલો, બાથરૂમ તો ગાવાની જગ્યા છે, રાજકારણ ચર્ચવાની નહિ. પણ આંહી જરા ડોકાતા તો જાવ! આ એક વધુ મે'માનને તેડતી આવી છું.'

'કોણ છે વળી?' એમ કહેતા 'મે'રબાન' અંદર દૃષ્ટિ કરતા ઊભા. વિમળાને માણેકબહેને કહ્યું: 'મોં તો બતાવ તારા બનેવીને!' બંને એક બીજા સામે જોઈ રહ્યાં. જોયાં હશે વર્ષો પૂર્વે. સ્મરણ નહિવત્ હતું. પાતળી ઊંચી કાઠીના બનેવી મનોહરલાલને અકાળે બેઉ લમણાં પર ધોળાં આવી ગયાં હતાં. ચહેરો અક્કડ હતો, અને તિક્ષ્ણ આંખોમાં આછો મલકાટ એટલો તો ગુપ્ત હતો, કે કોઈકને જ એ જોવા મળે. માણેકબહેને બહાર આવીને બારણાં સુધી જઈ માશિયાઈ બહેનની પિછાન દીધી અને અહીં લઈ આવવાનું પ્રયોજન કહ્યું, મનોહરલાલે ટકોર કરી; આ ઘરની અંદર તો કૈંક આવે છે ને જાય છે. છોકરી બાપડી ભોળી લાગે છે. એટલા પૂરતો તારે માથે બોજો થયો, બાકી તો સારું કર્યું. અને જો, રસોયો પણ આજથી કદાચ ન આવે, સવારે છણકો કરીને ગયો છે અને મેં તો હવે ગૃહરાણીને બન્નેનો ચાર્જ ક્ષેમકુશળ સોંપી દીધો છે.'

'વા...આ...આ...હ, મે'રબાન! એમ કો'ને ચોખ્ખું કે વીશ જણનું ભઠિયારું સાંજે કરી નાખજે!'

'કહેવે કહેવે ફેર છે ના! માને કાંઈ, સાચું છે છતાં ય, બાપની બૈરી કહીને બોલાવાય છે?'

'અરે તમારી ખૂબી!' કહેતાં માણેકબહેન વિદાય

થતા વરને ચોંટિયો ખણવા ગયાં, ત્યાં તો ‘એ બધી રાતે વાત,’ એમ કહેતો મનોહરલાલ, જે ચાલાકીથી સીડી પર સરકી ગયો, તે ચાલાકી એનામાં આજે તો શું પણ જન્મારે ય કદી હોઈ શકે નહિ, એવું સોગંદ પર કહેવા એના નજીકના સ્નેહીઓ પણ છાતી ઠોકીને બહાર પડ્યા હોત. કારણ કે એ ચાલાકીનું લીલાસ્થાન વરવહુ બેઉ જણાંની વિશ્રંભ–પળોમાં જ હતું.

જેમ જેમ સાંઝ પડયા પછીનો સમય અંધારું ઘૂંટતો ગયો તેમ તેમ વિમળાએ માણેકબહેનના ઘરના દાદર પર અને દ્વાર પર નાનાં મોટાં ઘમસાણ ચાલુ થતાં સાંભળ્યાં. દાદરના પથ્થરો પર તડાક તડાક બોલતાં ચંપલો ને પહાણી સેંડલો પછડાતાં ઘસાતાં આવે છે; અને જોશભેર હસવાના તથા ઉગ્ર રોષના ઉશ્કેરાટભર્યા સામસામા અવાજો. બારણાં સાથે અફળાટ કરે છે.

એક કહે છે; ‘નહિ, જવાહરના ભેજામાં ભૂસું ભર્યું છે. આઈડિયોલોજી...’

બીજો બોલે છે; ‘મોસ્કોના પઢાવ્યા તમે તો પોપટ છો પોપટ.’

ત્રીજો: ‘પંદર દા’ડામાં દેશભરમાં કૉન્ફ્લેગ્રેશન (દાવાનલ) સમજજો.’

ચોથો: ‘આ વખતે તો ફાઈટ ટુ ધ ફિનિશ!’

પહેલો: ‘કંઈ નથી થવાનું. આઈડિયોલોજી...’

ત્રીજો : 'આઇડિયોલોજીની મોંપાટ શું લો છો, યાર ? શું વલ્લભભાઇને આઇડિયોલોજી નથી એમ કહેવું છે તમારું ?'

પહેલો : ઓફ્ કોર્સ (અલબત્ત) એમ જ.'

ત્રીજો : 'આ સામ્યવાદીઓને તો મારી મારીને બોલતાં બંધ કરવા જોઈએ.'

પાંચમો, 'ધેટ્સ ઈટ! ધેટ ઈઝ આવર ટ્રાયમ્ફ (વાહવાહ ! એ જ અમારો વિજય !) તમારા ઉશ્કેરાટથી જ અમને જીત મળે છે.'

ત્રીજો : 'હવે બેસો બેસો ! હું તો કંઈ નથી ઉશ્કેરાયો.'

આમ આ હા વા ને ધ્રાબડિયો આસ્તેકદમ મુલાકાસ્તેકદમ મનોહરલાલ–માણેકબહેનના ઘરમાં દાખલ થયાં અને એમાંના બેત્રણ જણાએ સીધા રસોડામાં પેસી માણેકબહેન પૂરીઓ તળતાં હતાં તેમાંથી અકેક ઉપાડતે ઉપાડતે માણેકબહેનના સમાચાર પૂછવા માંડ્યા.

'અહો ! કાઠિયાવાડ આવ્યું કે પાછું ? આ વખતે કોઈ ડેકોઇટ કે રોબર–કોઈ બહારવટિયો લૂંટારો મળેલો ખરો કે, માણેકબે'ન ?'

'એ બધી વાતો હું તમને બધાને કહું, ખૂબ સાંભળવા જેવી છે, પણ પ્રથમ તો તમે અકેક પૂરી ઉપાડી લઈને રસોડાની બહાર નીકળો.'

માણેકબહેન આ કહેતાં હતાં ત્યારે એ મિત્રમંડળની નજર વિમળા પર પડી. વધુ એક શબ્દ બોલ્યા વગર એઓ પોતાનાં ટોળટીખળ ચૂપ રાખીને બેઠકના ખંડમાં ચાલ્યા ગયા.

વિમળાનું જિગર મજબૂત હતું એ વાત સાચી, પણ એક ગૃહસ્થીના ઘરમાં બહારના માણસો કાયમી વાસો કરતા હોય, વહેલા મોડા ફાવે ત્યારે બહારથી આવી જમવાનું કે સૂવાનું પામી શકતા હોય, વાતોનાં સાદાં ટોળટપ્પાં મારી શકતા હોય તેમ જ દેશના સળગતા જાહેર પ્રશ્નો પર હળવી ભારે ચર્ચા કરી શકતા હોય, માણેકબહેન અને એના પતિ મનોહરલાલ આ સઘળી બાબતોમાં શામેલ રહેતાં હોય, ગંભીર વાતોમાંથી એકાએક ગંજીપો લઈ સૌની જોડે આ દંપતી બ્રીજ બ્રિજ રમવા પણ બેસી જતાં હોય; એ સઘળી લીલાએ વિમળાને ઠીક ઠીક અકળાવી, વિસ્મિત બનાવી, અને ભયભીત સુદ્ધાં કરી.

પહેલી જ રાત હતી–પંદરેક દિવસની ગેરહાજરી પછીનું પતિ-પત્નીનું મળવું બન્યું હતું, તેમ છતાં સૌની સંગાથે બેઠાં બેઠાં અધરાતનો સુમાર થયો. પછી બે પાંચ ગયા, ત્રણ ચાર રહ્યા. માણેકબહેને સૌની પથારીઓની વેતરણ કરવા માંડી. એમની ચતુરાઈ આજે તો પોતાના શયનખંડને સલામત રાખવાની હતી. મનોહરલાલ હિંદુસ્તાનની અંદરની રેડિયો–કાર્યક્રમો ખલાસ કરીને–મુંબઈ, દિલ્હી, લખનૌ, કલકત્તા, વગેરે બધાં સ્ટેશન પતાવી નાખીને પછી અલક-મલકનાં સ્ટેશનો પર કાંટો ફેરવતા હતા; તરેહ તરેહની જબાનો સાંભળતા હતા. છેલ્લે પહોળું બગાસું ખાઈને માણેકબહેને પતિને કહ્યું કે 'હવે તો બચાડા રેડિયાનો જીવ લેનો છોડો! ઊઠો; ઊંઘ લાગણી છે મને તો.'

'આ સગાર-સગાર સાઈગોનને સાંભળિયે. જુઓ, કોઈ કેપ્ટન મોહનસિંગ બોલે છે.'

એમ કહેતા મનોહરલાલ એકાગ્ર બન્યા. ઘરમાં હાજર હતાં તે સર્વ હાજર થઈ જઈ ને એક કાને સાંભળતાં ઊભાં. સિયામ દેશના પાટનગર સાઈગોનમાંથી શુદ્ધ હિંદી સ્વરોની ધારા વહેતી હતી. મરદાઈના મરોડો વડે શોભતા શબ્દ કોઈ રણબંકડા હિન્દીવાનના હોઠ પરથી ટપકતા હતા:—

'પ્યારા દેશબાંધવો, અમારી ફિકર કરશો નહિ. અમને હિન્દીવાન સૈનિકોને જપાનને હાથે જબ્બે થવા સોંપી દઈને અંગરેજ દંડે કલેજે ચાલ્યા ગયા છે. પણ અમે આઝાદ હિન્દ રાજની સ્થાપના વિચારી છે. જુઓ સાંભળો, આ આઝાદ ફોજી જુવાનો અહીંયાં બોલે છે. પોતાનાં માત-પિતાને ખુશખબર કહેવરાવે છે.

પછી કોઈ કોઈ બુલંદ ઘેરો પ્રાઢ અવાજ, એ પછી કોઈક જખ્મી જનનો કંઠ, અને એ પછી કોઈક યુવાનીના પ્રવેશ-દ્વારે ઊભેલા છોકરાની તરડાતી ભરડાતી જબાન અનુ-ક્રમે બોલી ઊઠી: ફલાણો પ્રાંત, ફલાણો જિલ્લો, ફલાણો તાલુકો, એમાં અમુક શહેર, ને એ શહેરની પાસે આવેલા અમુક ગામડાનો હું રહીશ: બાપનું અમુક નામ: એને કહેજો કોઈક, કે હું અમુક નામઠામનો, અમુક પલટનમાંનો, માણસ ખુશમઝામાં છું દેશની આઝાદી મેળવવા હું લડનાર છું. મારી ફિકર કરશો નહિ. મારી બહેનને બોલાવશો, મારી માને મારા પ્રણામ પહોંચાડશો અને તમે સૌ પણ ત્યાંથી અંગરેજોને હાંકી કાઢજો......'

વગેરે વગેરે ઓળખાણ આપીને આપતા આ દેશાવરી સંદેશા સ્તબ્ધ હૃદયે સૌ સાંભળતાં હતાં, તેમાં વિમળા પણ

અદ્ધર શ્વાસે બેઠી હતી. એને થતું હતું કે હજુ કંઈક નવું માણસ એ રેડિયો પર નીકળશે, જેનું નામ ઠામ ને ગામ જાણીતું છે. પણ એ પોતાનો સંદેશો કોને પહોંચાડવાનું કહેશે? કોનું નામ લેશે? આ દસ બાર માણસોની વચ્ચે વીંટાયલું જ્યોતિર્મય યંત્ર શું એકાદ કોઈક દિવસ પણ નહિ બોલી ઊઠે, કે 'કેરાળી ગામમાં એક વિમળા નામની કન્યાને......'

પણ હવે તો રેડિયો પર 'વંદે માતરમ્' ગવાતું સંભળાયું. સ્ત્રીઓ પુરુષોનો કોઈ મોટો સમૂહ મળીને દરિયાપારથી ગાતો હતો. અને એ ગાનની સન્મુખ પેલા, સાંજથી લઈ અધરાત સુધી ચર્ચાદલીલોના અવિરત બડબડાટ કરનાર પાંચ છ જણા મંત્ર-મુગ્ધ હૃદયે, નિમીલિત નયને, પૂજ્યભાવપ્રેરિત ચહેરે પ્રાર્થના ભરપુર ઊભા હતા. અજાણી વિમળાને પણ વધારે સ્પષ્ટીકરણ વગર જ સમજાઈ ગયું હતું, કે દુનિયાના બેઉ ગોલાર્ધોમાં ચાલી રહેલી માનવી-માનવીની કાપાકાપીની વચ્ચે, પ્રલયના ઝંઝાગ્નિની વચ્ચે, આ કોઈક ગર્વભર્યાં ખુવાર દેશવાસીઓ ગાતાં હતાં—જે ગાન તેઓ ગાતાં હતાં તે ગાન વિમળાએ પણ પોતાના ગામની કન્યાશાળાના મેળાવડામાં અન્ય સખીઓની જોડે ગાયું હતું પણ આવું તો કદાપી નહોતું સ્પર્શ્યું. આટલી બધી ઉષ્મા, ઉલ્લાસ ને ઉજાસ શું એકના એક જ શબ્દ-ઝૂમખામાં અગોચર અને અણસુણ્યાં પડયાં હતાં!

વિમળા, કે જેણે પ્રાર્થના કદી કરી નહોતી, તે વિમળા શૂન્યને પ્રાણમંદિરે પહેલી જ વાર નમી રહી.

બધાં પોતપોતાને ઠેકાણે સૂવા ગયાં, અને માણેકબ્હેન પોતાનો, નાનાં છોકરાંને ને પતિનો સૂવાનો એ અલાહેદો ઓરડો બંધ કરતાં હતાં તે જ ટાણે દરવાજે ટકોરી વાગી.

અંદર આવનાર હતાં એનાં દેર-દેરાણી.

'ઓહો! અત્યારે? ક્યાંથી? માટુંગાથી?'

'ના, ના, એ તો બપોરે એક મિત્રને ત્યાં આવેલાં, મોડું થઈ ગયું, થયું કે હવે રાત જ રહી જઈએ.'

બહાર પરામાં રહેતાં દેર-દેરાણીને આવી બેજવાબદાર વિશ્વાસવૃત્તિને માટે કશું જ કહ્યા વગર ભોજાઈએ ઘરમાં લીધાં. જગ્યા તો હવે કોઈ બીજી રહી નહોતી. પોતે, દેરાણીની સાથે જ્યાં વિમળા હતી, તે મોટાં છોકરાંવાળા ખંડમાં પથારી કરી, અને દેરને એના મોટાભાઈ સાથે પોતાના સૂવાના ખંડમાં સુવરાવ્યો.

સાઈગોન રેડિયોના શબ્દ—ભણકાર સૂર-ભણકાર વિમળાને અંતરદ્વારેથી મોડી રાતે પણ શમ્યા નહોતા. પોતાને આ થોડા કલાકોની અંદર જીવનના ધરમૂળમાંથી કશોક ફેરફાર થયો જણાતો હતો. આ ઘરની ગૃહિણી માણેકબાઈ, ગૃહપતિ મનોહરલાલ, આ બહારથી આવનારા ચિત્રવિચિત્ર અને ભેદી સૃષ્ટિના કોઇક આગંતુકો, અને એ બહારવાળાઓની ખિદમત આડે જેમને ઘરમાં પોતાનો અલાયદો રમત-ઓરડો પણ નહોતો મળી શકતો તે ત્રણચાર નાનાં બાળકોનું મૌનભર્યું જીવન, બધું જ રહસ્યમય હતું. ને સૌથી વિશેષ વિસ્મયકારી તો વિમળાને માટે આ હતું કે પેલા

પાંચછ ચર્ચાખોર આગંતુકો એકબીજાની વિરોધી વિચાર-દુનિયાના પ્રાણીઓ હોવા છતાં તે રાત્રિ-પહોરે એકબીજાની નજીક નિરાંતે ઊંઘતા હતા. એમાં એક એમ. એ. નો અભ્યાસ કરતો હતો, બીજો રોયલ ઇન્ડિયન નેવીમાં જવા માટે ભણતો હતો, ત્રીજો ચારેક મહિનાથી મુંબઈમાં રહ્યો રહ્યો કાઠિયાવાડમાંની પોતાની એક હરિજન સંસ્થાને માટે ફાળો કરતો હતો, અને હજુ એ સંસ્થાને સંભાળવા પાછો પહોંચતાં પહોંચતાં બેએક મહિના કાઢી નાખશે એમ મનોહરલાલનું માનવું હતું ચોથો મૂળ તો આસામનો વતની, મુંબઈમાં આવેલો અનાથ અવસ્થામાં, ઊછરેલ કોઈ બાવાની જોડે મંદિરમાં, ભણેલો એક વેશ્યાને ઘેર રહી, ભણીને નિશાળમાં માસ્તર થયો હતો, ભણતાં ભણાવતે ભણાવતે કોઈક એકાદ ગુજરાતી કન્યાને પરણી લેવાના કોડ સેવતો હતો, એ કોડને પૂરનાર કોઈ ન મળ્યું એટલે કોંગ્રેસ-હાઉસમાં વગવેતને સેવા આપતો હતો, એ સેવાની કદરરૂપે અને કાયમીપણાને ખાતર કોઈક આગેવાને એની જોગવાઈનો ભાર માણેકબહેન પર નાખ્યો હતો. કોંગ્રેસના ખડા સૈનિક તરીકે એનું કામ લડત થાય ત્યારે જેલમાં જવાનું હતું, અને શાંતિકાળ દરમ્યાન સિગારેટો પીતાં પીતાં એક આગેવાનની વાતો બીજા આગેવાનને ઘેર જઈ મીઠું-મરચું ભભરાવીને કહેવાનું હતું ચોર-લૂંટારાને પણ ખાનદાનીના નિયમો હોય છે, તેમ આ માણસના સંબંધમાં પણ માણેકબહેનને માતૃતુલ્ય ગણવાની અને એમના ઘરની એક પણ સારી માઠી વાત બીજે કોઈ સ્થળે ન કરવાની ડાકુ-નીતિ હતી. પાંચમા એક ભાઈ, એલ.એલ. બી. થઈને બે વરસ નોકરી કર્યા પછી

પાછા ફિલસૂફીના વિષયમાં એમ. એ.નું કરી લેનાર, અને એમ. એ. તરીકે પોણાબે વર્ષ શાળા ભણાવ્યા પછી પાછા ગણિતમાં એમ. એ. થવાનો મનોરથ લઈ બેસનાર અલગારી હતા.

આનાઓને મુંબઈમાં મુખ્ય જરૂર રહી રહેવા અને એ ટંકનું પેટિયું મેળવી લેવાની હતી. માણેકબહેનનું ઘર એમને એ પૂરું પાડતું હતું. બદલામાં એઓ કશો કૃતજ્ઞતાનો ભાવ પણ નહોતા સેવતા, દમાઈ સંકોડાઈને પણ નહોતા રહેતા, તેમ બીજી બાજૂ આ પોતાનું ઘર જ છે એવો સહજ ભાવ સેવતા હતા.

એક વાર, વિમળાના આવ્યા બાદ ત્રણેક દહાડે કોંગ્રેસ મહાસમિતિની ૧૯૪૨ ના ઑગસ્ટની ૮ મી તારીખની બેઠક પર ગુજરાતમાંથી એકેક પ્રતિનિધિ આવ્યા હતા. તેમનો ઉતારો પણ માણેકબહેનને ત્યાં હતો. એમણે અગાઉ અનેકવાર આવેલ એ વખતની માફક આ વેળાએ પણ ઘરમાં પડેલાં આ બહારવાળાંઓનાં બિછાનાંની અવ્યવસ્થિતતા ટાળવા માટે માણેકબહેનને ગથતાં જોઈ જોઈને, પ્રભાતે ચા પીતાં પીતાં કહ્યું : 'આ તે કંઈ ઘર છે? આ તો ધર્મ-શાળા છે, ધર્મશાળા!'

કહેતા કહેતા એ કહેનાર હસ્યા. માણેકબહેનની આંખ એ સાંભળી એકાએક બદલી ગઈ. કહેનાર તરફ ફરીને એણે પૂછ્યું: 'શું બોલ્યા......ભાઈ? ફરી કહો તો! હેં! આ ધર્મશાળા છે? ધર્મશાળા છે મારું ઘર?'

કહેનારના ચહેરા પરથી રુધિર સુકાઇ ગયું. એમનો ગર્ભિત હેતુ તો માણેકબ્હેનની દયા ખાવાનો હતો. પણ એ દયા ખાવા જતાં એમના પોતાના મનમાં પડેલી એક માન્યતા બહાર ડોકાઈ પડી કે આંહ્ય આ ઘરમાં તો કોઈ પણ માણસ ધામા નાખી શકે છે; કોઈ ના પાડનાર નથી!

માણેકબ્હેને એ દિવસે આ ભાઈને જમવાનું તો રોજના કરતાં ય અધિક ચીવટથી પીરસ્યું, પણ રોજીંદું રોનકીપણું માણેકબ્હેનના પીરસવા જમવામાંથી ઊડી ગયું હતું. એમણે પોતાના ગાંભીર્યનો વધુ કશો ઊહાપોહ કર્યો નહિ. બીજા કોઈની મગદૂર નહોતી—મનોહરલાલની પણ નહિ!—કે એમને આ વાત પર ટાઢાં પાડી શકે. મન એનું માંહી બેઠું બેઠું બોલતું હતું કે અહીં આ બધાને રહેવા ઊતરવા દઉં છું અને એમની વિચિત્રતા તેમજ બેદરકારી વગેરે બધું ચલાવી લઉં છું, એ તો એમને ઘરનાં બાળકો જેવાં જાણીને. એઓ પણ છો આ વિચિત્ર આદતો ને સંસ્કારો રાખીને રહે—પણ એઓને આટલું ભાન હોવું જોઈએ, કે પોતે ઘરના જન થઈને રહે છે માટે આ લાલન પામી રહેલ છે, ધર્મશાળા સમજીને અહીં પડવાનો કોઈને જ અધિકાર નથી.

કદી ન રડનાર માણેકબ્હેનની આંખો તે આખો દિવસ સુકાઈ નહિ; અને પેલા 'ધર્મશાળા' કહી ટીખળ કરનાર ભાઈ ફરી ઘેર ડોકાયા નહિ.

આમ આ ઘરની અંદર બનતા નાના મોટા બનાવોની ઝીણી ઝીણી અસરોમાં વિમળા રંગાયે જતી હતી. દિનભરમાં એનો સૌથી વધુ રસભર્યો સમય સાંઝરે. બપોરે કે વહેલી

સવારે મનોહરલાલ જ્યારે રેડ્યોનો કાંટો ઘુમરડતા બેસતા એ જ હતો. પોતે બાજુના ખંડમાં બારણા આડે લપાઈને બેઠી બેઠી કાન માંડતી. એમ પણ થતું કે દિવસે જ્યારે કોઈ ઘરમાં ન હોય ત્યારે, કદાચ છે તે સાઈગોન રેડિયો પર કોઈક જો પેલા, પોતે જેને માટે ઉત્સુક હતી તે સમાચાર બોલી નાખશે, તો શું થશે! અને બીજો પ્રશ્ન એને આ પણ થતો, કે જો સાઇગોન રેડિયો પરથી બોલતા સંદેશા અહીં મળી શકતા હોય, તો પછી આ માણેકબહેનના રેડિયો પર હું જો બોલું, કે 'ભાઈ! કાઠિયાવાડના ફલાણા ફલાણા ગામના મૂળ રહેવાશી અને રિસાઇને મલાયા–સીંગાપોર ચાલ્યા ગયેલા એક સુમનચંદ્ર નામે વેપારી લાઈનના માણસને આટલા ખબર દેશો?' તો ત્યાં સાઈગોન રેડિયો પર કોઈક ને કોઈક તો સાંભળશે જ; અને સાંભળશે તો સીંગાપુર મલાયામાં સમચાર પણ દેશેસ્તો.

આવી ગેરસમજણથી એણે ૧૯૪૨ ના ઓગસ્ટની તા. ૮મીના બપોરે એકાંતે માણેકબહેનની ગેરહાજરીમાં રેડિયોની સ્વિચ ઉઘાડી, ધીરે ધીરે એના કાચ પાછળ જલતી જ્યોતને સંબોધી કહ્યું પણ ખરું, કે 'કોણ છે ત્યાં? કોઈ છે? મારે સાઈગોન રેડિયોવાળાને સંદેશો કહેવો છે!'

ખડખડાટ એની પાછળ કોઈક હસી પડયું. બાપડી હાંફળી–ફાંફળી ઊભી થઈ ગઈ, હસનારાં માણેકબહેનનાં નિશાળેથી ઘેર આવેલાં છોકરાં હતાં. એમાંની મોટી છોકરીએ કહ્યું: 'માસી! શું કરતાં હતાં? સાઈગોન કોને સંદેશો કહેતાં હતાં? એમ કંઈ આ રેડિયો–સેટમાંથી કોઈ સાંભળ

શકે? એ તો એના બ્રોડકાસ્ટિંગના સ્ટેશને જવું પડે–પણ ત્યાં તમને કોઈ બોલવા ન દે, એક હજાર શું એક લાખ રૂપિયા આપો તોપણ નહિ, હાં કે માશી? ત્યાં સાઈગોનમાં તમારું કોઈ છે, માસી? કોઈ રહી ગયું છે? એને શું સ્ટીમર નહોતી મળી? પણ તો તો હવે એ ક્યાંથી રહ્યું હોય? એને તો મારી જ નાખ્યા હોય.'

મુંબઈ શહેરનાં છોકરાંને માટે આ બાબતની સમજ સહજ હતી. કાચની પૂતળી સરખી પારદર્શક પ્રકૃતિની એ છોકરીના છેલ્લા શબ્દ વિમળાની કલ્પનાશક્તિને ઢંઢોળી ગયા. એણે જવાબ દીધો : 'અરે એ તો હું અમસ્થી લહેર કરતી હતી. એ તો હું પણ જાણું જ ને કે આમાંથી તે કંઈ કોઈને સંભળાવી શકાય?'

અધરાત વીતી ગયા બાદ મોટર ગાડી આવી અને એમાંથી ઊતરેલાં માણેકબહેનને છેક દાદર પરથી બેકાબૂ થનગનાટ કરતાં આવેલાં દેખી પતિએ પૂછ્યું: 'કાં, શું સમાચાર છે? બેઠક પૂરી થઈ ગઈ?' એનો પ્રશ્ન ગોવાળિયા તળાવમાં ભરાયેલી કોંગ્રેસ મહાસમિતિ વિશેનો હતો.

'પૂરી થઈ શું, બાપુએ તો કમાલ કરી,' માણેકબહેને પાણીનો ગ્લાસ લઈ કંઠ–સૂત્રો રમતો મૂકયો: 'કરેંગે. મરેંગેનું આખરીનામું આપ્યું. હવે સરકારનાં મોતિયાં મર્યાં જાણજો.'

'હં–હં—'

'કેમ તમે કંઈ વાત કહેતા નથી?'

'મને તો માઠું થનારું લાગે છે.'

'એટલે શું? સરકાર પકડી લેશે બધાંને?'

'મને એમ જ લાગે છે.' બોલતાં બોલતાં પતિ હાથનાં આંગળાં ચોળતા હતા એણે આગળ વાત ચલાવી: 'ગાંધીજીએ ભલેને હૈયાં હલમલાવી નાખે એવું છેલ્લું ભાષણ કર્યું, વાઇસરૉયને મિત્ર કહ્યા, મળવા દેવાની માગણી કરી, મળ્યા પહેલાં મારે તો કંઈ લડત ઉપાડવી જ નથી, એવું એવું મીઠું મધ જેવું ભલેને કહ્યું, પણ સરકાર હવે સમય આપે એમ મને તો નથી લાગતું.'

'તો તો લડત ઊપડશે.'

'ઊપડશે તે તો ઠીક—પણ એમાં શું બળ્યું હશે!'

'કેમ?'

'કોઈને કશી ખબર નથી, કશી દોરવણી નથી, બધાં જ ધાંધિયાં છે.'

પત્નીએ કહ્યું: 'અરે વાત શી કરો છો? અત્યારે તે સરકાર શું મૂરખી છે કે આ દેશને છંછેડે? જાપાન માર માર કરતું આવે છે એનો તો વિચાર કરો ને?'

'શું વિચાર કરે?'

'કેમ, શું વિચાર કરે? આખો દેશ સળગી ઊઠયા વિના રહેવાનો છે શું? મિલો કારખાનાંને તાળાં દેવાય, ટ્રેનો, તાર, ટપાલના વ્યવહાર તૂટી પડે, એ ઉપરાંત આજે તો લશ્કરને વિફરી જતાં વાર નથી લાગવાની.'

પત્નીના દોરેલા આ ચિત્ર ઉપર શાહીનો ખડિયો ઊંધો વાળી દેતો હોય એવી દર્દભરી હાંસી સાથે પતિએ કહ્યું : 'આ બધી તો તમારી ધોળી ટોપીની હિશિયારીજ છે !'

'નહિ, દરેક માણસ બોલે છે. અને અમે તો દેશના મોટા મોટાઓ પાસેથી જ સાંભળ્યું છે કે, જવાહર પાસે તો મોટા લશ્કરી માણસો આવીને કહી પણ ગયા.'

'શું કહી ગયા ?'

'કે લડત જગાડો, એટલે અમે ઝંપલાવવા તૈયાર જ છિયે.'

'હા, એમ તો જમશેદપુરની તાતા–ફેક્ટરી વિષે પણ એવાં જ ગપાટાં ચાલે છે કે તાતા પોતે મહાત્માજીને મળી ગયા—આજે જ, અને જો લડત ઊપડે તો આખું કારખાનું બંધ કરી બેસવાનો કૉલ દઈ ગયા ! બધી બજારુ વાતો છે. સરકાર નહિ કરે. પકડશે—કદાચ છે ને રાતોરાત પકડશે.'

પાણીનો ગ્લાસ માણેકબહેનના હાથમાં જ ભરેલો હતો, પણ એ મોંએ અડકાડવાનું વીસરીને એ વિમાસી રહ્યાં. મોં પર પતિના ભાખેલા આગમ–બોલની વાદળી છવાઈ ગઈ. એ બોલવા જતી હતી કે 'તો તો મને......'

'હા એ તો, લિસ્ટ તૈયાર જ હશે.'

'હવે જાવ ! જાવ !' પત્ની ઊભી થઈને કહેવા લાગી; 'ઘેલા થશો ના. સરકારથી કશું બનવાનું નથી મહાત્માજીએ ખરેખરી એના પગમાં આંટી નાખી છે. પકડે તો તો સરકારનું મોત હાથવેંતમાં સમજવું.'

'ઠીક, ચાલો, જોઈએ, સવારે શું થાય છે.'

પછી સવારે જ્યારે મનોહરલાલ ઊઠીને ટેલિફોન પર

નંબર ઘુમરતા લાગ્યા, ત્યારે યંત્ર ખોટકાઈ ગયેલું જણાયું. સામી બાજૂએ આવેલા પડોશીના ટેલિફોન પર ગયા, ત્યાં પણ કહે કે અમારો ફોન ખોટકાઈ ગયો છે. પાએક કલાકમાં તો આખા ક. બિલ્ડિંગના એકેએક ફોન ખોટા પડી ગયા હતા.

'આ તે શું!'

બહાર નજર કરે છે, તો નજર પહોંચી શકી ત્યાં સુધી પોલીસ! પોલીસ! ચોકીપહેરા બેસી ગયા છે.

સાણસો ખબર લાવ્યા: 'ગાંધીજીને અને બીજા ઘણાને પકડી ઉપાડી ગયા......'

'ક્યાં?'

'ઈશ્વર જાણે!'

માણેકબહેને પતિની સામે જોયું. પતિએ એમ તો બેશક ન જ કહ્યું કે 'હું નહોતો કહેતો!' પણ કહ્યું કે 'બિરલા હાઉસ પર ફોન તો જોડો!'

ફોન પાછા ચાલુ થઈ ગયા હતા.

માણેકબહેને બિરલા હાઉસનો ફોન જોડી પૂછ્યું: 'હેલાવ! ગાંધીજી પકડાઈ ગયા શું?'

'બંધ કરો!' સામો ઉત્તર મળ્યો, અને રિસિવર જાણે નીચે મુકાયું એવું લાગ્યું.

ફરી ફરી બિરલા હાઉસ ખાતે નંબર જોડવાનો પ્રયત્ન કરતાં, એક વાર સામેથી બહુ જ અસભ્ય જવાબ સાંભળવા મળ્યો.

મોડેથી બારણા પરની ટકોરી વાગી. ઉઘાડવા જતા મનોહરલાલે કહ્યું: 'આવી પહોંચ્યા જણાય છે!'

૧૫

ભૂતખાનામાં હું ક્યાંથી આવી પડી!

બહારનાં બારણાં ઉઘાડાં જ રાખોને!'

રવેશમાંથી નીચે રસ્તા પર નજર કર્યા પછી બેઠકમાં આવીને મનોહરલાલે ધાટીને એ સૂચના આપી; અને પત્નીને કહે કે 'ચાલો, ચા નાસ્તો તો છેલ્લીવાર સાથે બેસી કરિયે.'

'આવી પહોંચી પોલીસ!' માણેકબહેનના ચિત્તમાં હલબલાટ થયો તે અછતો ન રહી શકયો. એમણે જરા વધુ વ્યાકુળતા બતાવતાં વિમળાને કહ્યું: 'ઘેલી! હું તો ચાલી! આવું ધાર્યું જ નહોતું. ઘરમાં કોણ રહેશે? આમને કોણ સાંભળશે? તું બે'ન, આંઇ રહીશ ને? મૂંઝાઈને ચાલી નહિ જાને? જલદી કર બે'ન, હું નાહી લઉં, ને કોઈક મારું બિસ્તર કાઢો.'

મનોહરલાલે ધીરેથી ઊભા થઈ, પત્નીનું બાવડું પકડી, ખુરસી તરફ ધકેલતાં ધકેલતાં હસીને કહ્યું: 'કશી ઉતાવળ નથી એ બધી વાતોની. ચાલો, પહેલું કામ પહેલું પતાવો,

બિસ્તરમાં તો દાંતિયો કાંસકી, સ્નો, તેલ, કંકુની શીશી, વગેરે બધું હું જાતે જ ભરાવીને પાછળ મોકલીશ. હું જ સુપરવાઈઝ કરીશ ને!'

પછી ધીરથી વિમળાને મનોહરલાલે સૂચના દીધી: 'પેલી રિવોલ્વર–સમજ્યાં ને!–નાની બંદૂકડી, મારા સૂવાના ખંડમાં ટેબલ પર પડી છે ને, તે રસોડામાં લઈ જઈ લોટના ડબ્બામાં દાટી દો.'

ત્યાં તો ચાહની ટ્રે લાવનાર ઘાટીએ શાંતિથી સંભળાવ્યું: 'તો મી ઠેવલેલા આહે–હો! ઠેવલેલા આહે.'

આમ કહેતાં કહેતાં એ અડબૂથ લાગતા માણસે, ગુજરાતીઓ જે છટાથી નકાર ભણવામાં માથું આડું હલાવતા હોય છે, તે છટાથી હકારમાં એનો મોટો તોલો હલાવ્યો.

'બ...ર–રા!' (એટલે કે વારુ!) મનોહરલાલે જરાપણ સંક્ષુબ્ધ બન્યા વગર, નહાવાનું પાણી કાઢ્યું છે એમ કોઈ કહે અને જે રીતે જવાબ આપે તે રીતે ઘાટીના આ કાર્યને અનુમોદન આપ્યું, ત્યારે માણેકબહેન અને વિમળા, એ બેઉ તો આ શેઠ–નોકર વચ્ચેનો વ્યવહાર દેખી સૂમસામ ઊભાં થઈ રહ્યાં.

રિવોલ્વર! લાઇસન્સ વગરની રિવોલ્વર! અને આજે સવારને પહોર ટેબલ પર! તે પણ પાછી રામાએ ઠેકાણે મૂકી! વધુ આશ્ચર્યને બદલાવવાની વેળા નહોતી. બારણે ઘંટડી વાગી. પણ દ્વાર તો ખુલ્લું જ હતું, ને એ દ્વારની આગળ જ બેઠકનો ખંડ હતો.

ત્રણેક યુનિફોર્મધારી સિપાહીઓને બહાર રહેવા દઈ પોલીસ સબ-ઈન્સ્પેક્ટરે અંદર પ્રવેશતાં કહ્યું કે, 'કાં, ચા પીવા આવું કે, શેઠ સાહેબ ?'

'આવો સાહેબ, તમારી જ રાહ જોઈએ છિયે,' મનોહરલાલે જેમ બેઠા હતા તેમજ બેસી રહીને નિમંત્રણ આપ્યું.

'ઓહો ! આ ઘરમાં તો હું પહેલી જ વાર આવું છું;' એમ કહેતા કહેતા પોલીસ અધિકારીએ ઘરની અંદર જરા આગળ કદમો માંડ્યા, એટલે મનોહરલાલે ઊઠીને, હાથમાં ચાહનાં કપ-રકાબી સાથે અફસર પાસે જઈ કહ્યું : 'આગાઉ અહીં નથી આવ્યા ? ચાલો ચાલો, મકાન બતાવું.'

મનોહરલાલે મેમાનને ઓરડા પછી ઓરડામાં, રવેશમાં, બાથરૂમોમાં પણ, અને રસોડામાં સુધ્ધાં, સાથે લીધા. દરેક સ્થળ, આલમારી, ટાંકું, ભીંત-કબાટ, બતાવતે બતાવતે એણે કહ્યું : 'આમાંની કેટલીયે સગવડો મારે ખરચે જ મારે કરાવવી પડી છે. ઘરધણી તો મખ્ખીચૂસ છે. આ જુઓ, મેં એને કહ્યું કે અહીં બળતણ રાખવાનો મેડો નાખી શકાય એવી જગ્યા છે ઊંચે. પણ એ કહે કે પૈસા નથી ! મારે મોટાં મોટાં પીપમાં કોલસા રાખવા પડતાં.' આમ કહી પીપો ખોલીને બતાવ્યાં. પછી કહે કે 'છેવટે મારે ખર્ચે મારે મેડો કરાવી લેવો પડ્યો.'

ઘરધણી ઘર બતાવતો હતો, ને પોલીસ અમલદાર એની કન્યાનું વેવિશાળ કરવાને માટે કેમ જાણે આવ્યો હોય એવા રસથી દરેક ખૂણો ખાંચરો, પલંગ, કબાટ, ટાંકું ને

બેઠા જોતા હતા. બેઉ જાણતા હતા કે જોવાનું ને દેખાડવાનું પ્રયોજન જુદું જ હતું. પણ પોલીસ અમલદારની તો પ્રામાણિક માન્યતા હતી કે મનોહરલાલ શેઠ પોતાનો બ્લૉક અને પોતાની શાનદાર રહેણીની ઢબ બતાવવાને સાચેસાચ ઈંતેજાર હતા. એણે હજુ પણ વિશેષ ખૂણા ખાંચરા જોતે જોતે તારીફ વહાવી: 'આ આખું ક...બિલ્ડિંગ એક સાક્ષાત્ ભૂતખાનું છે. ફક્ત એક આ તમારો બ્લૉક સ્વર્ગીય લાગ્યો. માણેકબે'ન તો વારંવાર મળે, આજ તો થયું કે આપને મળું.'

'સારું કર્યું. આવો દીવાનખાનામાં. ચા તો પીઓ. હું મિલમાંથી નવરો થાઉં જ નહિ, એટલે ભાગ્યે જ મારાં મિસિસના જેવા સોસ્યલ સંબંધો બાંધી શકું છું. મને એવી ફાવટ પણ નથી. બાકી તો એમનામાં હું આવી જ રહું છું ને? આજે જ જુઓને, બજારોમાં ઊથલપાથલ થાય છે, ને મારો ટેલિફોન ખોટકાઈ ગયો હતો. તમે ભાઈ સાહેબ, આ ધરપકડો હજુ જરા વહેલી કરી હોત તો શું ખોટું હતું?'

'શું કરિયે સાહેબ? કમબખ્ત ગુલામી...પાપી પેટ પડ્યું છે ને...બાકી તો હવે 'સ્વરાજ' થઈ જાય એટલે અમારે કાળા હાથ કરવા મટે...'

એવાં એવાં સલૂણાં સુંવાળાં વાક્ય વાપરતે વાપરતે અધિકારી ચા પીવા બેઠા ત્યાં માણેકબહેન બાજુમાંથી આવ્યાં, ને બોલ્યાં, 'હાં, હું તૈયાર છું.'

'પણ હું તૈયાર નથી ને?' અધિકારીએ નવાઈ ઉપજાવી;

એની નજર તો બીજે જ બધે ઘૂમતી હતી. ઊંચે ખીંતીઓ પરનાં કપડાં, અને નીચે પગરખાંની જોડીઓ પર એની આંખો હતી. પછી શાંતિથી એણે પૂછ્યું : 'પેલા ભાઈ ક્યાં ગયા ?'

'કોણ વળી ?'

'પેલા સુધાકર.'

'કોની વાત કરો છો ?' મનોહરલાલે ચકિત બનીને પૂછ્યું.

'એક વિદ્યાર્થી અહીં રહેતા હતા ને તેની.'

'અરે હા;' માણેકબહેનને યાદ આવ્યું કે એ ભાઈ તો આગલી રાતે ઘરમાં પાછા જ ફર્યા નહોતા. એમણે કહ્યું: 'કેમ ? એમનું વળી શું છે ?'

'બીજું તો શું હોય ? વૉરન્ટ. અમલદારે ગજવામાંથી કાગળ કાઢ્યા ને નામો વાંચ્યા; 'સુધાકર, રાજમોહન શર્મા, ઉર્ફે હીરાલાલ.'

'આ નામનું તો કોઈ નહોતું,' માણેકબહેને કહ્યું : 'તમે ઘર ભૂલ્યા લાગો છો !'

'હાં–હાં એમજ ત્યારે તો. કંઈક ગલતી થઈ હશે. વારુ. ત્યારે માફ કરશો. હું જઈશ.'

'કેમ ? મને નથી લઈ જવાની ?'

'વૉરંટ નથી, એટલે દિલગીર.'

'અરે પ્રભુ !' મનોહરલાલે નિઃશ્વાસ નાખ્યો.

'કેમ સાહેબ ?' અધિકારી હસ્યા.

'આશા હતી કે મારે વર્ષે બે વર્ષે સાડીઓનું ખરચ બચશે.'

'એવું ફોગટ બોલો ના,– ગૉડ ફર્બિડ (પ્રભુ એવું ના કરે.) સાડીઓનો આપની મિલમાં ક્યાં દુકાળ છે ?' એમ કહીને એ અધિકારી ઊઠ્યો ને બોલ્યો : 'વૉરંટ કાઢનારા પણ બેવકૂફોના સરદારો મળ્યા છે. મકાનનો નંબર જ ખોટો મૂક્યો ! માફ કરજો.'

'પણ મને આ વખતે કેમ લાભ નથી મળતો ?' માણેકબહેનને આ કૌતુક વ્યકળ બન્યું.

'તમે તો હવે ક્યાં લિસ્ટ પર રહ્યાં છો ? નામ નીકળી ગયું છે. મોજ કરોને, બાઈસાહેબ ! સારું થયું કે તમે આમાંથી નીકળી ગયાં. મનોહરલાલ શેઠ તો સરકારના માનીતા કહેવાય, કારખાનેદારોને તો અમારે સંભાળી લેવાના છે. તમને લઈ જઈએ એટલે મનોહરલાલ શેઠનું મગજ કામ કરી શકે નહિ, સરકારને એ પરવડે નહિ. લ્યો, સાહેબજી !'

બારણાં તરફ જતાં જતાં એણે એક ઓરડામાં સંકા-ડાઈને ઊભેલી વિમળાને નજરમાં લીધી; મનોહરલાલ તરફ ફરીને કહ્યું : 'કોઈ મેમાન જણાય છે !'

'હા, તમારી ગણતરી બહાર તો અમારા ઘરમાં કોઈ હોઈ શકે જ નહિને ?'

માણેકબહેનના આ કટાક્ષથી અમલદાર હસ્યો. ને બોલ્યો : 'નહિ, નહિ, એટલાં સખ્ત ન બનો. હું તો આ

ઘરનો સ્નેહી માણસ છું. તમારી દીકરીઓને તો હું રોજ સ્કૂલને રસ્તે મળું. મને એ 'કાકાજી' કહી બોલાવે, હું બચ્ચાં કહી ખબર પૂછું, પણ આ તો નવો ચહેરો જોયો એટલે સહજ !'

'વારુ ! વારુ !' કહેતા મનોહરલાલે એમને બારણા બહાર મૂકતાં મૂકતાં જરા ટમકું મૂક્યું; 'નેતાઓની રાઉન્ડ-અપ પણ તમે ભારી કુનેહથી કરી. શું થાય પણ બીજું ? અત્યારે કોંગ્રેસે આવું નહોતું કરવું જોઈતું. દુશ્મનોના હાથમાં રમી ગઈ કોંગ્રેસ.'

'દરેક સમજદાર માણસ એમ જ કહે છે; પણ એમ તો સાહેબ, સરકાર પણ એ જ લાગની છે. નાક દાબશું તો જ મોં ખોલશે.'

'લાંબુ ચાલશે આ બધું ? તમે શું ધારો છો ?'

'અરે, પ્રભુ પ્રભુ કરો, શેઠ ! પંદર દિવસમાં તો સરકારને નાકે દમ આવી જવાનો. 'કરેંગે મરેંગે' એ સ્લોગનથી જ ટાંટિયા ધ્રૂજી ગયા છે ને ! ક્રિપ્સ ગયો, પણ ખુદ ચર્ચિલને આવ્યો સમજોને !'

'અમેરિકા દબાણ કરશે કે ?'

'કરશે શું ! રુઝવેલ્ટે ચોખ્ખું કહી દીધું જણાય છે.'

'કે ?'

'કે હિંદનું પતાવો, નહિતર અમેરિકા લડાઈમાંથી જ છૂટી જશે.'

' પણ ચર્ચિલ કરે શું ? તમારું પતાવવું જોઈ એને કોંગ્રેસે ?'

' અમારું ?'

' મુસ્લિમ લીગનું.'

' હા–હા–હા–હા–' અધિકારી હસી પડયો : ' અમારે ને લીગને શી નિસ્બત ? હું મુસલમાન છું તેથી શું લીગનો થઈ ગયો ? હરિ હરિ કરો, સાહેબ ! લ્યો, જે ! જે !'

એમ બોલતો, હવેલીએ હિંડોળાનાં દર્શને દોડતા હિન્દુને પણ આંટી દે તેવી અદ્બાથી હાથ જોડીને એ અધિકારી દાદર ઊતરતો પેલા પોલીસોને કહે કે ' હવે ચલોને ભાઈ ! કયા ખડે હો. જલદી ચલો, ટેલિફોન કરેં, કુછ ગલતી હો ગઈ હૈ. કમબખ્ત વારંટ નિકાલને વાલે ભી મેરે પાંઉકી જૂતી કે લાયક હૈ'

ઘરમાં આવીને મનોહરલાલ પત્નીની સામે જોઈ રહ્યો. માણેકબહેન શરૂમાં જેમ રમતા ખોઈ બેઠાં હતાં, તેમ અત્યારે કંઈક નિરાશ હતાં. પતિએ પૂછ્યું: ' આ કોને માટેનું વૉરન્ટ ? એ નામ કોનાં હતાં ?'

' કાંઈ ખબર ન પડી.'

' બકોરભાઈ તો નહિ હોય ?'

' શી વાત કરો છો ? મોંએથી માખ ઉડાડવાના તો વેતા છે નહિ.'

માણેકબહેન જેના નામ પર આમ રહી હસ્યાં તે

બહાદુરભાઇ, એટલે એમના ઘરમાં રહેતા પેલા ત્રણ ચાર જણ માંહેલો એક ભણેશરી, વેદિયો, પૂરું બોલવાની ય ત્રેવડ વિનાનો એક ઔઢ માણસ. એ પોલીસના કાળ-પત્રકમાં હોઇ શકે નહિ! પત્ની હસી એટલે પતિએ વાત પડતી મૂકી.

'જુઓ,' માણેકબહેને હર્ષ દેખાડયો: 'પોલીસવાળા પણ માને છે કે આ લડત લાંબી ચાલે તેમ નથી.'

'તું નહિ સમજી શકે;' એટલું જ બોલીને પતિ અટકી ગયો.

પડોશીઓ મનોહરલાલને ઘેર પોલીસ આવીને ચાલ્યા ગયાનું જાણ્યા પછી પોતપોતાના બ્લોકનાં બારણાં ઉઘાડી ધીરે ધીરે, કોઈ જોતું તો નથી ને એની તકેદારી રાખી, ડોકિયું કરવા આવ્યા, અને એક જ પ્રશ્ન કરવા લાગ્યાં: 'કેમ, કંઈ ખબર પડી? નેતાઓને કયાં લઈ ગયા? કદાચ દેશની બહાર જ ઉપાડી જશે; કોઇક ટાપુ પર રાખશે; સા......ડાર તો નહિ મારે ને? પણ જામી ગઈ બરાબરની. ટ્રામો સળગાવવા મંડયા છે. મિલમજૂરો જંગ જમાવી દેશે. એ ધાટા જ સરકારને પહોંચશે. સાચા મરણિયા તો એ જ છે. કાંઇ ખોવા રોવાનું નહિ ના!'

દિવસ ચડતો ગયો. સૂર્ય તપતો ગયો. આગલી રાતની વૃષ્ટિનાં વાદળાં વીખરાતાં ગયાં, તેમ તેમ ૯ મી ઑગસ્ટનું રૂદ્ર-રૂપ પ્રકાશતું ચાલ્યું. શાળાઓ, કૉલેજો ને કારખાનાં, પાળ તૂટે ને તળાવો રેલે તેમ રાજમાર્ગો પર ઠલવાતાં ગયાં શિવાજી પાર્ક નારીઓની સમરવીરતાનો જે ઇતિહાસ આલેખ્યો એનાં મુંબઈમાં યશોગાન ગવાયા. ધ્વજ-

વંદનને અશક્ય બનાવવા માટે અશ્રુવાયુ ફેંકનારી પોલીસ –બંદૂકો ભોંઠી પડી. શિવાજી પાર્કની ચારે ફરતી ઈમારતોની ઊંચી ઊંચી બારીઓ, ગોખો, ઝરૂખાઓ પરથી પાણીમાં ભીંજાવેલાં કપડાંનો મેઘ વરસ્યો. અશ્રુવાયુએ ગૂંગળાતી ગુજરાતણોએ, આ પાણીમાં બોળેલા રૂમાલો વડે આંખો ટાઢી કરીને ઉઘાડી–સામે લહેરાતો હતો, શિવાજી પાર્ક પરનો ત્રિરંગી ઝંડો.

વિમળાની આંખો આવું કશું દેખતી નહોતી. એની નજરને રૂંધીને પેલો પોલીસ અધિકારીનો પડછાયો રાત્રિદિન લાંબો ટૂંકો થતો હતો. એણે મને કેમ નજરમાં લીધી? એ નજરના સાણસા વચ્ચે હું શા માટે ચગદાઈ ગયા જેવી બની ગઈ છું? આ મારોકબહેન તો મને અહીં એકલી મેલીને બહાર કોણ જાણે ક્યાં ચાલ્યા જાય છે. વહેલાં મોડાં ફાવે ત્યારે પાછાં આવે છે. પેલાં ત્રણ ચાર જણાં, જે અહીં સૂતા. ચર્ચાના તડાકા મારતા, ને બેરકૂફ વેદિયા જેવા જણાતા તે ક્યાં ગાયબ બની ગયા?

અને બીજી આ શી વિચિત્રતા, કે હવે દરરોજ પરોઢિયે 'દૂધ લેજો બાઈ!' એવી બૂમ મારીને દૂધવાળો ટકોરી બજાવે છે, ત્યારે ચાદીને સૂતો રાખીને મનોહરલાલ પોતે દૂધ લઈ લેવા ઊઠે છે! દૂધવાળાની સાથે ગુસપુસ વાતો શું કરી લે છે? એમના વાર્તાલાપના બોલ સમજાતા નથી.

પાંચમે દહાડે રાતે વળી કોઈક નવો પોલીસવાળો સાર્જન્ટના પોશાકમાં આવ્યો હતો. તેને મનોહરલાલે છેક બેડ–રૂમમાં લઈ જઈ વાતો કરી. હમણાં હમણાં તો મનો-

હરલાલ, ટાણે કટાણે આવી, બારણા ઉપર ઊભી રહેતી પિત્તળનાં વાસણ વેચવા આવનારી કોઈક સ્ત્રીની જોડે કોઈક પસ્તી ખરીદવા કે કોલસા ખરીદવાની ફેરી કરનારાઓની સાથે પણ વાતો કરે છે. વિમળાના કાન પર એ વાતોનાં વિચિત્ર શબ્દ–ગૂંચળાં અફળાય છે. ભાંગ્યાતૂટયા શબ્દો વડે પતી જતી આ વાતચીતનો એક ઈસારો પણ મનોહરલાલ કોઈ ઘરનાં માણસ જોડે કરતા નથી. અને રેડિયો પર પેલો સાઈગોનનો સમય થતાં કદી ચૂકતા નથી. દુનિયા આખી જાણે કે આ ઘરમાં કોઈક ભેદભરમભરી વાર્તાને સ્વરૂપે ઘૂમરાઈ રહી છે.

એક વાર તો વિમળાએ જોયું કે રાતે પોલીસ સાર્જન્ટને વેશે આવનાર માણસને મનોહરલાલે કશુંક ચાવી જેવું આપ્યું; અને કહ્યું, કે 'જૂના સ્ટોર–રૂમમાં.'

આ ગુપ્ત ક્રિયાઓને બાદ કરીને વિમળા જોતી હતી, તો મનોહરલાલ અન્ય આવનારાઓની જોડે રૂ અને કાપડનાં બજાર જ ચર્ચતા, સોનાના, રૂપાના ચડતા ઊતરતા ભાવો છાપામાં વાંચતા, ટેલિફોનો કરતા તેમાં પણ બજારોમાંથી અમુક માલનો આટલો કે તેટલો જથ્થો ખરીદવા વેચવાનો જ વિષય હતો. સામેથી કોઈક કશું પૂછતું હોય અને એના જવાબમાં જ પોતે કહેતા હોય કે—

'એમાં કંઈ માલ નથી. પાણીમાં ભેંસ બેસી જાય એમ બધી ચળવળ બેસી જવાની છે. છોકરમત માંડી છે સૌએ! લ્યો, ઓગસ્ટની તા. ૮ મીની અર્ધરાત સુધી સંત પુરુષે એમ જ કહ્યા કર્યું કે સૌ પોતપોતાને ફાવે તેમ કરજો!

અને હવે પાછા છાપાંમાં ચેલકાઓ ચીતરવા મંડ્યા છે કે અહિંસક રહીને પૂલો તોડજો, પાટા ઉખેડજો, તાર ટપાલ રૂંધજો...અ...હિં...સ...ક રહીને કરજો ! છે ને અક્કલનાં પડીકાં ! હા–હા–હા–હા–દેશના વ્યાપાર ઉદ્યોગોને લડાઇમાંથી ખટવવાનું ને ઊભા કરી દેવાનું ખરું ટાણું છે, ત્યારે જ આ મોકાણ માંડી. જવા દો ને, ભાઈ ! જવા દો હવે. નિરાંતે જેલોમાં બેસી કાંતતાં કાંતતાં ને ખજૂર પોપૈયાં ખાતાં ખાતાં સૂઝે આ બધું આપણું વેપારીઓનું આ કામ નથી. અત્યારે તો રળવાનો વખત છે.'

અને ફરી પાછા મનહરલાલ રેડિયોનો કાંટો ફેરવતા સમાધિગ્રસ્ત બની જતા. એના એ જ આંક પર એનો કાંટો ઠરતો : બર્લિન સ્ટેશન, ટોકિયો સ્ટેશન, સાઇગોન સ્ટેશન ને સીંગાપુર સ્ટેશન : મશીન–ગનમાંથી તડતડાટી થતી હોય એવી એ સ્ટેશનોની આકાશવાણી છૂટતી : જોશીલી જબાન એવો ભાવ પેદા કરતી કે જાણે બ્રિટનની છાતી પર કાંઈક બંદૂકોની ધાણી ફૂટી રહી છે.

એકાએક સાઇગોન પરથી એક સ્વર સંભળાયો 'મારું નામ ગુલઝાર. મારા બાપનું નામ કાસમ. અમે દેસાઇ વોરા: મારું ગામ કાઠિયાવાડમાં કેરાળી. દગલબાજ સૂવરના બચ્ચા રંગરૂટવાળાએ મને ભરમાવીને ફોજમાં ધકેલ્યો. આજ હું આઝાદ છું. અય મુસલમાનો ને હિંદુઓ ! એક બનો. વતનને માટે મરી ફીટો. અમે તો અહીં આઝાદીનો સ્વાદ ચાખ્યો છે. મારાં તમામ સગાંને સુખી ગુલઝારના સલામ આલેકુમ. મારી ઓરત હૂર......'

ટે'-ટે'-ટે'-ટે' એવા કોઈ વિચિત્ર અવાજે એકાએક આ જબાનને દબાવી દીધી. પણ વિમળાના નજીકના ખંડના બારણા પાછળ એકાગ્ર બનીને સાંભળતા બે કાનને માટે આટલું બસ થઈ પડયું. રાત્રિએ એ પોતાની બા પર કાગળ લખવા બેસી ગઈ. એમાં સૂચના હતી કે દૂરબાઈને છાનીમાની ઘેર બોલાવીને આ સમાચાર સંભળાવજે.

એ દિવસનો રેડિયો સાંભળ્યા પછી વિમળાનો મિજાજ બદલી ગયો. અજાણ્યા, ઉગ્ર, ભેદી, અને એકાએક પોતાને ઘેરી વળેલા મુંબઈ આવ્યા પછીના બનાવોએ એને જે ગૂંગળાટ કરાવ્યો હતો તેનાથી એ પર ચાલી ગઈ. માણસની જિંદગીની અંધારગલીને પેલે પાર મોકળો પ્રદેશ જ્યારે એકાએક આવી પહોંચે છે ત્યારે રોમહર્ષણ થાય છે. વિમળાના અંતરમાં નવી પુલક ઊપડી ગઈ. મનોહરલાલને તો આ સીંગાપુર-રેડિયોના સમાચારનું વિશિષ્ટ રહસ્ય જાણીતું નહોતું, અને માણેકબહેન ખાદીની ફેરી તેમજ ફંડ ફાળાની વ્યવસ્થામાં રાત સુધી બહાર બજારોમાં એટલાં ગરકાવ હતાં કે વિમળામાં ઘેર આવીને નિહાળેલું પ્રફુલ્લિતકર પરિવર્તન દેખી છૂપી ધરપત વળવા ઉપરાંત એમને વધુ કંઈ રસ પડયો નહિ. ઘેર આવીને એ ફક્ત એટલું જ જોઇ લેતા, કે વિમળાને છોકરાં સતાવતાં તો નહોતાં ને! પણ છોકરાં તો વિમળાની સાથે જ ઊઠતાં. નાનો બાબો પણ બાનું નામ લેતો નહોતો. મનોહરલાલનાં ખાનપાન, કપડાં, નાવણ દાતણ વગેરેનું ઝીણામાં ઝીણું જતન થતું હતું. ઓછાબોલા મનોહરલાલ અને લજ્જાળુ વિમળા વચ્ચે અમસ્થો યે વાણીવ્યવહાર નહોતો થતો, ઉપરાંત પોતાની કોઇપણ ખસિયતને

સાધન સામગ્રી વિના રહેવું નહોતું પડતું એટલે મનોહર-લાલના હોઠ વિમળા પ્રત્યે મૂગા રહેતા. આંખો પર તો એ આકાશી રંગનાં ચશ્માં ચડાવતા ને એને ઊંચે જોવાની ભાગ્યે જ ટેવ હતી.

માણેકબહેન રાતે આવે ત્યારે ઘણુંખરું તો ગળાનો ઘૂઘરો ખખડાવીને, લોથપોથ થઈ સોફા પર પડતાં પડતાં આવું આવું કંઈક બોલે:—

'આજ તો બસો તાકા ઊપડી ગયા. આજ તો પહોંચી ગઈ બરજોરજી શેઠને બંગલે. બડા પક્કા! કહે કે ખાદીને તો હું અડકું પણ નહિ, એક તસુ પણ લેવસ નહિ; પણ છેવટે તો બાપડા પાણી પાણી થઇ ગયા; પચીસ તાકા લઈ લીધા. હરિજન ફાળામાં પણ પહેલાં તો ગરમ ગરમ થઈ કંઇક ઉકળાટ મચાવ્યા, પછી સો ભરી દીધા.'

વળી બીજી રાતે—

'આજ તો મીર માર્યો. સર દેસાઈને બંગલે પહોંચી ગઈ પક્કા સામ્રાજ્યવાદી. પણ મે કહ્યું કે સાહેબ, હું તો તમારી દીકરી બનીને આવી છું. તમારા રાજકિય વિચાર ગમે તે હોય, પણ શું દીકરીને ખાલી હાથે પાછી વાળશો? પછી તો ગળી ગયા, ને દસ તાકા ખાદી લીધી, હરિજન ફાળામાં રૂપિયા બસો ને એક દીધા. મને કહે કે જોજે હો, સેબોટેજની ચળવળમાં વાપરતી નહિ...'

પત્નીનાં આવાં આવાં, આત્મગૌરવનાં ને આત્મ-તૃપ્તિનાં ગાણાં સાંભળતો પતિ રંગીન ચશ્માંની પાછળ

પોતાની આંખોમાં કેવા કેવા રંગોને રમાડી રહ્યો છે તેની માણેકબહેનને શી જાણ હતી ! નીચે જોઈને, ધોતિયાનો છૂટો છેડો ખભા પર નાખીને એ તો હં–હં–હં એવા હોંકારા દેતો દીવાનખાનામાં આંટા મારતો હતો. અને માણેકબહેન પોતે હરિજનવાસમાં જઈ બાળકોને મીઠાઈ વહેંચી આવ્યાં એનો છેલ્લો અહેવાલ આપવા લાગ્યાં ત્યારે પછી બગાસાં ખાવા મંડયો, પણ એણે સાંભળી લીધો.

'શું કંટાળી ગયા ?' પત્ની હસી પડી: 'મન તો ક્યાંક, સરકારના કોઈક નવા ખરીદી–ઓર્ડરમાં જ ભમતું હશે.'

'હા–હા–ઠીક યાદ કર્યું. આજે જ એક નવો ઑર્ડર મળ્યો છે, ને મારે મિનલપુર જવું પડશે કાલે.'

'કેમ ?'

'ત્યાંની મિલમાં એ કાપડનું રંગાટ–કામ કરવાનું છે. મારે એ કલરની મેળવણી બતાવવા જવું પડશે. જર્મન કલર મળતા નથી, ને આ જરા મુશ્કેલ કામ છે.'

'મને તો એમ થાય છે, કે આવાં સરકારનાં લડાઈના કામમાં હાથ કાળા કરતાં તો હમણે કંપનીમાંથી નીકળી જાઓ.'

'એ તો પછી કાળા હાથને સાફ કરી નાખશે.'

'ના, ના, આ કાળો રંગ તો, તમે જર્મનીનું સાયન્સ શીખી આવ્યા છો છતાં પણ નહિ ઊપડે.'

મનોહરલાલ કાપડ રંગાટનું રસાયણ–જ્ઞાન જર્મની જઈ મેળવી લાવ્યા હતા,

મનોહરલાલ કંઈ બોલ્યા નહિ એટલે માણેકબહેને હસતે હસતે કહ્યું: ‘ જ્યાં જાઉં છું ત્યાં લોકો એ જ મેણું મારે છે કે દેશસેવા કરવા નીકળતા પહેલાં પતિ પાસે તો દેશદ્રોહનું કામ છોડાવો !’

‘ તે છોડાવોને શક્તિ હોય તો.’

‘ શક્તિ તો બધી જ અહીં હાર કબૂલી લ્યે છે.’

‘ ત્યારે તો હું લાચાર!’

‘ પણ હું એમ કહું છું કે તમારા અરધી આની ભાગ માટે કંપનીને સાડા પંદર આનાની લૂંટ કરવામાં શીદ મદદ કરો છો?’

‘ હં–’

‘ શું હં–હં કરો છો ? ’

‘ કરો દલીલ. સુધારો મને. હું ક્યાં મોંએ ડૂચો મારું છું ? ’

‘ કાળમીંઢ છો કાળમીંઢ !’

‘ તમે તો જળ છો ને ? પાણી તો મોટા કાળમીંઢ પહાડોને ય ભેદી શકે.

આવા ઉડાઉ જવાબ આપીને એણે પત્નીને ચૂપ કરી દીધી, પણ એની મનોગત વાત એ પ્રકટ ન કરી શક્યો, વળતા પ્રભાતે એ મિનલપુર જવા ઊપડી ગયો.

વિમળા એક વાર એકલી હતી. છોકરાં સિનેમા જોવા

અને માણેકબહેન રચનાત્મક પ્રવૃત્તિ કરવા ગયાં હતાં. સંધ્યાનો કાળ હતો. સરકારી હુકમ પ્રમાણે અંધારપટે નગરીને બિહામણી બનાવી હતી. ઝાંખા માર્ગ-દીવા માથા પર ઢાંકણુ ઓઢી જઈ, ભયભીત ગુનેગારોની પેઠે, ભોંય તરફ જ જોતા હતા. આજુબાજુ કે ઊંચે નજર ન કરવાની એમને કડક આજ્ઞા હતી. ઘરની અંદરની બત્તીઓ પર પણ પરદા હતા. બારીઓ પર અંધારીઓ ઢોળી દેવાઈ હતી. વિમળા રસોડામાં રાંધણું કરતી કરતી મનમાં મરકાતી હતી. કે શું જાપાની વિમાનો એકાદ નાનકડો દીવો દેખીને યે મુંબઈ પર તૂટી પડે તેવી બીક સાચી હશે ? કે સરકારે લોકોમાં ડર થરથરાટી ભરી દેવા જ આ કરામતો કરી હશે ?

બરાબર એ વખતે, બારણા પર ટકોરી વાગી. વાગી નહિ, પણ જાણે કે ચીસ પાડી ઊઠી. આવો ઘંટડી-સ્વર વિમળાએ આટલા દિવસોમાં કદી સાંભળ્યો ન હતો. ઘાટી બહાર ગયો હતો. એણે બારણું ખોલ્યું, ને એક માનવાકાર અંદર દાખલ થયો. વિમળા હેબતાઈ ગઈ. બૂમ પણ એના કંઠમાંથી ન નીકળી શકી.

મોઢાનું જડબું જેનું તૂટી ગયેલું, માંસને લોચો બહાર નીકળી પડેલો, શરીરે લોહીલોહાણ ચહેરો, ફેલ્ટ હૅટ વડે અર્ધો ઢાંકેલો, કોટ પાટલૂનનો લેબાસ, એવો એક માણસ અંદર આવ્યો. વિમળા છેટે હટી ગઈ. આવનારે મજબૂત રીતે કમાડ વાસ્યું.

'અહીં કોઈ નથી.' વિમળાનું મોઢું માંડ ઊઘડ્યું.

'મારી પાછળ પોલીસ છે, મને છુપાવો.' બિહામણો આકાર માંડ માંડ બોલ્યો.

'પણ આંહી નહિ, કોઈ નથી.'

'હું ઘરનો જ છું. હું–હું–વિમળાબહેન, હું ખીમજી.' ફરીથી એ મહામહેનતે આટલા શબ્દો બોલી, આ ઘરમાં પોતે કેટલો પરિચિત અને રજેરજનો જાણકાર હતો એની પ્રતીતિ આપતો આ માણસ—પોતે જુવાન છે કે પ્રૌઢ એટલી પણ ઓળખાણ આપી શકે એ પૂર્વે, આ મકાનના એક અંધારિયા અગોચર નાના મેડા પર ચડી, કોલસાની ગુણીઓ અને દેવદારનાં ખોખાનાં અંગારની નીચે જીવતો દટાઈ ગયો.

હજુ પણ દિગ્મૂઢ ઊભેલી વિમળાએ, કોણ જાણે કેવી યે યંત્રવત્ મનોવસ્થાને વશ બની, એ મેડા પાસેની સીડી ઉપાડી લીધી. અને બીજા એક ખંડમાં લઈ જઈ ઊંચી અભરાઈ પર માંડી, પોતે ઉપર ચડી યંત્રવત્મેલ મૂક કરવા લાગી. સુભાગ્યે ઘરનો ઘાટી કઢી કરવા માટે દહીં ખરીદવા બહાર ગયો હતો એની ગેરહાજરીમાં આ બધું બની ગયું.

ખીમજી!–વિમળાના હૃદય-ધબકાર સહેજ શમ્યા, યાદદાસ્તનાં ડોળાણ ઓસર્યાં, અને એણે ખીમજીને ઓળખ્યો. મિલના ઑફીસનો આ કારકૂન માણેકબહેનને ઘેર સીધું–સામાન ખરીદીને મૂકવા આવતો હતો કોઈ કોઈ વાર. એ અડબૂથ જેવો માણસ આ સાહેબલોકના પોશાકમાં શા માટે? એનું જડબું કોઈ વિચિત્ર જખ્મે ચૂંથાયેલું કેમ? એની

મોટી મૂઝો ક્યાં ગઈ? ક્યું ઘોર કૃત્ય કરીને, ક્યાંથી નાસી છૂટચો હશે? પોલીસ એની પાછળ શા માટે પડી હશે? મીંદડી ચડી જાય એવી ઝડપ ને સ્ફૂર્તિથી એ જખમી માણસ મેડા પર ચડી ગયો હતો! આ બધી શી ભૈરવ–લીલા ચાલી રહી છે! આ આખું ઘર, આ શહેર, આ સમગ્ર દેશ ને દુનિયા, કેમ કોઈ કાવતરાંનાં કાળ–ઠેકાણાં બની ગયાં છે! હું આમાં ક્યાંથી આવી પડી!–નાસીને, ઉપલે મજલેથી નીચે કુદકો મારીને ઝટ ટ્રેનમાં બેસીને પોતાના ગામ ભેળી થઈ જવા એ તલસી ઊઠી.

પાછું કંઈક યાદ આવ્યું. બારણે જઈ બીજો આગળિયો પણ બીડી દીધો, સીડી ઉપાડી, પેલા મેડાને લગાડી, પાણીનો લોટો ભર્યો, સીડી પર ચડી, મેડે સાદ કર્યો, 'ભાઈ, પાણી પીવું છે?'

સામેથી હાથ લંબાયો. લોટો એ હાથે લીધો. પીને પાછો આપ્યો. અવાજ પણ થયો: 'હજુ જોઈએ...'

ફરી મોટો લોટો ભરીને એ ઉપર ચડી. પીનારના કંઠના ઘટકારા એને કાને પડતા હતા. 'હા...શ! મા!' એવો મૂંગો સ્વર સંભળાયો.

ફરી એણે સીડી ઓરડામાં ખેસવી લીધી.

છોકરાં સિનેમા જોઈને આવ્યાં, અને માણેકબહેન પણ તે પછી આવ્યાં. એમની સાથે પેલો દરવાન લૈયો હતો કે જેને વિમળાએ પોતે દેશમાંથી આવેલી તે પ્રભાતે દીઠો હતો, ને તે પછી પણ જ્યારે જ્યારે પોતે નીચે ગઈ ત્યારે

નીચેને દરવાજે ઉભેલો, અગર માણેકબેન કેટલીકવાર બહાર જઈ ઉપર આવેલાં ત્યારે ત્યારે માણેકબહેનનો ખરીદીનો સામાન લઈ ઉપર આવેલો દીઠો હતો. આ રાત્રિયે એણે અંદર આવી, સામાનનાં પડીકાં દીવાનખાનામાં મૂકી, પછી એણે હાથની તાળી પડી.

'કેમ, ભૈયાજી!' માણેકબહેનને આ વિચિત્ર ચેષ્ટાએ ચમકાવ્યાં.

'ના, કંઈ નહિ બેન! એ તો હું ખીમજીને લેવા આવ્યો છું.'

શુદ્ધ ગુજરાતી ભાષાપ્રયોગ! સ્વરમાં પણ પરિવર્તન! આ શું? ભૈયો દરવાન સામે ઊભો ઊભો હસી રહ્યો છે અને પછવાડેના મેડા પર બિલાડીના જેવા ખડખડાટ સંભળાય છે. છુપાયેલો આદમી, ચૂંથાઈ ગયેલ જડએ નીચે ઊતરે છે; એના દિદાર દેખી માણેકબહેન સડક થઈ જાય છે.

'અમે જઈએ છીએ' ભૈયા દરવાને શુદ્ધ સંસ્કારી ગુજરાતીમાં સંભળાવ્યું. 'હવે આ ઘર સલામત નથી. બોમ્બ બનાવતાં ખીમજીની બપોરે આ દશા બની છે. ને એની પાછળ પડેલી પોલીસને મેં જુદે રસ્તે વળાવી છે. પણ હવે હું જાઉં છું. કાલ સવારથી તમે મને નહિ જુઓ, જોઈને ચીડાવાનું નહિ રહે, ફરી કદાચ નહિ મળીએ.'

'પણ, તમે...તમે...કોણ?'

'પિછાનનો આ સમય નથી. હતો તો જાસૂસ, પણ સરકારનો નહિ. અહીં હવે નહિ રહેવાય. પોલીસે

રાક્ષસ-લીલા આદરી દીધી છે. ગઈ કાલે સાંજે, શામળાપુર સ્ટેશને, પંદર છોકરાઓને ખેતરમાં બેસારીને ઠંડે કલેજે ઠાર માર્યા છે. પાણી પાણી પોકારતા જુવાનોને પાણી નથી દીધું. જઈશું બેન.'

એમ બોલી, દૂર ઊભેલા ઘાટી પ્રત્યે આંગળી ચીંધી, ઉમેર્યું: 'એનો ડર રાખશો નહિ. અમારા માયલો જ છે.'

પેલા ખીમજી નામે ઓળખાયેલ માણસને લઈ આ બેદી પુરુષ, વધુ કંઈ બોલ્યા વિના નીચે ઊતરી ગયો.



[illegible]

'કાળચક્ર' ની અપૂર્ણ રહેલી નવલકથાનો છેલ્લો ફકરો લેખકના હસ્તાક્ષરમાં.


સાહિત્યના
પરિષદ